CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૪ જૂન ૨૦૨૫, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ વદ ૧૪

વર્ષ : ૧૬
અંક : ૩૫૨

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### પવિત્ર કૈલાશ માનસરોવર યાત્રા 30 જૂનથી શરૂ થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

કૈલાશ માનસરોવર યાત્રા છેલ્લા પાંચ વર્ષથી બંધ હતી. પરંતુ આ વર્ષે ૩૦ જૂન ૨૦૨૫ થી, આ ધાર્મિક યાત્રા ફરીથી શરૂ થઈ રહી છે, જે ઓગસ્ટ સુધી ચાલુ રહેશે. આ યાત્રા દર વર્ષે પિથોરાગઢ જિલ્લાના લિપુલેખ પાસથી થઈ રહી છે. પરંતુ કોરોના મહામારી (કોવિડ) ને કારણે ૨૦૨૦ થી તે બંધ હતી. કૈલાશ પર્વતને ભગવાન શિવનું નિવાસસ્થાન માનવામાં આવે છે. કૈલાશને ડેમચોકના નિવાસસ્થાન તરીકે ઓળખવામાં આવે છે. કૈલાશ પર્વત પ્રથમ તીર્થંકર ઋષભદેવ સાથે સંકળાયેલ છે. કૈલાશને સ્વસ્તિક પર્વત (ખાસ કરીને તિબેટી બોન ધર્મમાં) તરીકે પૂજવામાં આવે છે. માનસરોવર તળાવને પવિત્ર માનવામાં આવે છે અને તે હિન્દુ ધર્મ સાથે સંકળાયેલું એક મહત્વ પૂર્ણ તીર્થસ્થળ છે. માનસરોવર યાત્રા પ્રાચીન કાળથી ચાલી રહી છે, જેમાં ભક્તો ભગવાન શિવની પૂજા કરે છે અને માનસરોવર તળાવના પવિત્ર પાણીમાં સ્નાન કરવા આવે છે.

### અમુક લોકો બોલ્યા રાખે, હું કંઈ ધ્યાન નથી આપતો

। નવી દિલ્હી, તા.૨૩ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે લીડ્સમાં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટના ત્રીજા દિવસે જસપ્રીત બુમરાહે ૫ વિકેટ ઝડપી હતી. ટેસ્ટ ક્રિકેટમાં ૧૪મી વખત બુમરાહે ૫ વિકેટ ઝડપી છે. ત્યારબાદ બુમરાહે પોતાના ટિકાકારોને જડબાતોડ જવાબ આપ્યો છે, જેમણે તેના વર્કલોડ મેનેજમેન્ટ પર અને તેના ભવિષ્ય વગેરે પર સવાલ ઉઠાવ્યા હતા. બુમરાહે કહ્યું કે, એ મારા હાથમાં નથી કે લોકો મારા વિશે શું લખે છે. બુમરાહે પોતાની બોલિંગથી તો બધાને ચૂપ કરી જ દીધા પરંતુ પોતાના નિવેદનથી પણ તેમને જડબાતોડ જવાબ આપ્યો છે. ઈંગ્લેન્ડની ટોપ ૩ વિકેટ જસપ્રીત ઝડપી છે, તો બોલિંગમાં એકલો યોદ્ધાની જેમ લડી રહ્યો હતો, જોકે, બાદમાં પ્રસિદ્ધ કૃષ્ણા અને સિરાજને પણ વિકેટ મળી. ઈંગ્લેન્ડની પ્રથમ ઈનિંગ ૪૬૫ રન પર સમેટાઈ ગઈ અને ભારતે ૬ રનની લીડ હાંસલ કરી. જસપ્રીત બુમરાહે ૫ વિકેટ ખેરવી.

### ગોવા અને મિઝોરમ બાદ ત્રિપુરા દેશનું ત્રીજુ સંપૂર્ણ સાક્ષર રાજ્ય

। (એજન્સી) ગોવા, તા.૨૩ ।

ગોવા અને મિઝોરમ બાદ ત્રિપુરા ત્રીજુ સંપૂર્ણ સાક્ષરતા ધરાવતું રાજ્ય બન્યું છે. તેનો સાક્ષરતા દર ૯૫.૬ ટકા નોંધાયો છે. છેલ્લા એક દાયકાથી રાજ્યનો સાક્ષરતા દર ૯૦ ટકાથી વધુ રહ્યો હતો. કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ આ અંગે માહિતી આપી હતી. કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રીતિ મીણાએ એક કાર્યક્રમમાં આ અંગે જણાવ્યું હતું કે, મિઝોરમ અને ગોવા બાદ ત્રિપુરા ત્રીજુ સંપૂર્ણ સાક્ષર રાજ્ય બન્યું છે. યુનેસ્કોની ૯૫ ટકા સાક્ષરતા દરની વ્યાખ્યાને અનુરૂપ ત્રિપુરાને સંપૂર્ણ સાક્ષર રાજ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું છે. પિરિયોડિક લેબર સર્વે ૨૦૨૩-૨૪ના રિપોર્ટ અનુસાર, ત્રિપુરાનો સાક્ષરતા દર ૯૩.૭ ટકા નોંધાયો હતો. જો કે, ઉલ્લાસ અભિયાનની વર્તમાન સફળતાના પગલે આ આંકડો વધી ૯૫.૬ ટકા થયો છે.

# શશી થરૂરે પીએમ મોદીની પ્રશંસા કરીને વૈશ્વિક મંચ પર ભારતને એક પ્રાઈમ એસેટ ગણાવ્યું

## થરૂરે વડાપ્રધાનની એનર્જી, ગતિશીલતા અને અન્ય દેશો સાથે જોડાવાની તેમની ઈચ્છા પર વધુ સમર્થન આપવા અપીલ કરી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૨૩ ।

કોંગ્રેસ કાર્યકારી સમિતિ (CWC)ના સદસ્ય શશી થરુરે ફરી એકવાર એવું નિવેદન આપ્યું છે કે, જેનાથી પાર્ટીને ચિંતામાં મૂકી દીધી છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરીને વૈશ્વિક મંચ પર ભારતને એક પ્રાઈમ એસેટ ગણાવ્યું હતું. થરૂરે વડાપ્રધાનની એનર્જી, ગતિશીલતા અને અન્ય દેશો સાથે જોડાવાની તેમની ઈચ્છા પર વધુ સમર્થન આપવા અપીલ કરી છે. કોંગ્રેસ સાંસદ શશી થરુરે ગયા મહિને ઓપરેશન સિંદૂર પછી અમેરિકા, બ્રાઝિલ અને અન્ય ત્રણ દેશોમાં સત્તારુઢ ભાજપના આતંકવાદ વિરોધી



રાજનીતિ અભિયાનનું નેતૃત્વ કર્યું હતું. મીડિયામાં પ્રકાશિત થયેલા એક લેખમાં શશીએ જણાવ્યું હતું કે, સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ સાથે અભિયાનમાં રાષ્ટ્રીય સંકલ્પ અને અસરકારક સંદેશાવ્યવહારની તક મળી હતી. ભારત જ્યારે એક થાય છે, ત્યારે તે સ્પષ્ટતા અને દઢતા સાથે પોતાનો અવાજ ઉઠાવી શકે છે. થરુરે આગળ કહ્યું કે, પ્રતિનિધિમંડળોએ દુનિયાને પહલગામ આતંકી હુમલા પછી ભારતની માપેલી લશ્કરી કાર્યવાહી સમજાવી. આ સાથે પાકિસ્તાન સાથે આતંકવાદના ગાઢ સંબંધો વિશે પણ જણાવ્યું હતું. તેમણે વિશેષ કરીને અમેરિકામાં ભારતીય અને પાકિસ્તાની પ્રતિનિધિમંડળોને એક સાથે પહોંચવાનો પણ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું કે, જ્યારે પાકિસ્તાની પ્રતિનિધિમંડળ પણ ત્યાં હાજર હતું, અમને જાણવા મળ્યું કે, અમેરિકી પ્રતિનિધિઓ અમારી ચિંતાઓ વ્યક્ત કરી રહ્યા હતા અને આતંકવાદી જૂથો સામે નિર્ણાયક કાર્યવાહીને સમર્થન આપી રહ્યા હતા. તથ્યો પર આધારિત અમારી દલીલો ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવી રહી હતી. તેમણે આ આઉટરીચને સફળ ગણાવતા લખ્યું કે, અમે સતત દેશની સરહદ પાર ખતરાની ગંભીરતાને ઉજાગર કરી છે, જેનો એક માત્ર ઉદ્દેશ્ય અપરાધિઓને જવાબદાર ઠેરવવા માટે વૈશ્વિક સહમતિ બનાવવાનો છે. પહલગામ આતંકવાદી હુમલા બાદ નરેન્દ્ર મોદી સરકારના વલણને સમર્થન આપવાના કારણે શશી થરૂર તેમના પોતાના પક્ષના કેટલાક સહયોગીના નિશાન પર છે. તિરુવનંતપુરમથી સાંસદ તરીકે ચૂંટાયા પછી તેમની અને પક્ષ વચ્ચેનો મતભેદ વધ્યા છે.

### પુતિને કહ્યું- ઈરાનને જોઈએ એ મદદ કરીશું

# યુદ્ધમાં અમેરિકા બાદ હવે રશિયાની એન્ટ્રી થઇ

## ઈરાન પર અમેરિકી હુમલા બાદ રશિયાએ સોમવારે ઈરાન હરસંભવ મદદ કરવાની વાત કરી છે

। (એજન્સી) મોસ્કો, તા.૨૩ ।

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે તણાવભરી સ્થિતિમાં અમેરિકા ઈઝરાયલના પડખે આવ્યું છે. તેવામાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને જણાવ્યું કે, અમેરિકા ઈરાનના પરમાણુ ઠેકાણાઓને નિશાનો બનાવ્યા બાદ પણ રશિયા સીધા ઈરાનના બચાવમાં આવવાને બદલે શા માટે સાઈડમાં રહ્યું. રશિયા અને ઈરાન વચ્ચે દાયકાઓથી ગાઢ સંબંધો છે. પુતિને કહ્યું કે, તેઓ આ સંઘર્ષમાં તટસ્થ રહેવાની કોશિશ કરી રહ્યા છે. કારણ કે રશિયન ભાષી લોકો ઈઝરાયલમાં મોટી સંખ્યામાં રહે છે. સેન્ટ પીટર્સગર્બ ઈન્ટરનેશનલ ઈકોનોમિક ફોરમ દરમિયાન પુતિને કહ્યું હતું કે, હું આપનું ધ્યાન એ તરફ આકર્ષિત કરવા ઉચ્છુ કે, પૂર્વ સોવિયત સંઘ અને રશિયન સંઘના બે મિલિયન લોકો ઈઝરાયલમાં રહે છે. જે આજે રશિયન ભાષી દેશ છે. અને



અલબત્ત, રશિયાના સમકાલીન ઈતિહાસમાં આપણે હંમેશા આ વાત ધ્યાનમાં રાખીએ છીએ.

રશિયામાં પોતાના સહયોગી પ્રત્યેની વફાદારી પર સવાલ ઉઠાવનારા ટીકાકારોને જવાબ આપતા પુતિને કહ્યું કે, અરબી અને ઈસ્લામી બંને દેશો સાથે રશિયાના સંબંધો ઘણા સમયથી મૈત્રીપૂર્ણ રહ્યા છે. જેમાં રશિયાની ૧૫ ટકા વસ્તી મુસ્લિમ છે. રશિયા ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન (OIC) માં પણ નિરીક્ષક છે. અમેરિકા દ્વારા ૧૪૦૦૦ કિલોગ્રામના બંકર-બસ્ટર બોમ્બ અને ઓપરેશન મિડનાઈટ હેમરને અંજામ આપ્યા બાદ પુતિનનું નિવેદન સામે આવ્યું હતું. અમેરિકા દ્વારા ઈરાનના પ્રમુખ સૈન્ય ઠેકાણાઓ ફોર્ડો, નતાંજ અને ઈસ્ફહાન પર હુમલા કરાયા હતા. જ્યારે ટ્રમ્પે હુમલાને એક શાનદાર સૈન્ય સફળતા બતાવી અને દાવો કર્યો કે, ઈરાનના મુખ્ય પરમાણુ સંવર્ધન સુવિધાઓ સંપૂર્ણ રીતે નષ્ટ થઈ ગઈ છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાક્ચીએ કહ્યું કે, જ્યાં સુધી જવાબી કાર્યવાહી ન કરે ત્યાં સુધી દેશ શાંતિ મંત્રણા કે રાજદ્વારીમાં પરત નહીં આવશે. અગાઉ પુતિને ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ કરારમાં મધ્યસ્થી કરવાની ઓફર કરી હતી. જોકે, ડોનાલ્ડ ટ્રમ્પે આ ઓફરને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે, મારા પર એક અહેસાન કરો, તમે તમારી જાતે મધ્યસ્થી કરો. પહેલા રશિયા સાથે મધ્યસ્થી કરીએ.

### કેરળની એક બેઠક પર કોંગ્રેસનો વિજય

# પશ્ચિમ બંગાળની કાલીગંજ બેઠક પર ટીએમસીની જીત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

દેશમાં ચાર રાજ્યોની પાંચ વિધાનસભા બેઠકો પર યોજાયેલી પેટા ચૂંટણીના આજે પરિણામો આવી ગયા છે. આ પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ઉમદા દેખાવ કર્યો છે. AAP એ બે બેઠકોમાં જીત મેળવી છે. જ્યારે ભાજપને નિરાશા હાથ લાગી છે. પેટાચૂંટણીમાં ભાજપ માત્ર એક જ બેઠક પર પોતાના નામ કરી શકી છે. કેરળની એક બેઠક પર કોંગ્રેસે, પશ્ચિમ બંગાળમાં ટીએમસીએ બેઠક પર કબજો કર્યો હતો. ચાર રાજ્યોની પાંચ વિધાનસભા બેઠકો પર યોજાયેલી પેટા ચૂંટણીમાં ભાજપે માત્ર ગુજરાતમાં જ જીત મેળવી છે. ભાજપનો ગઢ ગણાતા ગુજરાતમાં બે વિધાનસભા બેઠક પર યોજાયેલી પેટા ચૂંટણીમાંથી માત્ર કડીની બેઠક પર ભાજપે જીત મેળવી છે. જ્યારે વિસાવદરમાં આપનું ઝાડુ ચાલ્યું છે. મહેસાણા જિલ્લાની કડી બેઠક પર ભાજપ ના રાજેન્દ્ર ચાવડાએ ૩૯૪૫૨ મત સાથે જીત મેળવી હતી. જ્યારે વિસાવદરમાં ૧૭૫૫૪ મત સાથે ભાજપના કિરીટ પટેલને હરાવી ગોપાલ ઈટાલિયાએ વર્ચસ્વ જમાવ્યું હતું. ફેબ્રુઆરીમાં ભાજપ ધારાસભ્ય કરસન સોલંકીના નિધન બાદ કડીની ખાલી પડેલી બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ હતી.

કેરળના નીલાંબુર વિધાનસભા બેઠક પર યોજાયેલી પેટા ચૂંટણીમાં UDF ઉમેદવાર અને કોંગ્રેસ નેતા આર્યદાન શૌકતે જીત હાંસલ કરી હતી. તેમણે CPI (M)ના એમ. સ્વરાજને ૧૧૦૭૭ મતથી હરાવ્યા હતાં.

### ભગવાને જેટલું આપ્યું તેનાથી હું ખુશ છું : રોહિત શર્મા

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

ટીમ ઈન્ડિયાના દિગ્ગજ બેટર રોહિત શર્માએ ૭ મે ૨૦૨૫ના રોજ ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લઈ લીધો છે. રોહિત ૨૦ ઈન્ટરનેશનલ પહેલા જ અલવિદા કહી ચૂક્યા છે. તેઓ ભારતીય ટીમ માટે હવે માત્ર વનડે ક્રિકેટ માટે જ રમશે. રોહિત શર્માએ ટેસ્ટમાંથી રિટાયરમેન્ટ લીધા પછી શુભમન ગિલને સૌથી મોટા ફોર્મેટમાં ભારતીય ટીમની કેપ્ટનશીપ સોપવામાં આવી છે. શુભમન ઈંગ્લેન્ડ સામે લીડ્સ ટેસ્ટ દ્વારા ટેસ્ટ કેપ્ટનશીપમાં ડેબ્યૂ કર્યું છે.

### તું શું પ્લેન ચલાવીશ, જા જૂતાં-ચંપલ સાફ કર

# ઈન્ડિગોના ત્રણ અધિકારીઓ પર જ્ઞાતિવાદના આરોપ બાદ FIR

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ઈન્ડિગો એરલાઈન્સના ત્રણ અધિકારીઓ પર જ્ઞાતિવાદ કરવાના આરોપ લાગ્યા છે. આ આરોપો કંપનીના જ એક ટ્રેની પાયલટે લગાવ્યા છે.

પોલીસમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર, ઈન્ડિગોના ત્રણ અધિકારીઓ ટ્રેની પાયલટને તેની જ્ઞાતિને લઈને અપશબ્દોનો ઉપયોગ કરતા હતા. તે કહેતા કે, તું શું વિમાન ઉડાવીશ. પાછો જા અને જૂતાં-ચંપલ સાફ કરવાનું શરૂ કરી દે. હાલ આ મામલે હરિયાણાના ગુરુગ્રામ ઉદ્યોગ વિહાર ફેઝ-૧ પોલીસ તપાસ કરી છે. અહેવાલો અનુસાર, પીડિત ટ્રેની પાયલટનું નામ શરણ કુમાર છે. આરોપી અધિકારીઓના નામ તાપસ ડે, મનીષ સાહની અને કેપ્ટન રાહુલ પાટીલ છે. આ ઘટના ઈન્ડિગોની ગુરુગ્રામ ઓફિસમાં ૨૮મી એપ્રિલના રોજ બની હતી. ઈન્ડિગોના અધિકારીઓએ ટ્રેની પાયલને મીટિંગ માટે બોલાવ્યા. આ મીટિંગ દરમિયાન ટ્રેની પાયલટ શરણ કુમારને અધિકારીઓએ કહ્યું હતું કે, તું શું વિમાન ઉડાવીશ. પાછો જા અને જૂતાં-ચંપલ સાફ કરવાનું શરૂ કરી દે.

### ઈરાને પણ મિસાઈલો છોડી

# અમેરિકા બાદ ઈઝરાયલનો ફોર્ડો ન્યુક્લિયર સાઈટ ઉપર હુમલો

## ઈરાને સરકારી ટીવીમાં જણાવ્યું હતું કે, ફોર્ડો સ્થિત પરમાણુ મથક સોમવારના હુમલામાં પ્રભાવિત થયું છે

। (એજન્સી) તહેરાન, તા.૨૩ ।

અમેરિકા બાદ હવે ઈઝરાયલ તરફથી ઈરાનના ફોર્ડો સ્થિત અંડરગ્રાઉન્ડ પરમાણુ મથક પર હુમલો થયો છે. જેનો વળતો જવાબ આપતાં ઈરાને ઈઝરાયલ પર મિસાઈલ અને ડ્રોનનો વરસાદ કર્યો છે. ઈરાને અમેરિકાને ખુલ્લેઆમ ચેતવણી આપી છે કે, ડોનાલ્ડ ટ્રમ્પ સરકાર દ્વારા કરવામાં આવેલા પરમાણુ મથકો પર હુમલાના કારણે અમને અમેરિકાના સૈન્ય મથકો પર હુમલો કરવાની છૂટ મળી છે. રવિવારે અમેરિકાએ ઈરાનના ત્રણ પરમાણુ મથક પર હુમલો કરી યુદ્ધમાં એન્ટ્રી લીધી હતી.

ઈરાનની રાજધાની તેહરાન અને તેની આસપાસના વિસ્તારોમાં ઈઝરાયલની એરસ્ટ્રાઈક ચાલુ જ છે. ઈરાનના પરમાણુ મથકોને ટાર્ગેટ બનાવાઈ રહ્યા છે. વિયેનામાં ગ્રોસીએ જણાવ્યું કે, છઈછ સહિત કોઈપણ હજી સુધી ફોર્ડો પરમાણુ મથક પર થયેલા નુકસાનની આંકલન કરવાની સ્થિતિમાં નથી. ઈરાને સરકારી ટીવીમાં જણાવ્યું હતું કે, ફોર્ડો સ્થિત પરમાણુ મથક રવિવારના હુમલામાં પ્રભાવિત થયુ છે. સોમવારે ફરી આ મથક પર હુમલો થયો હતો. આ હુમલો કોણે કરાવ્યો અને કેટલું નુકસાન થયુ તેની માહિતી નથી.

### ૨૮૫ મુસાફરો સાથેનું વધુ એક વિમાન દિલ્હી પહોંચ્યું

# ઓપરેશન સિંધુ હેઠળ ઈરાનથી ૧૭૧૩ નાગરિકો વતન પરત ફર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ઈઝરાયલ અને ઈરાન યુદ્ધ વચ્ચે ભારતના ઓપરેશન સિંધુ હેઠળ અત્યાર સુધીમાં કુલ ૧૭૧૩ ભારતીયોને ઈરાનમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. ઈરાનના મશહદથી બીજું વિમાન રવિવારે (૨૨મી જૂન) રાત્રે ૨૮૫ નાગરિકોને લઈને નવી દિલ્હી પહોંચ્યું. અગાઉ ૨૧મી જૂને ૬૦૦ ભારતીયો, ૨૦મી જૂને ૪૦૭ અને ૧૯મી જૂને ૧૧૦ અને પછી ૩૧૧ ભારતીયો દિલ્હી પહોંચ્યા હતા. કેન્દ્રીય વિદેશ રાજ્યમંત્રી પાબિત્રા માર્ગેરિટાએ જણાવ્યું હતું કે, ઈરાનથી ૨૮૫ ભારતીય નાગરિકોને લઈને એક ખાસ વિમાન નવી દિલ્હી પહોંચ્યું છે. તે વિમાનમાં ૨૮૫ ભારતીય નાગરિકો સવાર હતા, જે મુખ્યત્ત્વે ૧૦ રાજ્યો બિહાર, જમ્મુ અને કાશ્મીર, દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્રના હતા. ઈરાનથી બહાર કાઢવામાં આવેલા ભારતીય નાગરિકોની કુલ સંખ્યા હવે ૧૭૧૩ પર પહોંચી ગઈ છે. અમે આગામી ૨ દિવસ માટે ઈરાનથી ૨-૩ વધુ ફ્લાઈટ્સનું આયોજન કર્યું છે.

### પેન્ટાગોનના પૂર્વ અધિકારીનો દાવો

# સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ કરવું ઇરાન માટે આત્મઘાતી પગલું સાબિત થશે

। (એજન્સી)પેન્ટાગોન, તા.૨૩ ।

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધ વધુ ભીષણ બન્યું છે. ઈરાન પર અમેરિકાની એર સ્ટ્રાઈક બાદ તણાવ વધુ ચરમસીમા પર પહોંચી ગયો છે. ત્યારે હવે આ વચ્ચે એવી અટકળોએ જોર પકડ્યું છે કે, ઈરાન પોતાના નિયંત્રણ હેઠળના સ્ટ્રેટ ઓફ હોર્મુઝને બંધ કરી શકે છે અને તેની તરફથી સતત આ ધમકીઓ આપવામાં આવી રહી છે, જે સમગ્ર વિશ્વ માટે મોટો ઝટકો છે. પરંતુ આ અંગે યુએસ પેન્ટાગોનના એક પૂર્વ અધિકારીએ મોટો દાવો કર્યો છે અને કહ્યું છે કે, 'આ ઈરાન માટે આત્મઘાતી પગલું સાબિત થશે અને ખાસ કરીને ચીન ઈરાનને હોર્મુઝ બંધ કરવા નહીં દેશે.'

એક અહેવાલ પ્રમાણે ભલે ઈરાન હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરવાની ધમકી આપી રહ્યું હોય, પરંતુ પેન્ટાગોનના પૂર્વ અધિકારી માઈકલ રુબિનનું કહેવું છે કે આ પગલું આત્મઘાતી હશે અને વોશિંગ્ટનથી લઈને બેઈજિંગ સુધી દરેક વ્યક્તિ આ સારી રીતે જાણે છે.

વાસ્તવમાં ઈરાનના ત્રણ પરમાણુ ઠેકાણાઓ પર અમેરિકા-ઈઝરાયલની એર સ્ટ્રાઈક બાદ તણાવ વધવાની સાથે જ તેહરાને એક મોટી ચેતવણી જારી કરી છે, જેના હેઠળ હોર્મુઝ સ્ટ્રેટ થોડા જ કલાકોમાં બંધ કરવામાં આવી શકે છે.

જોકે, લશ્કરી વિશ્લેષકો અને વ્યૂહાત્મક નિષ્ણાતો આ અંગે શંકા વ્યક્ત કરી રહ્યા છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ એક સાંકડો દરિયાઈ ચોકપોઈન્ટ છે અને વ્યૂહાત્મક રીતે વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ તેલ માર્ગોમાંનો એક છે, જેના દ્વારા દરરોજ લગભગ ૨૦ મિલિયન બેરલ તેલ ટ્રાન્સપોર્ટ થાય છે.

# પહલગામ હુમલા બાદ જાહેર કરવામાં આવેલા સ્કેચ હુમલાખોરોના છે જ નહીં

## અંજામ આપનારા આતંકવાદીઓ પાકિસ્તાનના રહેવાસી હતા અને તેઓ લશ્કર-એ તૈયબા સાથે જોડાયેલા હતા

। (એજન્સી) જમ્મુ, તા.૨૩ ।

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલામાં મોટો ઘટસ્ફોટ થયો છે. સુરક્ષા દળો જે પોસ્ટરના આધારે આતંકવાદીઓની શોધ કરી રહી છે, તે પોસ્ટર હુમલો કરનારા આતંકવાદીઓના છે જ નહીં. નેશનલ ઈન્ટેલિજન્સ એજન્સી(NIA)ને ગઈકાલે મોટો પુરાવો મળ્યો છે. જેમાં હુમલાને અંજામ આપનારા આતંકવાદીઓ પાકિસ્તાનના રહેવાસી હતા. તેઓ પ્રતિબંધિત આતંકી જૂથ લશ્કર-એ તૈયબા સાથે જોડાયેલા હતા. આ ખુલાસો આતંકવાદીઓને મદદ કરનારા બે કાશ્મીરી નાગરિકો પરવેજ અહમદ જોથર અને બશીર અહમદ જોથરે કર્યો છે. આ બંને જણ પર આતંકવાદીઓને આશ્રય, ભોજન સહિતની અન્ય સુવિધાઓ પૂરી પાડી હોવાનો આરોપ છે. NIAને આ બંને આરોપીએ જણાવ્યું હતું કે, ૨૦ એપ્રિલની રાત્રે ત્રણેય આતંકવાદીઓ અમારા ઘરે પહોંચ્યા હતાં. જ્યાં તેમણે ભોજન, પૈસા અને કોઈને પણ જાણ ન કરવાની ધમકી આપી હતી. આ હુમલા બાદ જમ્મુ-કાશ્મીર પોલીસે જે ત્રણ સંદિગ્ધ (હાશિમ મૂસા, અલી ભાઈ ઉર્ફ તલ્હા અને આદિલ હુસૈન ઠોકર) આતંકવાદીના સ્કેચ જાહેર કર્યા હતાં. તે ખોટા છે. વાસ્તવમાં પહલગામ હુમલામાં સામેલ આંતકવાદીઓમાંથી એકનું નામ સુલેમાન શાહ છે. જેણે ગતવર્ષે એક સુરંગ પર આતંકી હુમલો કર્યો હતો. આ હુમલામાં સાત મજૂરોના મોત થયા હતા. સુલેમાનના સાથીદાર જુનૈદ રમઝાન ભાટ ૪ ડિસેમ્બરના રોજ માર્યો ગયો હતો. તેના ફોનમાંથી મળી આવેલી તસવીરોમાંથી પહલગામ હુમલાના હુમલાખોરોની ઓળખ થઈ છે. NIA અને કેન્દ્રીય એજન્સીઓએ હુમલા બાદ ત્રણ આતંકવાદીઓના પોસ્ટર જાહેર કર્યા હતા. જો કે, પરવેઝ અને બશીરે તે હુમલાખોરો ન હોવાનું જણાવ્યું છે. તેમણે જુનૈદના ફોનમાંથી મળી આવેલી તસવીરોમાંથી આતંકવાદીની ઓળખ કરી છે. તેઓ કાશ્મીરી નહીં પણ પાકિસ્તાનના નાગરિક છે. NIAએ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA), ૧૯૬૭ની કલમ ૧૯ હેઠળ બંને સ્થાનિક આરોપીની ધરપકડ કરી છે. પ્રવક્તાના જણાવ્યા અનુસાર, 'પરવેઝ અને બશીરે જાણી જોઈને હુમલાખોરોને પોતાના ઘરમાં આશરો આપ્યો હતો.

# આણંદ જિલ્લામાં ફરતા પશુ દવાખાનાની સેવા અબોલ પશુઓ માટે બની સંજીવની



। (માહિતી) આણંદ, તા.૨૩ ।

રાજ્ય પશુપાલન વિભાગ અને EMRI ગ્રીન હેલ્થ સર્વિસના સહયોગથી ચાલાતી સેવા 1o ગામ દીઠ ફરતું પશુ દવાખાનાની સેવાને આજ રોજ ૫ વર્ષ પૂર્ણ થયાં છે.

૫ વર્ષ પૂર્વે એટલે કે ૨૨ જૂન 2o2oના સમયમા આ જ દિવસે આણંદ જિલ્લામા શરૂઆતના સમયમાં માત્ર ૨ ફરતા પશુ દવાખાના સાથે આણંદ જિલ્લાના પૂર્વ કલેકટર શ્રી દિલીપકુમાર રાણા અને તે સમયના નાયબ પશુ નિયામક ડૉ સ્નેહલ પટેલના વરદહસ્તે કરવામાં આવ્યું હતુ. ૦૫ વર્ષ વીતતા ગયા અને આ સેવા લોકોના મુખે અમૃત બની ગઈ, અને આને આ સેવા સંજીવની બની છે.આ પાંચ વર્ષ દરમિયાન આણંદ જિલ્લામા કુલ ૭ નવા ફરતા પશુ દવાખાના ચાલુ થયાં છે. જેમાં આણંદ તાલુકામા નાપાડ (તળપદ) અને મોગર બે ફરતા પશુ દવાખાના, ઉમરેઠ તાલુકા મા એક પણસોરા ગામે ફરતા પશુ દવાખાનું, આંકલાવ તાલુકા મા એક બામણગામ ખાતે ફરતા પશુ દવાખાનું, પેટલાદ તાલુકા મા એક પાલજ ગામે ફરતા પશુ દવાખાનું, ખંભાત તાલુકામાં ૨ રાલજ અને જીણજ ગામે ફરતા પશુ દવાખાનું કાર્યરત છે. અત્યાર સુધીમાં પાંચ વર્ષ દરમિયાન પશુ ચિકિત્સકો દ્વારા ૧,૩૩,૨૧૨ જેટલાં માલિકીના પશુઓની નિઃશુલ્ક સારવાર કરવામાં આવી છે. જેમાં શિડ્યુલ પ્રમાણે ગામમાં જઈને 1,22,3o5 પશુ તથા ઈમરજન્સી કોલ આવ્યા હોય તે મુજબના 1o,9o7 જેટલાં અબોલ પશુઓનો જીવ બચવામાં આવ્યા છે.

નાયબ પશુ પાલન નિયામક ડૉ મેહુલ પટેલ, ડૉ વરુણ પટેલ, પોજેક્ટ ઈન્ચાર્જ જૈમિલ દવે દ્વારા આ કામગીરી કરવામાં આવી રહી છે.

### હાઉસ કીપિંગ નોકરીના બહાને ચીટરોએ નાણાં ખંખેર્યા હતા

# નોકરીની લાલચે થાઈલેન્ડ ગયેલા પોરબંદરના ૧૯ યુવા-યુવતીઓ ભારત પરત ફર્યા

### ઇન્ડિયન કોમ્યુનિટી બધાની વહારે આવી, મહિપતસિંહ ફાઉન્ડેશને તમામની પ્લેન ટિકિટની વ્યવસ્થા કરી

। (એજન્સી) પોરબંદર, તા.૨૩ ।

પોરબંદરના ૧૯ યુવક યુવતીઓને હાઉસ કીપિંગનોકરી અપાવવાની લાલચ આપી થાઈલેન્ડ લઈ જવાયા હતા અને ત્યાં રસ્તે રઝડતા કરી દેવાયા હતા. આ તમામ રવિવારે મોડી રાત્રે અમદાવાદ આવી પહોંચ્યા છે.



હવે પોરબંદર રૂઆવ્યા બાદ તેમની સાથે છેતરપિંડી કરનારાઓ સામે વિધિવત રીતે પોલીસ ફરિયાદ દાખલ થશે. તેમ જાણવા મળ્યું છે. પોરબંદર શહેર અને આજુબાજુના ગામડાના ૧૯ યુવક-યુવતીઓને થાઈલેન્ડમાં હોટલ અને હાઉસ કીપિંગની નોકરીના બહાને ચીટરોએ સાડા ત્રણ લાખથી ચાર લાખ રૂપિયા ખંખેરીને રસ્તે રઝળતા કરી દીધા હતા. ત્યારે ઈન્ડિયન કોમ્યુનીટીના લોકોએ તેમને ત્યાં મદદ પૂરી પાડી હતી. બીજી બાજુ મહિપતસિંહ ચૌહાણ ફાઉન્ડેશન નામની સંસ્થા દ્વારા તમામ યુવક-યુવતીઓની ટિકિટની વ્યવસ્થા કરી દેવામાં આવતા રવિવારે બપોરે ૧૨.૩૦ કલાકે ફલાઈટમાં તેઓ ઈન્ડિયા આવવા રવાના થયા હતા. અને મોડી રાતે તેઓ અમદાવાદ આવી પહોંચ્યા હતા.

થાઈલેન્ડના પટાયા ખાતે નોકરીના બહાને લાખો રૂપિયા ચૂકવીને બે મહિના પહેલા ગયેલા ૧૯ જેટલા યુવક-યુવતીઓને નોકરી અપાવાઈ નથી. તેથી તેઓ ત્યાં ફસાઈ ગયાનો વિડીયો સોશયલ મીડિયામાં વાયરલ કરતા થાઈલેન્ડમાં વસતી ઈન્ડિયન કોમ્યુનીટી દ્વારા તેમને પૂરતી મદદ કરવામાં આવી હતી. એ પછી મહિપતસિંહ ચૌહાણ ફાઉન્ડેશન નામની સંસ્થા પણ તેમની મદદે આવતા તેઓ વતન પોરબંદર પહોંચી જાય એવી વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. મૂળ પોરબંદર તથા હાલ સાયપ્રસ રહેતા એક શખ્સ અને એક પંજાબી શખ્સ દ્વારા તેઓને હોટલમા ઉતારીને પટાયા અને બેંગકોકમાં નોકરીના બહાને લઈ જવાયા હતા ને લાખો રૂપિયા પડાવી દેવાયા હતા. તેથી તેઓની સામે પોરબંદર આવ્યા બાદ વિધિવત રીતે પોલીસ ફરિયાદ દાખલ થશે. તેમ જાણવા મળ્યું છે

## ગુજરાતના ૨૦૬ ડેમમાં નવા નીરની આવક થઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે, ત્યારે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના અનેક જિલ્લામાં આવેલા નદી-ડેમ છલકાયા છે. હવામાન વિભાગે આજે રવિવારે (૨૨ જૂન) સાંજે ૫ વાગ્યા સુધીમાં રાજ્યમાં ચોમાસાની સ્થિતિ અને ડેમને લઈને આંકડાકિય માહિતી જાહેર કરી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૯ તાલુકામાં સરેરાશ ૧૫.૦૪ મિ.મી. વરસાદ પડ્યો છે. જ્યારે રાજ્યમાં ધોધમાર વરસાદને પગલે ૨૦૬ ડેમમાં નવા નીરની આવક થઈ છે. જેમાં ૮ ડેમ ૧૦૦ ટકા ભરાયા છે અને ૧૪ જેટલાં ડેમો હાઈ એલર્ટ પર છે, ત્યારે ચાલો જાણીએ કયા ડેમની શું છે સ્થિતિ. હવામાન વિભાગ મુજબ, આજે ૨૨ જૂનની સાંજે ૪ વાગ્યા સુધીના રિપોર્ટ પ્રમાણે નર્મદા ડેમની સ્થિતિની વાત કરીએ તો, ૪૫૪.૯૮ ફૂટ સંપૂર્ણ જળાશય સ્તર અને ૩૮૯.૯૬ ફૂટ હાલનું પાણીનું સ્તર છે. જેમાં ૮ ડેમ ૧૦૦ ટકા ભરાયા છે.

### બોટાદના યુવાને દોઢ વર્ષ પૂર્વે પ્રેમ લગ્ન કર્યા હતા

# પ્રેમ લગ્ન કરતાં સાળા સહિત ૪ શખ્સે બનેવીનું અપહરણ કરી કાસળ કાઢી નાખ્યું

### પ્રેમ લગ્ન કર્યાની દાઝે ત્રણ દિવસ પૂર્વે કારમાં અપહરણ કરી લઇ ગયા, સાયલા નજીક લોહિયાળ હાલતે યુવાનનો મૃતદેહ મળી આવ્યો

। (એજન્સી) ભાવનગર, તા.૨૩ ।

મિત્ર સાથે બોટાદથી મોરબી જતાં બનેવીનું પ્રેમ લગ્નની દાઝમાં સાળા સહિતના ચાર શખ્સોએ કાસળ કાઢી નાંખ્યું હતું. ચારેય હત્યારાએ ફિલ્મી ઢબે બનેવીની કારનો પીછો કરી ત્રણ દિવસ પૂર્વે તેનું સરાજાહેર અપહરણ કરી કરપીણ હત્યા કરી ફરાર થઈ ગયા હતા.પોલીસે સાયલા નજીકના જંગલ વિસ્તારમાંથી યુવાનના મૃતદેહનો કબ્જો લઈ ચારેય હત્યારાની શોધખોળ શરૂ કરી છે.

બોટાદના ગઢડા રોડ સરકારી નિશાળ પાછળ ક્રિષ્નાનગરમાં રહેતા પિન્ટુ દિલિપભાઈ ઓળકિયાએ દોઢ વર્ષ પૂર્વે પાળીયાદ રોડ ઉપર રહેતા અજીતભાઈ ખાચરની પુત્રી સેજલ સાથે પ્રેમલગ્ન કર્યાહતા. તેવામાં ગત તા.૧૯ના રોજ પિન્ટુ અને તેના મિત્ર હરેશ સાપરા સાથે મિત્રની કાર લઈને મોરબી જવા માટે નિકળ્યા હતા ત્યારે,પરિણીતાના ભાઈ ઉદય અજીતભાઈ ખાચર ઉપરાંત તેના કુટુંબી ભાઈ કુલદિપ ખાચર (રહે.મોટા માત્રા તા.વિંછિયા), ચેતન ઉર્ફે ચેતો પ્રજાપતી (રહે. બોટાદપરા) તથા એક અજાણ્યા ઈસમે કાળા કલરની ફોર વ્હીલ કારમાં આવી પિન્ટુની ગાડીને હાઈવે રોડ ઉપર ઉભી રખાવવાનો પ્રયાસ હતો. અને હાઈ-વે પર સાયલા જવાના રસ્તે કાર આડી રાખી પિન્ટુની કારને અટકાવી હતી.

કારમાં સવાર હરેશ નીચે ઉતરતાં તેમની કારનો પીછો કરનાર નંબર પ્લેટ વગરની કારમાંથી બે અજાણ્યા બુકાનીધારી પાઈપ તથા છરી સાથે ઉતરતાં પિન્ટુ તેના મિત્ર હરેશને ત્યાં છોડીને કાર લઈ ભાગ્યો હતો. જેની પાછળ બુકાનીધારી સહિતનાએ કાર ચલાવી પીછો કર્યો હતો. જો કે, હરેશ અન્ય વાહન મારફતે નાના છૈડા ગામે પહોંચ્યા ત્યારે પિન્ટુ જે કારમાં હતો તે કારના કાચ,દરવાજા તૂટેલી હાલતમાં બિનવારસી હાલતે મળી આવી હતી, પરંતુ પિન્ટુ મળી આવ્યો ન હતો.બનાવ અંગે પાળિયાદને જાણ કરવામાં આવતાં પોલીસે અપહ્ય યુવાનની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાનમાં બનાવના આજે ત્રીજા દિવસે મોડીસાંજે સાયલા તાલુકાના નઢાળા ગામની સીમ, જંગલ વિસ્તારમાંથી તેનો લોહિયાળ હાલતે મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે તેનો કબ્જો લઈ યુવાન પિન્ટુના ભાઈ વિપુલભાઈની ફરિયાદના આધારે ચાર અપહરણકર્તાઓ વિરૂદ્ધ અપહરણ અને હત્યા સહિતની કલમ અન્વયે ગુનો નોંધ્યો છે અને હત્યારાઓને ઝડવી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. બનાવને લઈ સ્થાનિક વિસ્તારમાં ભારે ચકચાર મચી છે.

### ઓનલાઈન જુગારમાં દેવું વધી ગયું હતું

# યુવકનો મિત્રના માતા-પિતાને ચપ્પુ બતાવી લૂંટવાનો પ્રયાસ

। (એજન્સી) અંકલેશ્વર, તા.૨૩ ।

ઓનલાઈન જુગાર માં દેવું વધી જતા યુવાન લૂંટ કરવા મિત્રના ઘરમાં જ ચપ્પુ લઈ તેના માબાપને ગોલ્ડ આપવા માંગ કરી હોવાની ચોંકાવનારી ઘટના અંકલેશ્વરમાં બની હતી. જોષી દંપતી એ બુમાબુમ કરતા ઉભી પૂંછડીએ યુવાન ભાગી શ્રી દર્શન સોસાયટી નજીક આવેલ ઊંડી કાંસમાં કૂદી પડ્યો હતો.અંકલેશ્વર ગુરુદ્વારા પાસે હસ્તી તળાવ રોડ પર રહેતો સોનુ કુમાર રામબાબુ કેસરી મોબાઈલ રીપેરીંગ વર્ક કરે છે. પણ આ જ મોબાઈલ રીપેરીંગ વર્ક દરમિયાન ઓનલાઈન ગેમિંગ નું ઘેલું લાગતા માથે દેવું ચઢી ગયું હતું. દેવું ઉતારવા પોતાની જોડે શાળા માં જ અભ્યાસ કરતા અને શ્રી દર્શન સોસાયટી માં રહેતા મિત્ર દેવાંશના ઘરે પહોંચી ગયો હતો. તેના માતા પિતા વિશાલ ભાઈ જોશી અને ખ્યાતિ જોડે રૂમમાં જમવા બેઠા હતા. તે દરમિયાન અચાનક રેનકોટ અને મોઢા પર કાળાનું કાપડ બાંધી દીવાલ કુદી અંદર પ્રવેશ્યો હતો અને સીધો જ બેડરૂમ માં જમી રહેલા ખ્યાતિ બેન ના ગળા પર ચપ્પુ લગાવી ને ગોલ્ડ હોય તો કાઢી આપો કહેતા ગભરાયેલા બૂમ પાડતા જ બેડરૂમ માંથી દોડી આવી નલિન ભાઈ પાસે ધસી આવ્યો હતો અને તેના ગળા પર ચપ્પુ મૂકી દીધું હતું. જો કે હિંમતભેર વિશાલ ભાઈ અને ખ્યાતિ બેન બુમાબુમ કરતા જ સોનુ કુમાર કેસરી ભાગીને કાંસમાં કૂદી પડ્યો હતો. આ દરમિયાન પોલીસ આવી જતા ચપ્પુ ની પરવા કર્યા વગર યુવક પર તરાપ મારી પકડી પાડ્યો હતો.

# ONGCની મહિલા અધિકારીને ડીજીટલ એરેસ્ટ કરીને ઠગાઇ

### મહિલાના તેમજ તેની માતાના બેંક એકાઉન્ટમા નાણાંકીય વ્યવહાર તપાસવા નામે આરટીજીએસથી ૧.૩૬ કરોડ ટ્રાન્સફર કરાવાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

ટ્રાઇ, સીબીઆઇ કે ઈડીના અધિકારીના નામે કોલ કરીને ડીજીટલ એરેસ્ટ કરીને કરોડો રૂપિયા પડાવતી ગેંગથી બચવા માટે સાયબર ક્રાઈમ સતર્ક રહેવા માટે અનેકવાર સુચનો કરે છે. તેમ છતાંય, હજુપણ અનેક લોકો છેતરાઇ જઇને કરોડો રૂપિયા ગુમાવે છે. ગોતામાં રહેતા અને ઓએનજીસીમાં ફરજ બજાવતા મહિલા અધિકારીને ડીજીટલ એરેસ્ટ કરીને છેતરપિંડી કરતી ગેંગ દ્વારા રૂપિયા ૧.૩૬ કરોડની માતબર રકમ પડાવી લીધી હતી. ગઠિયાઓએ મહિલાને ટ્રાઇના અધિકારી તરીકે ફોન કરીને બેંક એકાઉન્ટમાં મની લોન્ડરીંગની બે કરોડની રકમ હોવાનું કહીને સમગ્ર કૌભાંડ આચર્યુ હતું.

આ અંગે સાયબર ક્રાઇમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. શહેરના ગોતામા વિસ્તારમાં રહેતા ત્રિવેણીબેન પટેલ ચાંદખેડા ઓએનજીસીમાં સિનિયર આસીટન્ટ તરીકે નોકરી કરે છે. ગત ૩૧મી મે ના રોજ તેમને અજાણ્યા મોબાઇલ નંબરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે તેમને કહ્યું હતું કે તે ટેલીકોમ રેક્યુલેટર ઓથોરીટીમાંથી વાત કરે છે. તમારો ફોન બે કલાકમાં બંધ થઇ જશે. થોડીવાર પછી પોલીસના ડ્રેસ પહેરેલા વ્યક્તિએ સીબીઆઇના અધિકારી તરીકે ઓળખ આપીને કહ્યુ હતું કે તમારા કેનેરા બેંકના એકાઉન્ટમાં બે કરોડ રૂપિયાનું કાળુ નાણું છે અને આ બેંક એકાઉન્ટ આધાર કાર્ડથી લીંક છે. જેથી તમારા પર કેસ કરીને ડીજીટલ એરેસ્ટ કરવા માટે વોંરટ છે અને કોલ કરનારે વોટ્સએપ પર સુપ્રિમ કોર્ટના સિક્કાવાળો લેટર મોકલ્યો હતો. ત્રિવેણીબેનને એરેસ્ટ કરીને કોર્ટ રૂમનો વિડીયો બતાવીને જજે તેમની પાસેથી આધાર કાર્ડની જોવા માંગી હતી અને તેમને પુછવામાં આવ્યું હતું કે એકાઉન્ટમાં જેટલા નાણાં હોય તેનું વેરીફીકેશન આરબીઆઇ દ્વારા કરવાનું છે. જેથી ત્રિવેણીબેને ૩૬ લાખ રૂપિયા અન્ય એક બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દીધા હતા. આ ઉપરાંત, ત્રિવેણીબેનના માતાના બેંક એકાઉન્ટમાંથી તેમજ ફીક્સ ડીપોઝીટના નાણાં મળીને કુલ ૧.૩૬ કરોડ ટ્રાન્સફર કરાવી લીધા હતા. ત્યારબાદ મકાન વેચીને પણ નાણાંની માંગણી થતા ત્રિવેણીબેને તેમના સગાને આ બાબતે જાણ કરતા તેમની સાથે છેતરપિંડી થયાનો ખ્યાલ આવ્યો હતો.

### તમામ સરકારી કર્મચારીઓ માટે ડાયનેમિક-વ્યાપક ઇ-સિવિલ લિસ્ટ અને ઓટોમેટીક કામચલાઉ સિનિયોરીટી લીસ્ટ સીસ્ટમ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ગુજરાત વહીવટી સુધારણા પંચ-GARCનો ત્રીજો અહેવાલ સોંપાયો

। (માહિતી) ગાંધીનગર ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારત @ 2047ના સંકલ્પમાં વિકસિત ગુજરાત @ 2047ને અગ્રેસર રાખવાના ધ્યેયથી રાજ્ય શાસનના વહીવટી માળખા અને કાર્ય પદ્ધતિમાં જરૂરી ફેરફાર માટે ગુજરાત વહીવટી સુધારણા પંચની રચના કરેલી છે. GARC અધ્યક્ષ અને મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢીયાના દિશાદર્શનમાં ૧૦ જેટલી ભલામણો સાથે તૈયાર કરવામાં આવેલો ત્રીજો ભલામણ અહેવાલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને પંચના અધ્યક્ષશ્રી ડૉ. હસમુખ અઢીયાએ સુપ્રત કર્યો હતો.

GARCની રચના માટે આ વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં કરવામાં આવેલી જાહેરાતના ગણતરીના દિવસોમાં જ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વહીવટી માળખા અને કાર્યપદ્ધતિઓમાં જરૂરી ફેરફારો કરવા માટે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર શ્રી હસમુખ અઢિયાની અધ્યક્ષતામાં ગુજરાત વહીવટી સુધારણા પંચની રચના કરી છે. આ પંચે અત્યારસુધીમાં અધ્યક્ષ ડો. હસમુખ અઢિયાના માર્ગદર્શનમાં GARCના બે ભલામણ અહેવાલો રાજ્ય સરકારને સુપ્રત કર્યા છે.

GARC દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને સુપ્રત કરાયેલા પંચના ત્રીજા અહેવાલમાં મુખ્યમંત્રીશ્રીએ નાનામા નાના માનવીને કેન્દ્ર સ્થાને રાખીને તેને સરકારી સેવાઓનો લાભ સરળતાએ મળી રહે તે માટે સિટિઝન ફર્સ્ટનો જે અભિગમ અપનાવ્યો છે તે ભલિભાંતિ પ્રતિબિંબિત થાય છે.

ડો.હસમુખ અઢિયાના સતત માર્ગદર્શનથી તૈયાર થયેલા ત્રીજા અહેવાલમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વ્યવસ્થાત્મક સુધારાઓના માધ્યમથી નાગરિકો માટે વધુ પારદર્શક, ઝડપી અને સિટીઝન સેંટ્રિક શાસન સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવામા આવ્યો છે.

શિષ્યવૃત્તિ યોજનાઓનું એકત્રીકરણ કરીને એક પ્લેટફોર્મ પર શિષ્યવૃત્તિઓનુ વિતરણ અને સરકારી બસોમા ઊઇ કોડ અને UPI ના માધ્યમથી ટીકીટ બુકિંગ તથા સરકારી બસોનુ રિયલ ટાઇમ બેઝિસ પર ટ્રેકિંગ જેવા સુધારા ઉપરાંત Digi-locker આધારિત દસ્તાવેજ સેવાઓ, SMS/ WhatsApp દ્વારા સરકારી અરજીની સ્થિતિની જાણકારી જેવી ભલામણો નાગરિકો માટે સરળતા, સમયની બચત અને સરકારી સેવાઓ પ્રત્યેનો વિશ્વાસ સુદ્રઢ કરશે. પેન્શનની આપમેળે ચુકવણી, ડિજિટલ સર્વિસ બુક અને કર્મચારી સંતોષ સર્વે જેવા પગલાંઓથી સરકારી તંત્રની કાર્યક્ષમતા પણ વધશે.

આ ભલામણો ગુજરાતને એક પ્રગતિશીલ, ડિજિટલી સશક્ત રાજ્ય બનાવવાની દિશામાં મજબૂત પગલું બની રહેશે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલને આ અહેવાલ સુપ્રત કરતાં ય્છઈઝના અધ્યક્ષ ડો.હસમુખ અઢિયાએ જણાવ્યું કે, "સશક્ત નાગરિકો માટે ટેકનોલોજીયુક્ત શાસન", તેમજ "ગુજરાતના વિકાસમાં જનતા માત્ર સહભાગી નહીં, સહયાત્રી બનશે" ના ધ્યેય પરની ભલામણો સાથે આ ત્રીજો અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. GARCના ત્રીજા અહેવાલની આ ભલામણો ય્છઈઝની વેબસાઈટ https://garcguj.in/resources ઉપર અપલોડ કરવામાં આવેલી છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલને GARCનો આ ત્રીજો ભલામણ અહેવાલ સુપ્રત કરવાના અવસરે મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી એમ. કે.દાસ, મુખ્યમંત્રીશ્રીના સલાહકાર શ્રી એસ.એસ. રાઠૌર, વહીવટી સુધારણા પ્રભાગના અગ્ર સચિવશ્રી હારિત શુક્લ, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રીમતિ અવંતિકા સિંઘ, સચિવશ્રી ડો.વિક્રાંત પાંડે તથા GARCના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ત્રીજા અહેવાલમાં રાજ્ય સરકારને GARC દ્વારા જે ભલામણો કરવામાં આવી છે તે આ મુજબ છે..

(૧) "એક વિદ્યાર્થી – એક આઈડી – એક પોર્ટલ" માળખાના આધારે, સરકાર વિવિધ વિભાગો દ્વારા ઓફર કરવામાં આવતી તમામ શિષ્યવૃત્તિ યોજનાઓના અસરકારક સંકલન માટે એક એકીકૃત, પારદર્શક અને ટેકનોલોજી-આધારિત શિષ્યવૃત્તિ પ્લેટફોર્મ (ગુજરાત યુનિફાઇડ સ્કોલરશિપ પોર્ટલ) વિકસાવશે. આ પોર્ટલથી શિષ્યવૃત્તિ સંદર્ભેનુ કામ ઝડપથી થશે, કામની પુનરાવૃત્તિ ટળશે અને કર્મચારીઓ પરનુ ભારણ પણ ઘટશે.

(૨) સરકાર નિવૃત્ત સરકારી કર્મચારીઓના પેન્શન વિતરણ માટે એક સંપૂર્ણ ઓટોમેટેડ સિસ્ટમ વિકસાવશે– જેમાં પેન્શન પેમેન્ટ ઓર્ડર જનરેટ થવો, સેવા રેકોર્ડ્સની ડિજિટલ ચકાસણી થવી અને નિવૃત્ત થનારા કર્મચારીઓની નિવૃત્તિના બીજા જ દિવસે બેંક ખાતામાં પેન્શનની રકમ સીધી જમા કરાવવા જેવી બાબતોનો સમાવેશ થશે.

(૩) સરકાર દરેક વિભાગમાં તમામ મુખ્ય વિષયોના સરકારી ઠરાવો (GRs) ને સંકલિત કરવા માટે વિશિષ્ટ ટાસ્ક ફોર્સની રચના કરશે અને સાથે સાથે ઉક્ત ઠરાવો પોર્ટલના માધ્યમથી વિષયવાર સરળ ફોર્મેટમા ઉપલબ્ધ થશે. આ પગલાથી વિવિધ ઠરાવોને સમજવામાં ઉપસ્થિત થતી વિસંગતતાઓ દૂર થશે.

(૪) સરકાર, નિષ્ણાંત વ્યવસાયિક એજન્સીઓના સહયોગથી, ગુજરાતના તાલુકાઓ અને ગામડાઓમાં સ્થિત તમામ સરકારી સંપત્તિઓ અને સેવાઓની એક મજબૂત અને વ્યાપક, GIS-આધારિત એક સિસ્ટમ વિકસાવશે જેમાં કોઈ પણ પ્રોજેક્ટના ઈન્સેપેક્શનથી લઈને યુટીસી સુધીની તમામ બાબતોનો સમાવેશ થઈ જશે. આ સિસ્ટમના કારણે બજેટની ફાળવણી વધુ યોગ્ય અને કાર્યક્ષમ રીતે શક્ય બનશે તેમજ કામની પુનરાવૃત્તિની શક્યતાઓ પણ ઘટશે.

(૫) સરકાર નિષ્ણાંત વ્યવસાયિક એજન્સીઓના સહયોગથી, વધારે ફૂટપ્રિંટ ધરાવતી નાગરિક સેવાઓનું ગવર્નન્મેટ પ્રોસેસ રિ-એન્જીનીયરિંગ કરીને 'અરજી પરની કામગીરી શરૂ થઈ', 'અરજી સબમિટ થઈ', 'દસ્તાવેજો ચકાસાઈ ગયા', 'અરજી પ્રક્રિયા હેઠળ', 'મંજૂરી હેઠળ છે', 'અરજી સફળતા પૂર્વક પૂર્ણ થઈ, વગેરે જેવા તબક્કાઓએ નાગરિકોને SMS/ WhatsApp દ્વારા ઓટોમેટેડ અપડેટ મળી રહે તે મુજબની વ્યવસ્થાઓ વિકસાવશે અને સરકારી દસ્તાવેજો નાગરિકોને સુરક્ષિત રીતે પ્રાપ્ત થઈ શકે તે માટે વિશ્વસનીય કુરિયર સેવાઓ સાથે ભાગીદારી કરશે.

(૬) જાહેર પરિવહનમાં યુઝર એક્સપિરિયન્સને વધુ સારો બનાવવા માટે તમામ સરકારી બસોમાં ટિકિટની ખરીદી એડવાન્સ કે જરૂરિયાત અનુસાર ઊઇ કોડ અને UPI ના માધ્યમથી થઈ શકે અને બસના સમયપત્રક તેમજ જગ્યાની ઉપલબ્ધતા અને બસનુ લોકેશન રિયલ ટાઈમ બેઝિસ પર ઉપલબ્ધ થાય તે મુજબની વ્યવસ્થા વિકસાવશે. આ ઉપરાંત, સેવામાં સતત સુધારણા માટે ઊઇ કોડ-આધારિત મુસાફરોનો પ્રતિભાવ મેળવવાની વ્યવસ્થા પણ વિકસાવશે.

(૭) નાગરિકોને તેમના સત્તાવાર દસ્તાવેજો સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તે માટે સરકાર નિષ્ણાંત વ્યવસાયિક એજન્સીઓની મદદથી ડિજી-લોકર સાથે દરેક સરકારી સેવા વિતરણ પ્રણાલી (તમામ અરજીઓ, ફોર્મ્સ અને સેવાઓ)ને લિંક કરશે. આનાથી, સરકાર દ્વારા ઈસ્યૂ થતા મહત્વના અધિકૃત દસ્તાવેજો/પ્રમાણપત્રો સીધા નાગરિકના ડિજી-લોકરમા ઉપલબ્ધ થશે.

(૮) સરકાર માનવ સંસાધન વ્યવસ્થાપન પ્રણાલી (HRMS)માં તમામ કર્મચારીની સેવાપોથી ડિજિટલ ફોર્મેટમાં ઉપલબ્ધ કરાવશે અને કર્મચારીનુ શિક્ષણ, કઇ ટ્રેનિગ લીધેલ છે, ક્યા ક્યા પોસ્ટિંગ થયુ છે, વગેરે જેવી જૂની વિગતો માટે હાલની સેવાપોથીનુ ડિજિટાઈઝેશન પણ હાથ ધરશે.

(૯) સરકાર રાજ્યના તમામ સરકારી કર્મચારીઓ માટે એક ડાયનેમિક, વ્યાપક ઈ-સિવિલ લિસ્ટ અને ઓટોમેટિક કામચલાઉ સિનિયોરિટી લિસ્ટ (પ્રવરતા યાદી) પ્રસિદ્ધ થાય એવી સિસ્ટમ વિકસાવશે.

(૧૦) સરકાર ડિજિટલ સર્વેક્ષણ હાથ ધરીને ગુજરાત સરકારના વર્ગ ૧ અને ૨ના અધિકારીઓમાં કાર્ય વિતરણ, કાર્યભારની ધારણા અને સંતોષનું વ્યાપક મૂલ્યાંકન હાથ ધરશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



નવી દિલ્હીમાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી.

### સીરિયાના દમાસ્કસના ડ્વેલામાં આવેલા માર એલિસ ચર્ચમાં વિસ્ફોટ

# પ્રાર્થના સમયે જ હુમલાખોરે આત્મઘાતી વિસ્ફોટ કરતાં ૧૫ લોકોનાં મોત થયા

### સીરિયાના ગૃહ મંત્રાલયે પણ આ હુમલાની જાણકારી આપી હતી અને કહ્યું હતું કે આ હુમલો આઈએસના આતંકીઓ દ્વારા કરવામાં આવ્યો

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ |

સીરિયામાં એક ચર્ચ પર આતંકીઓ દ્વારા આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો, આ હુમલા સમયે ચર્ચમાં અનેક લોકો પ્રાર્થના કરી રહ્યા હતા, જેને પગલે બહુ મોટી જાનહાનિ થઈ હોવાના અહેવાલો છે. પ્રાથમિક રિપોર્ટ મુજબ આ હુમલામાં અત્યાર સુધીમાં ૧૫ લોકોના મોત થયા છે જ્યારે ૧૫ જેટલા લોકો ઘાયલ થયા છે. સીરિયાના દમાસ્કસના ડ્વેલા વિસ્તારમાં આવેલા માર એલિસ ચર્ચમાં રવિવારની પ્રાર્થના ચાલી રહી હતી, ચર્ચમાં અનેક લોકો હાજર હતા. આ દરમિયાન જ એક આતંકીએ



ચર્ચમાં પ્રવેશ કર્યો હતો અને ખુદને બોમ્બથી ઉડાવી દીધો હતો. જેને કારણે બહુ જ મોટો ધમાકો થયો હતો. આ હુમલામાં ૧૫ લોકો માર્યા ગયા છે. જ્યારે અન્ય ૧૫ લોકો ઘાયલ થયા છે તેમાંથી કેટલાકની સ્થિતિ ગંભીર હોવાથી મૃત્યુઆંક વધી શકે છે. સીરિયાના ગૃહ મંત્રાલયે પણ આ હુમલાની જાણકારી આપી હતી અને કહ્યું હતું કે આ હુમલો આઈએસના આતંકીઓ દ્વારા કરવામાં આવ્યો છે. હુમલાખોરે સૌથી પહેલા ચર્ચમાં પ્રવેશ કર્યો અને બાદમાં પ્રાર્થના કરી રહેલા લોકો પર અંધાધુંધ ગોળીબાર કરી દીધો હતો, પછી ખુદને બોમ્બથી ઉડાવી દીધો હતો. જેને કારણે અનેક લોકો માર્યા ગયા હતા.તાજેતરમાં સીરિયામાં ખ્રિસ્તીઓને નિશાન બનાવીને કરવામાં આવેલો આ વર્ષનો સૌથી મોટો હુમલો માનવામાં આવે છે. સીરિયા અને ઈરાકમાં આઈએસ સામે અમેરિકા દ્વારા મોટા પાયે અભિયાન ચલાવવામાં આવ્યું હતું અને આઈએસની પકડ નબળી પાડી દીધી હતી, એવામાં આઈએસ દ્વારા હવે આ પ્રકારના હુમલા કરવામાં આવી રહ્યા છે.

## ગુજરાતનો સિંહ ગોપાલ હવે વિધાનસભામાં ગર્જના કરશે



| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ |

વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલિયાની ઐતિહાસિત જીત થઈ છે. આ જીત સાથે જ આમ આદમી પાર્ટીમાં જશ્નનો માહોલ છે. આપના દિગ્ગજ નેતાઓ પણ ગોપાલ ઈટાલિયાને જીતની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. આમ આદમી પાર્ટીના દિગ્ગજ નેતા મનિષ સિસોદિયાએ વિસાવદર પેટા ચૂંટણીમાં શાનદાર જીત બદલ ગોપાલ ઈટાલિયાને અભિનંદન પાઠવ્યા છે. મનિષ સિસોદિયાએ એક્સ પર પોસ્ટ કરતા લખ્યું, ગુજરાતમાં મોટી જીત! ગુજરાતનો સિંહ ગોપાલ ઈટાલિયા હવે વિધાનસભામાં ગર્જના કરશે. આ જીત દિવસ-રાત મહેનત કરનારા દરેક કાર્યકરની છે. આમ આદમી પાર્ટીના દરેક સૈનિકનો આભાર અને હાર્દિક અભિનંદન! ટીમ ગુજરાતને અભિનંદન! વિસાવદર વિધાનસભાની પેટાચૂંટણીમાં AAPના ગોપાલ ઈટાલિયાની જીત અંગે દિલ્હી AAP પ્રમુખ સૌરભ ભારદ્વાજે કહ્યું, આ AAP માટે એક મોટી જીત છે. રાજકીય વિશ્લેષકો કહી રહ્યા હતા કે AAP એક પક્ષ તરીકે સમાપ્ત થઈ જશે. પરંતુ દિલ્હીમાં હાર બાદ AAP લુધિયાણા પશ્ચિમ (વિધાનસભા પેટાચૂંટણી) જીતી રહી છે અને અમે AAPના ગઢ ગણાતા ગુજરાતમાં પેટાચૂંટણી પણ મોટા માર્જિનથી જીત્યા છીએ. મને લાગે છે કે આ એક મોટી જીત છે. કેટલાક લોકો કહેતા હતા કે અરવિંદ કેજરીવાલ રાષ્ટ્રીય રાજકારણમાં સાઈડલાઈન થઈ જશે, આ એક શાનદાર વાપસી છે.''

## પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ પંજાબની લુધિયાણા બેઠક જીતી

| (એજન્સી) ચંદીગઢ, તા.૨૩ |

પંજાબની લુધિયાણા બેઠક અને ગુજરાતની વિસાવદર વિધાનસભા બેઠક પર યોજાયેલી પેટા-ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારોની જીત થઈ છે. આજથી પાંચ મહિના પહેલા આમ આદમી પાર્ટીએ દિલ્હીમાં સત્તા ખોવી પડી હતી. દિલ્હીની ચૂંટણીમાં AAP પ્રમુખ અરવિંદ કેજરીવાલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા, સૌરભ ભારદ્વાજ અને સત્યેન્દ્ર જૈન સહિત તમામ મોટા નેતાઓ હારી ગયા હતા, ત્યારે લુધિયાણા અને વિસાવદર બેઠક પર AAPની જીત પાર્ટી માટે સંજીવની સાબિત થઈ શકે છે. પંજાબમાં આમ આમદી પાર્ટીની સરકાર છે અને પાર્ટીએ લુધિયાણા બેઠક પણ જીતી લીધી છે. જ્યારે ગુજરાતની વિસાવદર પણ જીતી લીધી છે, તેથી હવે આમ આદમી પાર્ટી પંજાબ અને ગુજરાત પર ફોકસ વધારશે. કેજરીવાલ, સિસોદિયા સહિત તમામ મોટા નેતાઓ પેટા-ચૂંટણીની તૈયારીમાં લાગી ગયા છે. છઈઁએ ચૂંટણીની તારીખો જાહેર થઈ તે પહેલા જ રાજ્યસભાના સભ્ય સંજીવ અરોરાને લુધિયાણા બેઠક પર ઉમેદવાર જાહેર કરી દીધા હતા અને હવે તેમણે જીત મેળવી લીધી છે. વર્ષ ૨૦૨૨ સુધી લુધિયાણા કોંગ્રેસનો ગઢ કહેવાતી હતી. સંજીવ અરોરાએ કોંગ્રેસના ઉમેદવાર અને પૂર્વ મુખ્યમંત્રી ભૂષણ આશુને હરાવ્યા છે. કેજરીવાલે વચન આપ્યું હતું કે, અરોરા જીતશે તો તેમને ભગવંત માન સરકારમાં મંત્રી બનાવાશે. ધારાસભ્ય ગુરપ્રીત યોગીનું મોત થયા બાદ લુધિયાણા પશ્ચિમ વિધાનસભા બેઠક ખાલી પડી હતી. કયાં પક્ષના કયાં ઉમેદવારને કેટલાં મત મળ્યા.

### કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું

# તેલ માર્કેટિંગ કંપનીઓ પાસે ઘણા અઠવાડિયા ચાલે તેટલો પુરવઠો છે

### અમે અન્ય માર્ગો દ્વારા ક્રૂડ ઓઇલનો પુરવઠો વધારી શકીએ છીએ. અમે બધા શક્ય ઉપાયો પર વિચાર કરી રહ્યા છીએ : પુરી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ |

ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધમાં અમેરિકાની એન્ટ્રી પછી વિશ્વભરના દેશોમાં તેલ સંકટ વધુ ઘેરું બની શકે છે, કારણ કે ઈરાન ક્રૂડ ઓઈલનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે અને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા ક્રૂડ ઓઈલ સપ્લાય કરે છે, પરંતુ અમેરિકાના હુમલા પછી, ઈરાન આ માર્ગ બંધ કરવાનું વિચારી રહ્યું છે.

સંસદમાં આ ઠરાવ પસાર થઈ ગયો છે અને હવે ઈરાનની નૌકાદળ આ માર્ગ ગમે ત્યારે બંધ કરી શકે છે. વિશ્વના સૌથી મોટા ઉર્જા પુરવઠા ક્ષેત્રોમાં વધતા તણાવ વચ્ચે કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ રવિવારે જણાવ્યું હતું કે વિશ્વના ત્રીજા સૌથી મોટા તેલ આયાતકાર અને ચોથા સૌથી મોટા ગેસ ખરીદનાર



ભારત પાસે ઘણા અઠવાડિયા સુધી તેની જરૂરિયાતો પૂરી કરવા માટે પૂરતો ઉર્જા પુરવઠો છે અને ભારત પાસે પુરવઠા માટે અનેક વિકલ્પો છે. રવિવારે મીડિયા સાથે વાત કરતા હરદીપ પુરીએ કહ્યું, ''સરકાર છેલ્લા બે અઠવાડિયાથી પશ્ચિમ એશિયામાં બદલાતી ભૂ-રાજકીય પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે.'' તેમણે કહ્યું, ''વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, અમે છેલ્લા કેટલાક વર્ષોમાં અમારા પુરવઠામાં વૈવિધ્યીકરણ કર્યું છે અને હવે અમારા પુરવઠાનો મોટો ભાગ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા આવતો નથી.'' પુરીએ કહ્યું, ''આપણી તેલ માર્કેટિંગ કંપનીઓ પાસે ઘણા અઠવાડિયા સુધી ચાલે તેટલો પુરવઠો છે અને તેઓ અનેક માર્ગો દ્વારા ઉર્જા પુરવઠો મેળવતા રહેશે. અમે નાગરિકોને ઈંધણનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લઈશું

તેમણે કહ્યું કે ભારતમાં દરરોજ વપરાશમાં લેવાતા ૫.૫ મિલિયન બેરલ ક્રૂડ ઓઈલમાંથી, લગભગ ૧.૫-૨ મિલિયન બેરલ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા આવે છે. તો ભારત અન્ય માર્ગો દ્વારા લગભગ ૪ મિલિયન બેરલ આયાત કરે છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું છે કે ભારત પાસે પૂરતો સ્ટોક છે. તેમણે કહ્યું, ''અમારી તેલ કંપનીઓ પાસે પૂરતો સ્ટોક છે. તેમાંથી મોટાભાગની કંપનીઓ પાસે ત્રણ અઠવાડિયા સુધીનો સ્ટોક છે. તો એક પાસે ૨૫ દિવસનો સ્ટોક છે. અમે અન્ય માર્ગો દ્વારા ક્રૂડ ઓઈલનો પુરવઠો વધારી શકીએ છીએ. અમે બધા શક્ય ઉપાયો પર વિચાર કરી રહ્યા છીએ.''

ઉલ્લેખનીય છે કે હોર્મુઝ સ્ટ્રેટ પશ્ચિમ એશિયામાંથી આવતા તેલ માટે એક મહત્વપૂર્ણ પરિવહન માર્ગ છે. ઈઝરાયલ સાથે સંઘર્ષ શરૂ થયા પછી અમેરિકાએ તેના પરમાણુ ઠેકાણાઓ પર હુમલા કર્યા પછી ઈરાન આ અંગે ગંભીર છે. ઈરાનની સંસદે પણ આ જળમાર્ગ બંધ કરવાનો પ્રસ્તાવ પસાર કર્યો છે. ઈરાનનો આ નિર્ણય ઘણા દેશોની ઊંઘ હરામ કરી શકે છે.

### કન્ફર્મ યાત્રીકોને થશે જોરદાર ફાયદો

## રેલવેમાં વેઈટિંગ ટિકિટને લઈને હવે બદલાયો નિયમ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ |

ભારતીય રેલવેએ લાંબા અંતરની ટ્રેનોમાં વેઈટિંગ ટિકિટની મહત્તમ મર્યાદા નક્કી કરવાનો મોટો નિર્ણય લીધો છે. આ ફેરફાર ૧૬ જૂન, ૨૦૨૫થી અમલમાં આવી ગયો છે. રેલવે બોર્ડના નવા નિર્દેશો હેઠળ હવે સ્લીપર, થર્ડ એસી, સેકન્ડ એસી અને ફર્સ્ટ એસી કોચમાં વેઈટિંગ ટિકિટની મર્યાદા કુલ બર્થના ૨૫ ટકા સુધી મર્યાદિત કરી દેવામાં આવી છે. રેલવેએ દેશભરના સ્ટેશનો પર વધતી ભીડ અને ટ્રેનોમાં અવ્યવસ્થાને નિયંત્રિત કરવાના ઉદ્દેશથી આ પગલુ લીધું છે. હવે આ કોટા માત્ર ટ્રેનના શરૂઆતી સ્ટેશન પર જ નહીં, પરંતુ વચ્ચેના સ્ટેશનો પર પણ લાગુ થશે, જ્યાંથી યાત્રીઓ લાબા અંતરની ટ્રેનોમાં બેસે છે. હજુ સુધી વેઈટિંગ ટિકિટની સંખ્યા રેલવેના ઝોનના અનુસાર અલગ-અલગ હતી. સેન્ટ્રલ અને વેસ્ટર્ન રેલવે જેવા ઝોનમાં વેઈટિંગ ટિકિટ કુલ સીટોના ૨૦-૪૦ ટકા સુધી જારી કરવામાં આવતી હતી. ઘણી વાર આ આંકડા ૫૦૦થી ૭૦૦ વેઈટિંગ ટિકિટ સુધી પહોંચી જતા હતા, જેનાથી ટ્રેનમાં બેસવા માટે અફરાતફરી અને ઝગડા જેવી સ્થિતિ બનતી હતી. રેલ્વે બોર્ડના પરિપત્રમાં જણાવાયું છે કે, આ ૨૫% વેઈટિંગ મર્યાદા તત્કાલ ક્વોટા અને દૂરના સ્ટેશનો પરથી જારી કરાયેલી ટિકિટો પર સમાન રીતે લાગુ પડશે. રેલવેના અધિકારીઓ પ્રમાણે, જો કોઈ ૩છઝ કોચમાં ૭૨ બર્થ છે, તો બુકિંગ પૂરી થયા બાદ ૧૮ વેઈટિંગ ટિકિટ જ જારી કરવામાં આવશે. તેનાથી ટ્રેનમાં ભારે ભીડની સ્થિતિથી બચી શકાશે. પહેલા વધારે વેઈટિંગ ટિકિટ હોવાના કારણે સ્લીપર જેવા કોચમાં પણ ચાલુ ડબ્બા જેવી સ્થિતિ થઈ જાય છે. પ્લેટફોર્મ પર પણ ઓછી થશે ભીડ- નવા નિયમોથી રેલવે સુરક્ષા દળને પણ રાહત મળવાની આશા છે. વાસ્તવમાં, વધારે વેઈટિંગ ટિકિટના કારણે તહેવારો અને રજાઓ દરમિયાન પ્લેટફોર્મ પર હરથી વધારે ભીડ થઈ જતી હતી. તેને સંભાળવામાં ઘણી મુશ્કેલીઓ ઊભી થતી હતી. પરંતુ, હવે મર્યાદા વેઈટિંગ ટિકિટની સ્થિતિથી સારી થઈને નિયંત્રિત થઈ શકશે. યાત્રીકોને પણ મળશે મોટી રાહત- આ ફેરફાર ન માત્ર ભીડ ઘટાડશે, પરંતુ કન્ફર્મ અને વેઈટિંગ યાત્રીઓની વચ્ચે થનારા વિવાદ પણ ઘટશે. અગાઉ, કન્ફર્મ ટિકિટ ધરાવતા મુસાફરો ઘણીવાર વેઈટિંગ લિસ્ટમાં રહેલા લોકો સાથે સીટો અને અન્ય બાબતોને લઈને દલીલ કરતા હતા. ઘણી વખત, તે ઝઘડામાં પરિણમતું હતું. નવા નિયમોને કારણે, આવી દલીલો પણ ઓછી થવાની અપેક્ષા છે.

### સોશિયલ મીડિયામાં ભારે ટ્રોલિંગ

## દિલજીતની નવી ફિલ્મમાં પાકિસ્તાની એક્ટ્રેસ હાનિયા આમિર જોવા મળી

| (એજન્સી) મુંબઈ, તા.૨૩ |

દિલજીત દોસાંઝ અને નીરુ બાજવા સ્ટારર હોરર- કોમેડી સરદારજી ૩ નું ટ્રેલર રવિવારે રિલીઝ થયું છે. ટ્રેલરમાં પાકિસ્તાની એક્ટ્રસ હાનિયા આમિર પણ જોવા મળી રહી છે.આ જોયા પછી નેટીઝન્સ હવે દિલજીત દોસાંઝને ટ્રોલ કરી રહ્યા છે. હકીકતમાં પહલગામ આતંકી હુમલા પછી પાકિસ્તાની કલાકારોને ભારત આવવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. પાકિસ્તાની સ્ટાર્સના ઈન્સ્ટા એકાઉન્ટ પણ બંધ કરી દેવામાં આવ્યા છે. તો સરદાર જી ૩નું ટ્રેલર હાનિયા આમિરને જોઈને ભડક્યા છે. આ ફિલ્મને બાયકોટ કરવાની માંગ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, સ્ટૂડિયોના પોસ્ટર શેર કરતાં તેમાં લખ્યું, અમને એ જાહેર કરતાં બહુ આનંદ થઈ રહ્યો છે કે, સરદાર જી ૩ ૨૭ જૂનના પોજ વિદેશોમાં રિલીઝ થશે.



જોકે, ભારતમાં તેની રિલીઝને હાલમાં રોકી દેવામાં આવી છે. અમે તમારા પ્રેમ અને ધીરજની કદર કરીએ છીએ, અને ખૂબ જ જલ્દી ભારતમાં તેની રિલીઝ થવાની તારીખ શેર કરીશું. અપડેટ માટે જોડાયેલા રહેજો. તમને દરેકને મોટા પડદા પર ફિલ્મ બતાવવા માટે અમે રાહ જોઈ રહ્યા છીએ. તો સોશિયલ મીડિયા પર ટ્રેલર શેર કરતાં દિલજીત દોસાંઝે પણ લખ્યું છે કે, આ માત્ર વિદેશોમાં રિલીઝ થઈ રહી છે. તેમણે લખ્યું કે, સરદાર જી ૩ જૂનમાં માત્ર વિદેશોમાં રિલીઝ થઈ રહી છે.

### બેંકોમાં ધડાધડ આવવા લાગી વિદેશી કરન્સી

## મુસ્લિમ દેશોમાં ભારતમાં પૈસા મોકલવાની હોડ જામી

| (એજન્સી) રિયાદ, તા.૨૩ |

સંયુક્ત આરબ અમીરાત (UAE) અને સાઉદી અરબમાં રહેતા ભારતીયો વચ્ચે હાલ ભારતમાં પૈસા મોકલવાની હોડ જામી છે. વાત જાણે એમ છે કે ભારતીય રૂપિયાની કિંમત યુએઈ દિરહામની સરખામણીમાં તૂટીને ૨૩.૫ પ્રતિ દિરહામ સુધી પહોંચી ગઈ છે. જેને ધ્યાનમાં રાખતા એનઆરઆઈઓ તેનો ફાયદો ઉઠાવીને વધુમાં વધુ રકમ ભારત મોકલવા માંગે છે. ગલ્ફ ન્યૂઝના એક રિપોર્ટ મુજબ રૂપિયો જ્યારથી તૂટીને ૨૩.૫ પ્રતિ દિરહામ આસપાસ પહોંચ્યો છે ત્યારથી રેમિટેન્સ એટલે કે વિદેશથી ભારત મોકલાઈ રહેલા પૈસામાં ઝડપ થી ઉછાળો આવ્યો છે. જેથી કરીને તેઓ ઓછા દિરહામે વધુ પૈસા ભારત મોકલી શકે છે જેના લીધી ભારતમાં તેમના પરિવારોને વધુ પૈસા મળી શકશે. આ દર એપ્રિલની શરૂઆત બાદથી સૌથી નબળો



છે. આ કારણે ખાડી દેશો, ખાસ કરીને યુએઈ, અને સાઉદી અરબમાં રહેતા ભારતીય ઝડપથી ભારત પૈસા મોકલી રહ્યા છે. ખાડી દેશોના કરન્સી એક્સચેન્જ હાઉસોનું કહેવું છે કે ૧૯ જૂનથી છઈઢ થી INR માં લેવડદેવડ ઝડપથી વધી છે. ઈન્ડસ્ટ્રીના અધિકારીઓ મુજબ જેમની પાસે પણ થોડા ઘણા વધારાના પૈસા છે તેઓ તરત ભારત મોકલી રહ્યા છે. યુએઈના એક એક્સચેંજ હાઉસના સીનિયર અધિકારીએ ગલ્ફ ન્યૂઝને કહ્યું કે હાલના અઠવાડિયાઓમાં AED-INR રેમિટેન્સની રીતે સૌથી સારો દિવસ રહ્યો.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ દ્વારા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને 'વિંગ્સ ટુ અવર હોપ્સ' અને 'આશાઓ કી ઉડાન' પુસ્તકોના બીજા ખંડની પ્રથમ નકલો અર્પણ કરવામાં આવી.

## સિવિલ ઇજનેર યુવાને પિતાના નિધન પછી ખેતી શરૂ કરી

| (એજન્સી) ગાઝીપુર, તા.૨૩ |

ગાઝીપુરના ગોરા બજાર પીજી કોલેજ પાસે રહેતા મનોજ સિંહ કુશવાહા સિવિલ ઈજનેર હતા, પરંતુ પિતાના અવસાન બાદ પરિવારની જવાબદારી તેમની પર આવી પડી અને તેઓએ નોકરી છોડી ગામ પરત ફરવાનું નક્કી કર્યું. મનોજે વિચાર્યું કે હવે કંઈક નવું કરવું જોઈએ, જે તેમને આત્મનિર્ભર બનાવે અને પ્રેરણાદાયક પણ હોય. ત્યારબાદ, તેમણે એક વીઘા જમીનમાં કેળાની ખેતી શરૂ કરી. આજે તેમના ખેતરમાં કેળાના છોડ ફળવા તૈયાર છે અને ઓક્ટોબર-નવેમ્બર સુધીમાં આ પૂરી રીતે ફળ આપવાનું શરૂ કરી દેશે. ખેતીની શરૂઆતમાં ગાઝીપુરના પ્રગતિશીલ ખેડૂત સુનીલ કુશવાહાએ વૈજ્ઞાનિક રીતે મનોજને માર્ગદર્શન આપ્યું, જેમાં જગ્યા તપાસથી લઈને ટેકનિકલ સલાહ સુધીનો સમાવેશ થાય છે. મનોજની પત્ની રંજીતા કુશવાહાએ પણ તેમનું મનોબળ વધાર્યું અને ખેતરમાં પ્લાન્ટેશનમાં મદદ કરી. મનોજ કહે છે કે દરેક છોડ મારા માટે બાળક જેવો છે; હું રોજ ૧૦ થી ૧૫ મિનિટ દરેક છોડને આપું છું. ખેતરમાં લગભગ ૧૦૦૦ કેળાના છોડ મંગાવવામાં આવ્યા હતા, જેમાંથી ૮૩૫ છોડ જીવંત છે. વૃદ્ધિ માટે પૂરતી જગ્યા મળે તે માટે છોડ અને છોડ વચ્ચે ૫-૬ ફૂટનું અંતર રાખવામાં આવ્યું છે. શરૂઆતમાં તેમણે પોતે જ બધું કામ કર્યું, પછી થોડા મજૂરો રાખ્યા. ગાઝીપુર શહેરની વચ્ચે હોવા છતાં મનોજે આધુનિક ટેકનિકોનો ઉપયોગ કર્યો છે.

# તંત્રી લેખ...

## પાકિસ્તાનને અચાનક ઈરાન પર હેત કેમ ઊભરાઈ આવ્યું?

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં અંતે અમેરિકાએ ઝંપલાવી દીધું. રવિવારે વહેલી સવારે અમેરિકાએ ઈરાનનાં ત્રણ પરમાણુ મથકો પર હુમલો કરીને તેમનો સફાયો કરી નાખ્યો હોવાનો દાવો અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કર્યો છે. ડોનલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પરની પોસ્ટમાં લખ્યું છે કે, અમે ઈરાનમાં ત્રણ પરમાણુ સ્થળો ફોર્ડો, નતાંઝ અને ઈસ્ફાહન પર હુમલો કર્યો છે અને ત્રણેય પરમાણુ મથકોનો સફાયો કરી નાખ્યો છે. અમેરિકાના હુમલા સામે દુનિયાના ભારત સહિતના ઘણા દેશો ચૂપ છે ત્યારે આશ્ચર્યજનક રીતે પાકિસ્તાન ઈરાનની તરફેણમાં કૂદ્યું છે. ઈરાને અમેરિકાના હુમલાને આંતરરાષ્ટ્રીય કાયદાઓનો ભંગ ગણાવ્યો હતો. પાકિસ્તાને ઈરાનની વાતમાં સૂર પુરાવીને કહ્યું છે કે, અમેરિકાએ ઈરાન પર એર સ્ટ્રાઈક કરીને તમામ આંતરરાષ્ટ્રીય કાયદા તોડી નાખ્યા છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે સત્તાવાર રીતે પોસ્ટ કરી છે કે, અમેરિકાના હુમલા પછી ઈરાનને પોતાની સુરક્ષા માટે પોતાને ગમે એ પગલાં લેવાનો અધિકાર છે.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ઉત્તર પ્રદેશના વારાણસીમાં સેન્ટ્રલ ઝોનલ કાઉન્સિલની ૨૫મી બેઠકની અધ્યક્ષતા કરશે

### ઝોનલ કાઉન્સિલોએ સલાહકાર ભૂમિકાથી આગળ વધીને વિવિધ ક્ષેત્રોમાં પરસ્પર સમજણ અને સહકારના સ્વસ્થ બંધનને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ પરિબળ સાબિત કર્યું છે

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ મંગળવાર, ૨૪ જૂન, ૨૦૨૫ના રોજ વારાણસી, ઉત્તર પ્રદેશમાં સેન્ટ્રલ ઝોનલ કાઉન્સિલની ૨૫મી બેઠકની અધ્યક્ષતા કરશે. આ બેઠકમાં સભ્ય રાજ્યોના મુખ્યમંત્રીઓ અને દરેક રાજ્યના બે વરિષ્ઠ મંત્રીઓ હાજરી આપશે. રાજ્ય સરકારના મુખ્ય સચિવો અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને કેન્દ્ર સરકારના વરિષ્ઠ અધિકારીઓ પણ આ બેઠકમાં ભાગ લેશે. સેન્ટ્રલ ઝોનલ કાઉન્સિલમાં છત્તીસગઢ, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ અને ઉત્તરપ્રદેશ રાજ્યોનો સમાવેશ થાય છે. આ બેઠકનું આયોજન ભારત સરકારના ગૃહ મંત્રાલય હેઠળના આંતર-રાજ્ય પરિષદ સચિવાલય દ્વારા ઉત્તર પ્રદેશ સરકારના સહયોગથી કરવામાં આવી રહ્યું છે. રાજ્ય પુનર્ગઠન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૧૫થી ૨૨ હેઠળ પાંચ ઝોનલ કાઉન્સિલની સ્થાપના કરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી આ પાંચ ઝોનલ કાઉન્સિલના અધ્યક્ષ છે અને સભ્ય રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ/લેફ્ટનન્ટ્સ/પ્રશાસકો તેના સભ્યો છે, જેમાંથી સભ્ય રાજ્યોમાંથી એક રાજ્યના મુખ્યમંત્રી (દર વર્ષે રોટેશન દ્વારા) ઉપાધ્યક્ષ છે. દરેક સભ્ય રાજ્યમાંથી બે મંત્રીઓને રાજ્યપાલ દ્વારા કાઉન્સિલના સભ્ય તરીકે નામાંકિત કરવામાં આવે છે. દરેક ઝોનલ કાઉન્સિલે મુખ્ય સચિવોના સ્તરે એક સ્થાયી સમિતિની પણ રચના કરી છે. રાજ્યો દ્વારા પ્રસ્તાવિત મુદ્દાઓને સૌપ્રથમ સંબંધિત ઝોનલ કાઉન્સિલની સ્થાયી સમિતિ સમક્ષ ચર્ચા માટે મૂકવામાં આવે છે. સ્થાયી સમિતિમાં વિચારણા કર્યા પછી, બાકીના મુદ્દાઓ ઝોનલ કાઉન્સિલની બેઠકમાં વિચારણા માટે મૂકવામાં આવે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ દેશના સર્વાંગી વિકાસ માટે સહકારી અને સ્પર્ધાત્મક સંઘવાદનો લાભ લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. 'મજબૂત રાજ્યો મજબૂત રાષ્ટ્ર બનાવે છે' ની ભાવનામાં, ઝોનલ કાઉન્સિલો બે કે તેથી વધુ રાજ્યો અથવા કેન્દ્ર અને રાજ્યોને અસર કરતા મુદ્દાઓ પર સંવાદ અને ચર્ચા માટે એક વ્યવસ્થિત પદ્ધતિ પૂરી પાડે છે અને આમ પરસ્પર સહયોગ વધારવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ છે. ઝોનલ કાઉન્સિલોની ભૂમિકા સલાહકારી છે, પરંતુ વર્ષોથી આ કાઉન્સિલો વિવિધ ક્ષેત્રોમાં પરસ્પર સમજણ અને સહકારના સ્વસ્થ બંધનને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ પરિબળ સાબિત થઈ છે. તમામ રાજ્ય સરકારો, કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોના સહયોગથી, છેલ્લા અગિયાર વર્ષમાં વિવિધ ઝોનલ કાઉન્સિલો અને તેમની સ્થાયી સમિતિઓની કુલ ૬૧ બેઠકો યોજાઈ છે. પ્રાદેશિક કાઉન્સિલો રાષ્ટ્રીય મહત્વના વ્યાપક મુદ્દાઓ પર પણ ચર્ચા કરે છે જેમાં મહિલાઓ અને બાળકો સામે બળાત્કારના કેસોના ઝડપી ટ્રાયલ અને ઝડપી નિકાલ માટે ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટ (FTSC)નો અમલ, દરેક ગામની નિર્ધારિત ત્રિજ્યામાં બ્રિક્સ એન્ડ મોર્ટાર (પરંપરાગત બેંકિંગ) બેંકિંગ સુવિધા, ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ (ERSS-112)નો અમલ અને પોષણ, શિક્ષણ, આરોગ્ય, વીજળી, શહેરી આયોજન અને સહકારી પ્રણાલીઓને મજબૂત બનાવવા સહિત પ્રાદેશિક સ્તરે સામાન્ય હિતના વિવિધ મુદ્દાઓનો સમાવેશ થાય છે.

## ઓડિશાના ગંજમ જિલ્લાના બીચ પર એક મહિલા કોલેજ વિદ્યાર્થિની પર થયેલા કથિત ગેંગરેપની ઘટના અંગે NHRCએ સ્વતઃ નોંધ લીધી

રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (NHRC), ભારતના એક મીડિયા અહેવાલની સ્વતઃ નોંધ લીધી છે જેમાં કહેવામાં આવ્યું છે કે ૧૫ જૂન, ૨૦૨૫ના રોજ ઓડિશાના ગંજમ જિલ્લાના ગોપાલપુર બીચ પર ૨૦ વર્ષીય કોલેજ વિદ્યાર્થિની પર લગભગ ૧૦ વ્યક્તિઓ દ્વારા સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો. અહેવાલ મુજબ, પીડિતા તેના પુરુષ મિત્ર સાથે તહેવાર ઉજવવા માટે બીચ પર ગઈ હતી. ગુનેગારોએ તેના મિત્રને બળજબરીથી પકડી રાખ્યો હતો અને તેનું જાતીય શોષણ કર્યું હતું. કમિશને જણાવ્યું છે કે મીડિયા રિપોર્ટની સામગ્રી, જો સાચી હોય તો તે માનવ અધિકારોના ઉલ્લંઘનનો ગંભીર મુદ્દો ઉઠાવે છે. તેથી, તેણે ઓડિશાના મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશકને નોટિસ જારી કરીને બે અઠવાડિયામાં આ બાબતે વિગતવાર અહેવાલ માંગ્યો છે. રિપોર્ટમાં કેસની તપાસની સ્થિતિ, પીડિતાના સ્વાસ્થ્ય અને રાજ્ય સત્તાવાળાઓ દ્વારા તેણીને આપવામાં આવેલ વળતર/સલાહ, જો કોઈ હોય તો સામેલ હોવાની અપેક્ષા છે.

**ઈઝરાયેલમાં યહુદી ધર્મને અનુસરવામાં આવે છે! પણ યહુદી, ખ્રિસ્તી અને ઈસ્લામ ત્રણેયનાં પયગંબર એક બતાવ્યાં છે!**

## વિનોબાજીનાં કાલ જાગરણ, સ્નેહ સાધનમ્, કટુ વર્જ્ય-ગુણ નિવેદન ચાર સૂત્રોને સમજીએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**સમય ખરાબ ચાલે છે! કે પછી કળિયુગ છે! મારા એકના સુધરવાથી યુગ પરિવર્તન થવાનું નથી! જેવા સાથે તેવા! કે પછી સત્યનો જમાનો નથી! એવાં બધાં કારણોની આડે આપણે પણ આ બધામાં સામેલ થઈ જઈએ છીએ! માત્ર આપણા સ્વાર્થ કે સુખ માટે નહીં, પણ સર્વ જન સુખાય અને સર્વ જન હિતાય હશે એ મુજબ જ હું હવે જીવીશ.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સર્વ પ્રથમ તો રવિવારનાં સમાજ દર્શનનાં લેખમાં ઈરાન ઈઝરાયેલ એક જ ધર્મ ધરાવતાં દેશ છે, એવું લખાયું હતું, અને એ ભૂલ હતી, કારણકે ઈઝરાયેલમાં યહુદી ધર્મને અનુસરવામાં આવે છે! પણ યહુદી, ખ્રિસ્તી અને ઈસ્લામ ત્રણેયનાં પયગંબર એક બતાવ્યાં છે! જોકે ભૂલ એટલે ભૂલ, અને એને લઈને કેટલાંય મેસેજ આવ્યાં કે લેખમાં ભૂલ છે! પણ આ વાતથી એકવાત સાબિત થાય કે લેખ કેટલી મોટી સંખ્યામાં વંચાય છે. પરંતુ જેમ કાંટો વાગે પછી આગળ ચાલવું મુશ્કેલ છે, એમ ઈરાન ઈઝરાયેલ વાળી ભૂલ વાંચ્યા પછી આગળ જે મુખ્ય વાત એટલે કે લેખનો મુખ્ય સાર હતો કે, સમગ્ર વિશ્વએ હથિયાર વાપરવાં નહીં, એવી પ્રતિજ્ઞા લેવી જોઈએ, અને વસુધૈવ કુટુંબની અને વૈશ્વિક શાંતિની પહેલ કરવી જોઈએ, ત્યાં સુધી કેટલાં પહોંચ્યા હશે? એ એક પ્રશ્ન છે. પણ ભૂલ માટે દિલથી ક્ષમા! સમાજ દર્શનની સાચી વેદનાં ત્યાં છે કે, રશિયા યુક્રેનનું યુદ્ધ હોય, તાલીબાનનું હોય, ગાઝા પટ્ટી માટે હોય, ઈરાન ઈઝરાયેલ પરમાણું કરાર માટે હોય, કે પછી ભારતનું સિંદુર ઓપરેશન હોય! કપાશે તો માનવ જ ! અને બધાનાં લોહીનો રંગ એક જ છે! યુદ્ધ ભૂમિમાં સર્વે કર્યા વગર કહી શકાતું નથી કે, આ નાગરિક ક્યાંનો છે! બધે સૈનિકો જ મરશે, ક્યાંય કોઈ રાજનેતા મરશે નહીં! એ સમજવું પડશે તો જ શાંતિ માટે વિચારી શકાશે! બાકી ચિંતન એક એવું માધ્યમ છે, જ્યાં કોઈ માટે હૃદયમાં મેલ નથી, જ્યાં અપેક્ષિત ઉપેક્ષિત સર્વ ભાવ સમાન! આમ પણ સમાજ એને જ કહેવાય! ટૂંકમાં જ્યાં કોઈ એક પણ મુદ્દો એવો નથી જેમાં બધાનો મત સરખો પડે! ખુદ માટે આમ અને અન્ય માટે જુદું એમ બેવડી વિચારધારા વાળા લોકો જ્યાં સુધી સમાજમાં હશે, ત્યાં સુધી એ માત્ર કહેવાનો વિકાસ કરશે. પણ હવે આત્મ ઉત્થાન પર અમલ કરવાનો સમય આવી ગયો છે, નહીં તો આપણું અસ્તિત્વ જોખમમાં છે. સવાલ એ થાય કે ચરિત્ર વાન બનવું કેમ ? ભારતીય સંસ્કૃતિમાં એવાં કેટલાંય મહાપુરુષ થઈ ગયાં, જેને આદર્શ માની જીવીએ તો જીવન ઉર્ધ્વ ગતિ કરે છે. એકવાર કથામાં પૂજ્ય બાપુએ વિનોબાનો ઉલ્લેખ કર્યો હતો, અને કહ્યું હતું કે એની ભોજન શાળા બહાર ચાર સૂત્રો લખેલાં હતાં. સમયનાં અભાવે બાપુએ એનો વિસ્તાર કર્યો નથી, પણ સમાજ જો આ રીતે વિચારીને જીવે ચરિત્ર વાન બની શકે. સમાજ દિશા હીન થઈને જીવે છે,, ત્યારે જીવનની પ્રાથમિકતામાં આ સૂત્રોને સ્થાન આપે તો સમાજ થોડો સ્વસ્થ અને શાંત થઈ શકે, એવું વિચારી ચિંતનમાં એને આવરી લેવામાં આવ્યા છે

૧) કાલ જાગરણ.
૨) સ્નેહ સાધનમ્.
૩) કટુ વર્જ્ય.
૪) ગુણ નિવેદન.

કાલ જાગરણઃ કાલ જાગરણ નો સીધો સાદો એક સ્થૂળ અર્થ કરીએ તો,સમાજમાં વસતાં દરેકે દરેક વ્યક્તિએ સમજવું ઘટે કે આપણે ૨૧મી સદીમાં પ હોંચી ગયા છીએ, જૂના સમયનું તથ્ય પથ્ય જે કંઈ હોય એ દરેક વખતે સાચું અને અપનાવવા જેવું નથી હોતું! આ ઉપરાંત સમયની સાથે કદમ મેળવવા માટે આપણે વર્તમાન સમયમાં જ જીવવું પડે. સૂક્ષ્મ અર્થ કરીએ તો આ કળિયુગ છે, અને એમાં હું મારા વિકાસ કે પતન માટે અન્ય કોઈને જવાબદાર ઠેરવી શકું નહીં, મારી પોતાની જાગૃતિના હોવા કે ન હોવાને, કારણે જ મારું જીવન આ કક્ષાએ છે. એટલે કે મને જે બાબતે ફરિયાદ છે, એ ફરિયાદના નિવારણની અપેક્ષા અન્ય પાસે રાખવી વ્યર્થ છે, મારે જ જાગવું પડે અને એનું નિવારણ કરવું પડે. તમસની અંધેરી રાત પછી જ સૂર્યોદય થાય છે, એમ સામૂહિક રીતે સૌ કોઈ પોતાના આવાં અજ્ઞાનના અંધારા દૂર કરવા કટિબદ્ધ થાય, ત્યારે જ સાચું કાલ જાગરણ થાય છે, અને યુગ નિર્માણની ઘટના ઘટે છે.

સ્નેહ સાધનમઃ મનુષ્ય એક સામાજિક પ્રાણી છે અને એને પોતાનું જીવન ટકાવી રાખવા જેમ ખોરાક પાણીની જરૂરત પડે, એ જ રીતે તેને પ્રેમ એટલે કે લાગણીની પણ જરૂર પડતી હોય છે. સ્નેહ એક એવું સાધન છે, જે સંબંધોમાં હોવું બહુ અનિવાર્ય છે. સાંસારિક સંબંધોમાં સ્નેહનું પ્રમાણ ઘટતું જાય છે, અને એને કારણે વિખવાદ કે વૈમનસ્ય ઊભું થતું જાય છે. પરિવારો તૂટતાં જાય છે, વિભક્ત પરિવારો પણ લગ્ન વિચ્છેદ સુધી પહોંચ્યા છે. પણ જો શાંતિ ઈચ્છતાં હોઈએ, તો આપણી આસપાસનાં પરિસરને પરિવાર બનાવી એની સાથે સ્નેહ પૂર્વકના સંબંધની સ્થાપના થાય, તો સમાજ સ્વસ્થ બને. આજે સમાજમાં સુખ માટે માનવી પાસે કેટલી એ પ્રકારના સાધનો છે, પરંતુ સ્નેહ નામનું સાધન એના જીવનમાંથી લુપ્ત થતું જાય છે, અને એને કારણે જ એને જિંદગીભર તૃપ્તિનો અનુભવ થતો નથી. સ્નેહના અભાવ માટે આપણી વસ્તુ, વ્યક્તિ, વિચાર, કે વસુ એટલેકે નાંણા પ્રત્યેની મમતા જવાબદાર છે. જે દરેકમાં મારું! મારું! કરીને પરિવારને વિભાજિત કરે છે. ચરિત્ર નિર્માણ માટે સ્નેહ સાધન એ બહુ આવશ્યક સૂત્ર છે, જાગ્યાં પછી એટલે કે જાગરણ પછી, અહીં કંઈ જ શાશ્વત નથી! તો મારું ! મારું કરીને જીવનની સંકિર્ણતા વધારવી શું કામ જોઈએ? અસલી મજા તો સબ કે સાથે હૈ!

કટુ વર્જ્યઃ કટુ એટલે કે કડવાસ પર પ્રતિબંધ કે રોક રાખવી. વાણી વિચાર કે વ્યવહારમાં કટુતા પ્રવેશી ન જાય, એનું સતત ધ્યાન રાખવું. કોઈની જે વાત આપણને ન ગમતી હોય, એ બીજાને પણ ન ગમે એ સહજ વાત છે, એટલે આપણાં વ્યવહારો કટુતા ભર્યા હોવા જોઈએ નહીં, મિતભાષી અને મૃદુ વ્યવહાર બહુ જરૂરી છે. આપણી પાસે તો રામાયણ મહાભારત જેવાં મહાગ્રંથનું ઉદાહરણ છે, કે જેમાં નાનકડાં એવા એક બે કટુ વચનને કારણે પરિવારો તૂટ્યાં ,સંબંધો વિખરાયા, અને ભયંકરમાં ભયંકર યુદ્ધ થયું. શરીર સ્વાસ્થ્ય માટે જેમ છ રસની પૂર્તિ જરૂરી છે,એમ ક્યારેક શીખ શીખામણ કે શિસ્ત માટે કટુતા ઠીક છે! બાકી જિંદગીભર સતત કારેલાનું શાક, કડવા લીમડાનો રસ કે સુદર્શન લઈ શકાતું નથી, એ વાત ખાસ યાદ રાખવી.

ગુણ નિવેદનઃ ગુણ નિવેદન એટલે આપણી આસપાસ પરિસરમાં રહેતા તમામ જીવનાં ગુણોની પ્રશંસા કરવી!ઃ એટલું જ નહીં, આપણા ખુદના ગુણોની પણ આપણે મનોમન પ્રશંસા કરવી, અથવા તો એને પ્રોત્સાહિત કરવાં. અહંકાર ન આવી જાય એ રીતે પોતાનું મહત્વ આકવું! અને લઘુતાગ્રંથિથી બચવું! ઈશ્વરે દરેકે દરેકમાં કોઈને કોઈ ખાસિયત મૂકી છે તો કોઈને કોઈ પ્રકારની ખામી પણ મૂકી છે, આ વાત ખાસ યાદ રાખવી. સાંપ્રત સમયમાં આ સ્માર્ટફોનને કારણે દરેકે દરેક વ્યક્તિ પાસે માહિતીનો ભંડાર છે!ઃ અને એટલે કોઈને ઉતારી પાડવા માટે જ જન્મ્યા હોય એમ, એની વાતનું ખંડન કરે!ઃ આ રીતે ગુણ નિવેદન થતું નથી. જેમ મારામાં ગુણ છે અને એની સાથે સાથે અમુક ત્રુટી પણ છે, બસ એ જ રીતે સામેવાળામાં પણ કોઈને કોઈ પ્રકારના ગુણ છે જ! અને મારે એ ગુણનું માન સન્માન કરવું જોઈએ! સમાજનો એક એક વ્યક્તિ જ્યારે આ રીતે વિચારશે ત્યારે જ સમાજ સ્વસ્થ બનશે. સમય ખરાબ ચાલે છે! કે પછી કળિયુગ છે! મારા એકના સુધરવાથી યુગ પરિવર્તન થવાનું નથી! જેવા સાથે તેવા! કે પછી સત્યનો જમાનો નથી! એવાં બધાં કારણોની આડે આપણે પણ આ બધામાં સામેલ થઈ જઈએ છીએ! માત્ર આપણા સ્વાર્થ કે સુખ માટે નહીં, પણ સર્વ જન સુખાય અને સર્વ જન હિતાય હશે એ મુજબ જ હું હવે જીવીશ, આવો શિવ સંકલ્પ આપણે સૌ કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**માગવાથી સાચી મૈત્રીનું ગૌરવ ટકતું નથી, સાચી મૈત્રી સમજનાર કદી માગતો નથી, સુદામાની ભગવાન પ્રત્યેની મૈત્રી જુઓ, સુદામાની સ્થિતિ ગરીબ હતી**

## સ્વાર્થી લોકોએ દુનિયા પર એવી છાપ ઊભી કરી છે..!!! જો તમે હાલચાલ પૂછો તો પણ લોકો વિચારે છે કે કંઈક કામ તો હોવું જ જોઈએ..!!!!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ભાગવતનો મુખ્ય વિષય છે નિષ્કામ ભક્તિ, ભાગવત સર્વ માટે છે, વેદાંત સર્વ માટે નથી, વેદાંતનો અધિકાર સર્વને નથી, વેદાંત જેને બ્રહ્મને જાણવાની જિજ્ઞાસા થાય છે તેને માટે છે, જ્યારે ભાગવત તો સર્વ માટે છે, ભાગવતનો અધિકાર સર્વને છે છતાં શ્રોતાજનોને ઉદ્દેશીને કહ્યું છે કે નિર્મત્સર થઇને કથા સાંભળવી મત્સરએ મોટામાં મોટો શત્રુ છે, મત્સર બધાને પજવે છે, જ્ઞાની તેમજ યોગીઓને પણ પજવે છે.**

રાજ્ય વિધાન સભાની બે બેઠક કડી અને વિસાવદરની પેટાચૂંટણી યોજાઇ જેના જાહેર થયેલ પરિણામમાં કડીમાં કોંગ્રેસને હરાવી ભાજપ જીત્યું તો વિસાવદરમાં આમ આદમી પાર્ટીએ ભાજપને હરાવ્યું. અહી પક્ષ કરતાં ગોપાલ ઇટાલિયા (આપ) જીત્યા છે. ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકોમાં ભાજપ-૧૬૧ કોંગ્રેસ-૧૨ આમ આદમી પાર્ટી-૦૬ અપક્ષ અન્ય -૦૩ એવી લગભગ સ્થિતિ થઈ છે.લોકો હૃદય મનથી ઉકળી ઉઠી છે કે જે રીતે તગડા ટેક્ષ મોઘવારી વધે છે તેવી સતર્કતા પ્રજાલક્ષી કામોમાં ઝડપી વધે અને ભ્રષ્ટાચાર ઘટે,રોજગારી વધે પરંતુ કંઇ જ થતું નથી ને છતાં નેતાઓ ચૂંટાય છે અને તમે જુઓ અનુભવો જેવા તાકડધીના કરે છે.જે હોય તે હવે ગ્રામ પંચાયતોની ચૂંટણીનાં પરિણામો જાહેર થશે..લોકો વિસ્તાર સતત ચિંતિત અને નિસાશા નાખતી જ રહેશે. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો નિષ્કામ ભક્તિ ઉત્તમ છે. વૈષ્ણવો મુક્તિની પણ અપેક્ષા કરતા નથી. હરિના જન તો મુક્તિ ન માગે,જનમો જનમ અવતાર રે. મુક્તિ કરતા ભક્તિમાં અલૌકિક આનંદ છે. ભક્તિમાં જેને આનંદ મળે છે તેને મુક્તિનો આનંદ તુચ્છ લાગે છે. વૈષ્ણવો માને છે, મુક્તિએ તો મારા ભગવાનની દાસી છે, મારે દાસીનું કામનથી, ભગવાનનું કામ છે. દાસી કરતાં મારા ભગવાન વધારે છે. રામકૃષ્ણ પરમહંસને કેન્સર થયેલું શિષ્યા કહે છે કે, માતાજીને કહો. તારો રોગ સારો કરે.રામકૃષ્ણે કહ્યું, મારી માતાને હું મારા માટે તકલીફ નહીં આપું. ભક્તિનો અર્થ એવો નથી કે પોતાના સુખ માટે ઠાકોરજીને પરિશ્રમ આપવો. માગવાથી સાચી મૈત્રીનું ગૌરવ ટકતું નથી. સાચી મૈત્રી સમજનાર કદી માગતો નથી. સુદામાની ભગવાન પ્રત્યેની મૈત્રી જુઓ. સુદામાની સ્થિતિ ગરીબ હતી. તેમની પત્નીએ તેમને શ્રીકૃષ્ણને ત્યાં માગવા મોકલ્યા. સુદામા ભગવાને મળવા આવ્યા છે. સુદામા માગવા આવ્યા નથી. દ્વારિકાનાથનો તેમણે વૈભવ જોયો, પણ સુદામાએ જીભ કચડી નથી. સુદામાને લાગ્યું કે, મારા દુઃખની કથા સંભળાવીશ, તો મારા પ્રભુને દુઃખ થશે. મારાં દુઃખ એ મારાં કર્મનું ફળ છે. મારાં દુઃખ માટે પ્રભુને શા સારું દુઃખ કરું? એટલે સુદામાએ ભગવાન પાસે કાંઈ માગ્યું નથી. સુદામાને બસ એક જ ઇચ્છા છે.મારાપૌંવા ભગવાન આરોગે. સુદામા લેવા આવ્યા નથી, તે પોતાનું સર્વસ્વ આપવા આવ્યા છે. ઈશ્વર પહેલાં તમારું સર્વસ્વ લેશે તે પછી પોતાનું સર્વસ્વ આપશે અને જે ઈશ્વરને સર્વસ્વ આપશે તેને ઈશ્વરનું સર્વસ્વ મળશે. જીવ નિષ્કામ બને છે ત્યારે ભગવાન તેની પૂજા કરે છે. ભક્તિ નિષ્કામ હોય તો ભગવાન પોતાના સ્વરૂપ નું ભક્તને દાન કરે છે. જીવ જ્યારે જીવપણું છોડી ઈશ્વરના દ્વારે જાય છે, ત્યારે ઈશ્વર પણ ઈશ્વર પણું ભૂલે છે. દસ દિવસના ભૂખ્યા હતા, તો પણ સુદામાએ પોતાનું સર્વસ્વ ભગવાનને આપી દીધું. સુદામાના પૌંવા ભલે મુઠી જેટલા હશે પણ સુદામાનું તે સર્વસ્વ હતું. પૌંવાની કિંમત ન હતી. સુદામાના પ્રેમની કિંમત હતી ગોપીઓએ કાંઈ માગ્યું નથી. ગોપીઓની ભક્તિ નિષ્કામ હતી, એટલે ભગવાન ગોપીઓના ઋણમાં રહ્યા છે. ગોપીગીતમાં પણ ગોપીઓ ભગવાનને કહે છે કે, અમે તમારી વગર વેતનની દાસીઓ છીએ. અમે માત્ર તમારી નિષ્કામ સેવા કરી જાણીએ. કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણ તેમજ ગોપીઓ મળે છે,ત્યારેપણ ગોપીઓ શ્રીકૃષ્ણ પાસે કાંઈ માગતી નથી, ફક્ત એટલું જ કહે છે કે, સંસારના કૂવામાં પડેલા તમારા ચરણનો આશરો લે તો તરી જાય છે તેમ અમે ઘરમાં રહીએ તોયે અમારા મનમાં તમારા ચરણનું સ્મરણ રહો. એક ગોપી ઉદ્ધવજીને કહે છે, ઉદ્ધવ તું કોનો સંદેશો લઇને આવ્યો છે? શ્રીકૃષ્ણનો? તે તો અહીં જ છે! શ્રીકૃષ્ણ મથુરા ગયા જ નથી. મારા ઠાકોરજી હંમેશાં મારી સાથે છે.ચોવીસ કલાક અમારો અને તેનો નિત્ય સંયોગ છે, ગોપીઓનો પ્રેમ યુદ્ધ છે. ગોપીઓ જ્યારે ઠાકોરજીનું સ્મરણ કરે છે, ત્યારે ઠાકોરજીને પ્રગટ થવું પડે છે ગોપીઓની નિષ્કામ ભક્તિ એવી છે કે, તે ભગવાનને ખેંચી લાવે છે ભગવાન પોતે જ ઉદ્ધવને કહે છે કે મારી ગોપીઓ મારામય ચિત્ત વાળી છે. ઠાકોરજીને નિત્ય સાથે રાખશો,તો જ્યાં જશો ત્યાંભક્તિ કરી શકશો.તેથી તો તુકારામ કહે છે કે,ભલે મને ભોજન ન મળેપણ ચોવીસ કલાકમાં એક ક્ષણ પણ પ્રભુ,હે વિઠ્ઠલનાથ મને તમારાથી અલગ ન કરશો. ગોપીઓનો આદર્શ આંખ સમક્ષ રાખી ભગવાનની ભક્તિ કરો. સુદામાની નિષ્કામ ભક્તિ યાદ રહે તેવી ભક્તિ કરો.ભક્તિ નિષ્કામ હશે તો ભગવાન પોતાનું સ્વરૂપ આપી દેશે, અને તેથી જ નિષ્કામ ભક્તિ એ ભાગવતનો મુખ્ય વિષય છે.નિષ્કામ ભક્તિ શ્રેષ્ઠ છે.ગોપીઓનો શ્રીકૃષ્ણ પ્રત્યેનો પ્રેમએ નિષ્કામ ભક્તિનું ઉદાહરણ છે. ગોપીઓને મુક્તિની પણ ઈચ્છા ન હતી. શ્રીકૃષ્ણનું સુખ એ જ મારું સુખ એવો પ્રેમનો આદર્શ ગોપી ઓનો હતો.એક સખીએ ઉદ્ધવને સંદેશો આપ્યો છે કે, શ્રી કૃષ્ણ વિયોગમાં અમારી દશા કેવી છે તે તો તમે જોયું છે. હવે મથુરા ગયા પછી શ્રીકૃષ્ણને કહેજો કે, આપ મથુરામાં આનંદમાં બિરાજતા હો તો અમારા સુખ માટે વ્રજમાં આવવાનો પરિશ્રમ કરશો નહીં. અમારો પ્રેમ જાતે સુખી થવા માટે નહીં, પરંતુ શ્રીકૃષ્ણને સુખી કરવા માટે છે. શ્રીકૃષ્ણના વિયોગમાં અમે દુઃખી છીએ, વિલાપ કરીએ છીએ, પરંતુ અમારા વિના જો મથુરામાં સુખી હોય તો ભલે ત્યાં જ સુખી રહે. અમારા સુખ માટે તેમણે અહીં આવવાની જરૂરનથી પરંતુ જો તેમને પોતાના સુખ માટે અત્રે આવવું હોય તો ભલે આવે!બીજાને સુખે સુખી થવું એ જ પ્રેમનું લક્ષણ છે. ધન્ય છે વ્રજભક્તને તે શ્રીકૃષ્ણને મથુરામાં મળવા ગયા નહીં. ગોપી પ્રેમમાં પાગલ બને છે,ત્યારે અનુભવ કે છે કે શ્રીકૃષ્ણ મારી સાથે છે. એક સખી વિચારે છે કે, હું મથુરા જાઉં પણ હું ત્યાં જાઉં અને ઠાકોરજીને કાંઇક પરિશ્રમ થાય તો?પરમાત્માનાં દર્શન કરતાં મને આનંદ થશે પણ મને જોતાં મારા ઠાકોરજીને કદાચ સંકોચ થાય કે આ ગામડાંની ગોવાલણ અહીં શું કામ આવી! ના ના, મારે મથુરા જવું નથી.એ તો મારા પ્રેમમાં જ કાંઈ ખામી, એટલે તેઓ મને છોડી ગયા! મારો પ્રેમ સાચો હશે તો જરૂર તેઓ ગોકુળ આવશે. ત્યાં સુધી હું વિયોગનું દુઃખ સહન કરીશ. ગોપીઓનો પ્રેમ આવો નિષ્કામ છે. ગોપીઓની આવી ભક્તિથી પરમાત્મા ગોપીઓના ઋણમાં રહ્યા છે. ગોપી પ્રેમનો મહિમા અહીં જોવા મળે છે. શ્રીકૃષ્ણ પ્રભુએ એક વખત બીમાર પડવાનું નાટક રચ્યું. કોઈ દવા સફળ થઈ નહીં, ત્યારે પ્રભુએ કહ્યું કે, કોઈ વૈષ્ણવ પોતાની ચરણની રજ દવા તરીકે આપે, તો મારો રોગ સારો થાય. શ્રીકૃષ્ણની પટરાણી કહે,ઓય મા, પ્રાણનાથને ચરણરજ આપી એ તો મોટું પાપ લાગે અને નરક માં જવું પડે. બીજાઓ પાસે પણ ચરણરજની માગણી કરવામાં આવી,પણ નરકની બીકે કોઈ તૈયાર ન થયું. અંતે ગોપીઓ પાસે વાત પહોંચી. ગોપીઓએ વાત સાંભળી કે તરત જ બોલી ઊઠી, અમારો કનૈયો સુખી થતો હોય, તો અમે નરકની યાતનાઓ સહન કરવા પણતૈયાર છીએ. ગોપીઓએ ચરણરજ આપી. શ્રીકૃષ્ણનો રોગ સારો થયો સાચા નિષ્કામપ્રેમની પરીક્ષા થઈ ગઈ. ભાગવતનું ફળ છે નિષ્કામ ભક્તિ નિષ્કામ ભક્તિ ભગવાનને પ્રસન્ન કરે છે. ગોપીઓની જેમ નિષ્કામ ભક્તિ કેળવો.ભક્તિથી મુક્તિ મળે છે. ભક્તિ વિના વૈરાગ્ય અને જ્ઞાન ન મળે.જ્ઞાન વગરની ભક્તિ આંધળી છે અને ભક્તિ વગરનું જ્ઞાન પાંગળું છે. ભાગવતનો મુખ્ય વિષય છે નિષ્કામ ભક્તિ. ભાગવત સર્વ માટે છે, વેદાંત સર્વ માટે નથી. વેદાંતનો અધિકાર સર્વને નથી. વેદાંત જેને બ્રહ્મને જાણવાની જિજ્ઞાસા થાય છે તેને માટે છે, જ્યારે ભાગવત તો સર્વ માટે છે. ભાગવતનો અધિકાર સર્વને છે છતાં શ્રોતાજનોને ઉદ્દેશીને કહ્યું છે કે નિર્મત્સર થઈને કથા સાંભળવી મત્સરએ મોટામાં મોટો શત્રુ છે.મત્સર બધાને પજવે છે. જ્ઞાની તેમજ યોગીઓને પણ પજવે છે. ચાંગદેવ યોગ સિદ્ધિના બળે ચૌદ સો વર્ષ જીવ્યા હતા. મૃત્યુને ચૌદ વખત તેઓએ પાછું ઠેલ્યું હતું, પણ તેઓ સિદ્ધિઓમાં ફસાયેલા હતા. તેમને પ્રતિષ્ઠાનો મોહ હતો. જ્ઞાનેશ્વરની કીર્તિ સાંભળી તેમના માં મત્સર પેદા થયો.તેઓ જ્ઞાનેશ્વરને પત્ર લખવા બેઠા.ત્યાં થયું કે પત્રમાં જ્ઞાનેશ્વરને માટે શું સંબોધન લખવું? જ્ઞાનેશ્વર ઉંમરમાં નાના સોળ વર્ષના એટલે પૂજ્ય તો કેમ લખાય?તો આવા જ્ઞાની પુરુષને ચિરંજીવી પણ કેમ લખાય? આ ભાંજગડમાં પત્રની શરૂઆત જ ન કરી શક્યા. તેથી તેમણે કોરો પત્ર જ્ઞાનેશ્વર ઉપર મોકલ્યો. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત, કેટલાક દિવસોથી વિહવળતાં હતી કડી વિસાવદર વિધાન સભાની પેટા ચૂંટણી ગોપાલ ઇટાલિયા આપ જ સમગ્ર રાજ્યમાં છવાયેલા રહ્યા અને જીત્યા ત્યારે જાણે આખા ગુજરાતના લોકોની જીત થઇ હોય તેવું લાગ્યું.. ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીનું પરિણામ જાહેર થાય તેની ઇન્તજાર..બસ અહીં અટકીએ અસ્તુ.

### આમિર ખાન ગુલશન નામના સ્પોર્ટ્સ કોચનો રોલ કરે છે

# 'સિતારેં ઝમીન પર' ખૂબ હસાવે એવી ફિલ્મ

**દિલ્હી બાસ્કેટ બોલ ટીમન હેડ કોચને જાહેરમાં લાફો મારવા માટે તેને કામમાંથી સસ્પેન્ડ કરાવ્યો છે**

આમિર ખાનની ફિલ્મ 'તિસારેં ઝમીન પર' રિલીઝ થઈ ચુકી છે અને તેને હકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે. વિવિધ પ્લટફર્મ પર આ ફિલ્મને મળી રહેલા રીવ્યુ પરથી એક બાબત ધ્યાનમાં આવે છે કે આ ફિલ્મ તમને આ માનતા કરી દેશે કે હજુ પણ આ દુનિયામાં માનવતા અને માણસી છે. હજુ પણ આ અંધકારભરી દુનિયાને પેલે પાર હજુ પણ પ્રકાશની આશા છે. અંધકાર પાર કરીને તમે હજુ પણ પ્રકાશના કિરણની દિશામાં જઈ શકો છો. આજે પણ કરુણા, આશા, પ્રેમભર્યું મન અને હાસ્ય માનવતાના ઉત્તમ લક્ષણો છે. જ્યારે આમિરે જાહેરાત કરી કે તે તેની ૨૦૦૭ની ફિલ્મ 'તારે ઝમીન પર'ની સિક્વલ બનાવશે, ત્યારે આપણે જાણતા નહોતા કે એ ફિલ્મના પડઘા આ ફિલ્મમાં કઈ રીતે ઝિલાશે. એ ફિલ્મમાં જે દિલ ચીરી નાખે એવી લાગણીશીલતા હતી, તેનાથી ઉલટું આ ફિલ્મ તમને હસાવશે અને સમર્પણભાવના વિચાર સાથે જોડશે. 'સિતારેં ઝમીન પર' ફિલ્મની વાર્તાના કેન્દ્રમાં એક સ્વાર્થી અને લાગણીહિન બાસ્કેટબોલ કોચ ગુલશન એટલે કે આમિર ખાન છે, જેના પર એક ન્યુરોડાયવર્જન્ટ બાળકોને તાલીમ આપવાની ફરજ પાડવામાં આવે છે. આ સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મમાં આમિર આ બાળકો સામે લડે છે, જે માને છે કે આ એક એવા બાળકોનું ટોળું છે, જે ક્યારેય નોર્મલ નહીં થઈ શકે. તે આ બાળકોની નાચી રહેલા જાનૈયા સાથે પણ સરખામણી કરે છે, જે કોઈ કાળજી કે શિસ્ત વિના નાચ્યા કરે છે. બહારથી ગુલશનનું જીવન પરફેક્ટ લાગે છે. પરંતુ નજીકથી જુઓ તો એ બિલકુલ ઉથલપાથલ ભર્યું છે. તેનું લગ્નજીવન ભંગાણના આરે છે.




### આ ફિલ્મ ૨૦૦૨ના અક્ષરધામ હુમલા પર બની છે

# અક્ષય ખન્નાની 'અક્ષરધામ: ઓપરેશન વજ શક્તિ' ૪ જુલાઈએ રિલીઝ થશે...

અક્ષરધામ હુમલાની ઘટના સમગ્ર ગુજરાત અને દેશ માટે એક મહત્વની અને યાદગાર ઘટના છે. આ જ ઘટના પર બનેલી અક્ષય ખન્નાની ફિલ્મ બન્યાના પાંચ વર્ષ પછી હવે થિએટરમાં રિલીઝ થઈ રહી છે. અક્ષય ખન્નાની આ ફિલ્મ ૨૦૨૧માં બની હતી, જ્યાં તે 'સ્ટેટ ઓફ સેઈજ:ટેમ્પલ એટેક'ના નામે ઓટીટી પર મુકવામાં આવી હતી. હવે આ ફિલ્મને ઓટીટી પર રિલીઝ કરવાનો નિર્ણય લેવાયો છે. આ ફિલ્મ ૪ જુલાઈએ થિએટરમાં 'અક્ષરધામ: ઓપરેશન વજ શક્તિ'ના નામે રિલીઝ કરવામાં આવશે. કેન ઘોષે ડિરેક્ટ કરેલી આ ફિલ્મ ૨૦૦૨ના અક્ષરધામ હુમલા પર બની છે. તેમાં આતંકી હુમલો અને નેશનલ સિક્યોરિયા ગાર્ડની બહાદુરી, જેમણે આ હુમલાખોરોનો ખાતમો બોલાવ્યો હતો, તેની પણ વાત કરવામાં આવી છે. આ ફિલ્મ વાસ્તવિક ઘટનાઓ પર આધારીત છે. જેમાં દેશભક્તિ, તણાવ અને એક્શન પણ છે. આ ફિલ્મ નવા નામ સાથે રિલીઝ થઈ રહી છે, ત્યારે ફિલ્મની ટીમ દ્વારા ઈન્સ્ટાગ્રમ પર એક પોસ્ટ કરવામાં આવી છે, જેમાં કમાન્ડોનો પડછાયો દેખાય છે અને મંદિરના સ્તંભ દેખાય છે. તેની કૅપ્શનમાં લખ્યું હતું, 'આતંકવાદી કૃત્ય જેનો સામનો અમાપ બહાદુરી સામે થયો, બહાદુરી, બલિદાન અવે ટકી રહાની કથા જીવંત થાય છે, અક્ષરધામ ઓપરેશન વજ શક્તિમાં'.અક્ષય ખન્ના આ ફિલ્મમાં લીડ રોલમાં છે, જે મેજર હનુટ સિંઘ, એક એનએસજી ઓફિસરના રોલમાં છે. તે ઉપરાંત આ ફિલ્મમાં મનોજ સમર, વિવેક દહિયા, અક્ષય ઓબેરોય, અભિલાષ ચૌધરી, પ્રવીણ ડબ્બાસ, સમીર સોની, અભિમન્યુ સિંઘ, મિર સરવર, મંજરી ફડનિસ, ચંદન રોય અને શિવમ ભાર્ગવ સહિતના કલાકારો છે.



### ડિસ્ટ્રીબ્યુટર્સ માને છે કે, કર્ણાટકમાં આ ફિલ્મ ધંધો નહીં કરી શકે

# કમલની 'ઠગ લાઇફ'ને સુપ્રીમની મંજૂરી છતાં ડિસ્ટ્રીબ્યુટરનો ઇનકાર



**કમલ હસનના કન્નાડા ભાષા પરના વિવાદાસ્પદ નિવેદન પછી મણિ રત્નમની ફિલ્મનો કર્ણાટકમાં વિરોધ થયો હતો**

સુપ્રીમ કોર્ટે તો કમલ હસનની ફિલ્મ 'ઠગ લાઈફ' કર્ણાટકમાં રિલીઝ કરવાની મંજૂરી મળી ગઈ છે. પરંતુ ફિલ્મ ડિસ્ટ્રિબ્યુટર્સને આ ફિલ્મ ચલાવવામાં કોઈ રસ નથી. તેઓ માને છે કે સમગ્ર દેશમાં આ ફિલ્મ બે અઠવાડિયાં પહેલાં જ રિલીઝ થઈ ચુકી છે તો હવે આ ફિલ્મ કર્ણાટકમાં રિલીઝ કરવાનો કોઈ અર્થ નથી.કમલ હસનના કન્નાડા ભાષા પરના વિવાદાસ્પદ નિવેદન પછી મણિ રત્નમની ફિલ્મનો કર્ણાટકમાં વિરોધ થયો હતો. ત્યાર પછી કમલ હસન વિરુદ્ધ ફરિયાદ પણ થઈ હતી. ડિસ્ટ્રિબ્યુટર વેંકટેશ કમલાકરે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ નિવેદન આપ્યું હતું. કમલાકરે કહ્યું હતું કે હવે આ ફિલ્મ રિલીઝ કરવાનો કોઈ અર્થ નથી અને કન્નડા લોકોની લાગણી દુભાયા પછી આ ફિલ્મ જોવામાં તેમને કોઈ રસ પણ નથી. કમલાકરે કહ્યું, "મોટા ભાગે તો અમારા ઈનકારનું કારણ એ છે કે બિઝનેસની દૃષ્ટિએ પણ આ નિર્ણય યોગ્ય નથી. અહીં કર્ણાટકમાં એની આગળની ફિલ્મ ઈન્ડિયન ૨ પણ ખાસ ચાલી નહોતી." આગળ તેમણે જણાવ્યું કે ૨૦૨૨માં કમલ હસનની વિક્રમ સારી ચાલી હતી. પરંતુ કર્ણાટકમાં એમનો એવો કોઈ મોટો પ્રસંશક વર્ગ નથી, કે કોઈ પણ ભોગે તેઓ આ ફિલ્મ જોશે જ. "જ્યારે તેમની ફિલ્મની વાત આવે છે, તો સફળતા ફિલ્મ કેટલી સારી છે, તેના પર જ રહેલો છે. ઠગ લાઈફ ઘણા લોકોને બહુ ખાસ ગમી નથી. તો આ ફિલમ રિલીઝ કરવી હવે જોખમી છે." ઈન્ડસ્ટ્રીના સુત્રોના જણાવ્યા અનુસાર ડિસ્ટ્રીબ્યુટર્સે ફિલ્મની ટીમને એડવાન્સમાં ૯ કરોડ આપ્યા હતા. કમલાકર એ વાતે સહમત થયા કે તેમણે એડવાન્સમાં પૈસા ચુકવ્યા છે.

# બોલિવૂડના હેરસ્ટાઇલિસ્ટ આલિમ હકીમે પ્રોડ્યુસર્સની ટીકા કરી

**તાજેતરમાં આવેલી વિકી કૌશલની ફિલ્મ છાવામાં વિકીની હેરસ્ટાઇલ પણ આલિમ હકીમે જ ડિઝાઇન કરી હતી**

આલિમ હકીમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો સેલેબ્રિટી હેરસ્ટાઈલિસ્ટ કહેવાય છે, જે ખાસ કરીને રજનીકાંત, સલમાન ખાન અને વિરાટ કોહલીની હેરસ્ટાઈલ માટે જાણીતો છે. તે ફિલ્મમાં કલાકારોના લૂક તૈયાર કરવામાં પણ મદદ કરે છે, ૨૦૨૩માં આવેલી રણબીર કપૂરની ફિલ્મ એનિમલનો લૂક પણ તેણે જ આપ્યો હતો, આ સિવાય તાજેતરમાં આવેલી વિકી કૌશલની ફિલ્મ છાવામાં વિકીની હેરસ્ટાઈલ પણ તેણે જ ડિઝાઈન કરી હતી. હવે તેણે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં દાવો કર્યો છે કે કેટલાંક હેર સ્ટાઈલિસ્ટ્સ એવા છે જે કલાકારોની ફિલ્મ હિટ જાય એનું શ્રેય લઈને પ્રોડક્શન હાઉસ પાસેથી ફી વધારવા માટે તેમને પરેશાન કરે છે. તેણે કહ્યું, "ક્યારેક હેર સ્ટાઈલિસ્ટને લાગે છે કે તેમના વિના કલાકારો કામ જ નહીં કરે. તેઓ પ્રોડક્શન હાઉસને તેમની ફી ત્રણગણી વધારવા પરેશાન કરે છે. એ બેઈમાની છે તે અસૈદ્ધાંતિક છે."તેણે આગળ કહ્યું, "તેઓ કલાકારોની અને અન્ય ટેક્નિશિયન્સની છાપ ખરાબ કરે છે. હું હંમેશા તેમને પ્રોફેશનલ બનવા અને પોતાની ફી જાળવી રાખવાની સલાહ આપું છું." તેની દલીલ હતી કે હેર સ્ટાઈલિસ્ટની ફી એકધારી રહેવી જોઈએ, તેના પર કલાકારની માર્કેટ વેલ્યુની અસર ન થવી જોઈએ.તેણે આગળ જણાવ્યું, "એક ફિલ્મ સુપર હિટ થાય કે ન થાય એમાં કોઈ ટેક્નિશિયનને શું ફેર પડે? તેમણે માત્ર કલાકારના વાળ કાપ્યા છે. કલાકારે સારો અભિનય કર્યો છે અને ડિરેક્ટરે સારી



ફિલ્મ બનાવી છે એટલે એ ફિલ્મ હિટ ગઈ છે. એક્ટરને એ હેર સ્ટાઈલિસ્ટ સાથે ફાવતું હોય અને ફિલ્મ ૫૦૦ કરોડ કમાય તો એનો અર્થ એવો નથી કે તમે પણ તમારી ફી વધારી દો."તેણે હેર સ્ટાઈલિસ્ટ્સને એવી પણ સલાહ આપી હતી કે પ્રોડક્શન હાઉસને સહકાર આપે, કારણ કે ઘણી વખત તેઓ જેટલો ફી વધારો માગે છે એટલામાં તો એક ફિલ્મ બની જાય. તેણે કહ્યું, "જો હું વાળ કાપવાના એક લાખ લઉં છું તો એ મારી ફી છે. પણ એનો મતલબ એવો નહીં કે હું કોઈ પાસેથી એક લાખ લઉં, કોઈ પાસેથી બે લાખ અને કોઈ પાસેથી પાંચ લાખ. જો કોઈ પ્રોડક્શન હાઉસ મને બોલાવે છે, તો એમને મારી ફી ખબર છે અને તેઓ એ આપવાની તૈયારીમાં છે, પછી મારી છેલ્લી ફિલ્મ હિટ હતી કે ફલોપ એનાથી કોઈ ફરક પડતો નથી."તેણે કહ્યું હતું કે ઈન્ડસ્ટ્રીમાં મિત્રતા, સન્માન અને સિદ્ધાંતો વધારે મહત્વના છે. જો તમે કોઈને પરેશાન કરશો તો એ બધું જ ગુમાવશો.

### ૨૦૨૬ની ગાંધી જયંતીએ રિલીઝ થશે

# 'દૃશ્યમ-3'નું શૂટિંગ ઓક્ટોબરમાં શરૂ કરશે

અજય દેવગનની બહુ ઓછી ફિલ્મ નિષ્ફળ જાય છે, સાથે જ અજય ફ્રેન્ચાઈઝીની સફળતા માટે સૌથી જાણીતો હિરો માનવામાં આવે છે. તેમાં પણ તેની દૃશ્યમ ફ્રેન્ચાઈઝી સૌથી જાણીતી છે અને લોકપ્રિય થઈ છે. ફિલ્મ રસિક દર્શકોમાં તેનું વિજય સલગાંવકરનું પાત્ર હંમેશા ચર્ચામાં રહ્યું છે. આ વર્ષની શરૂઆતમાં પણ અજય દેવગન આ ફિલ્મ કરી રહ્યો હોવાના અહેવાલો હતા અને આ ફિલ્મ ૨૦૨૫ના અંત સુધીમાં શરૂ થઈ જશે એવા પણ અહેવાલો હતા. ત્યારે હવે એવા અહેવાલો છે કે આ ફિલ્મના પ્રોડ્યુસર કુમાર મંગત અને અભિષેક પાઠકે દૃશ્યમ ૩ માટેનું શિડ્યુલ નક્કી કરી નાખ્યું છે. ત્યારે હવે સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર અજય દેવગનનો સલગાંવકર પરિવાર ૨ ઓક્ટોબર ૨૦૨૫થી આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરવાનો છે. તેમણે જણાવ્યું, "દૃશ્યમ ફ્રેન્ચાઈઝી માટે ગાંધી જયંતની તારીખ બહુ મહત્વની છે તેથી તેઓ હવે આ ફ્રેન્ચાઈઝીની છેલ્લી ફિલ્મનું કામ પણ ૨ ઓક્ટોબરથી શરૂ કરવા માગે છે. એક વખત શૂટ શરૂ થાય તો પછી સતત ત્રણ મહિના સુધી આ ફિલ્મનું શૂટ ચાલશે. મહારાષ્ટ્રના વિવિધ સ્થળો પર આ ફિલ્મ શૂટ થશે, બાકીનું અમુક શૂટ સ્ટુડિયોમાં પણ થશે. અજય દેવગને આ શૂટ માટે પોતાની તારીખો પણ આપી દીધી છે."આ ફિલ્મ શરૂ થયાના બિલકુલ એક વર્ષ પછી એટલે કે ૨ ઓક્ટોબર ૨૦૨૬ના દિવસે રિલીઝ થશે એવી પણ ચર્ચા છે. આ અંગે સુત્ર દ્વારા એવી માહિતી મળે છે કે, "આ ફિલ્મ ૨૦૨૬ની ગાંધી જયંતિએ રિલીઝ થશે. ફિલ્મની સ્ક્રિપ્ટ ફાઈનલ થઈ ગઈ છે. હાલ તેના ડાયલોગ પર કામ ચાલી રહ્યું છે. ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ માટે પણ સમગ્ર સલગાંવકર પરિવાર ફરી એકઠો થશે અને આ વખતે આ પરિવારની વાર્તાનો અંત આવી જશે. આ ફિલ્મ અભિષેક પાઠક ડિરેક્ટ કરશે."થોડાં વખત પહેલાં એવા અહેવાલો હતાં કે મોહનલાલ આ વખતે તેમની દૃશ્યમ ૩ હિન્દીમાં પણ બનાવી રહ્યા છે અને તેનું શૂટિંગ શરૂ પણ થઈ ચૂક્યું છે, ત્યારે અજય દેવગનની ફિલ્મ બનશે કે નહીં અને બનશે તો કોઈ જોશે કે નહીં એવા પણ સવાલો ઉઠ્યા હતા. પછી મોહનલાલ અને અજય દેવગનની ટીમ વચ્ચે મીટિંગ થઈ હોવાના પણ અહેવાલ હતા. ત્યારે હજુ એ નક્કી નથી કે અજય દેવગનની દૃષ્યમ ૩ મલયાલમ ફિલ્મની રીમેક હશે કે પછી એક ઓરિજીનલ નવી વાર્તા બનશે. કારણ કે થોડાં વખત પહેલાં ફિલ્મની ટીમ એક નવા ડ્રાફ્ટ પર પણ કામ કરી રહી હતી. સુત્રએ આ અંગે જણાવ્યું, "જુલાઈ મહિનાના અંત સુધીમાં આ એક નવી ફિલ્મ હશે કે પછી મલયાલમ ફિલ્મની રીમેક તે સ્પષ્ટ થઈ જવું જોઈએ."પરંતુ આ ફિલ્મ શરૂ કરે એ પહેલાં અજય દેવગને 'ટોટલ ધમાલ' અને 'રેન્જર' એ બે ફિલ્મના શૂટિંગ પુરા કરવાના છે. આ ઉપરાંત તે રોહિત શેટ્ટી સાથે 'ગોલમાલ ૫'માં પણ કામ કરી રહ્યો છે. હાલ એવી શક્યતા છે કે તે 'દૃષ્યમ ૩' પૂરું કર્યા પછી ૨૦૨૬ની શરૂઆતમાં 'શૈતાન ૨'નું કામ શરૂ કરશે. તે આ સિવાય પણ કેટલીક ફિલ્મ માટે અજય દેવગનની વાટાઘાટો ચાલી રહી છે.



### અમર ઉપાધ્યાયે આ શો વિશે વાત કરી

# મિહિર અને તુલસી વચ્ચે હવે મેચ્યોર પ્રેમ જોવા મળશે: અમર ઉપાધ્યાય



**આ ઇન્ટરવ્યુમાં અમર ઉપાધ્યાયે કબૂલ્યું કે તેને આશા નહોતી કે, હાલના ઓડિયન્સને આ શોમાં કોઇ રસ પડશે**

ફરી એક વખત સતર વર્ષ પછી દર્શકોને મિહિર અને તુલસીની જોડી જોવા મળશે. ફરી એક વખત 'ક્યુંકી સાંસ ભી કભી બહુ થી' નવા રંગરૂપ સાથે શરૂ થવાનું છે, જેમાં 'ધ ઓજી' કપલ ગણાતાં સ્મૃતિ ઈરાની અને અમર ઉપાધ્યાય ફરીથી જોવા મળશે. ત્યારે અમર ઉપાધ્યાયે તાજેતરનાં એક ઈન્ટરવ્યુમાં આ રોલ અંગે વાત કરી હતી. તેણે જણાવ્યું હતું કે એ જ પાત્રને ફરીથી જીવંત કરવામાં એક અલગ પ્રકારનું પ્રેશર અનુભવાય છે. આ ઈન્ટરવ્યુમાં અમર ઉપાધ્યાયે કબૂલ્યું કે તેને આશા નહોતી કે, હાલના ઓડિયન્સને આ શોમાં કોઈ રસ પડશે, કારણ કે હવે તેમની પાસે જોવા માટે ઘણું કન્ટેન્ટ છે. જોકે, તેને એ જાણીને ઘણું આશ્ચર્ય થયું કે આજે પણ લગભગ બધી જ જનરેશનના લોકોને આ શો માટે ઉત્સુકતા છે.અમર ઉપાધ્યાયે આ શો વિશે વાત કરતા જણાવ્યું, "હવેની સ્ટોરીમાં દરેક પાત્ર કઈ રીતે બતાવ્યું છે, આ ઈન્ટરવ્યુમાં અમર ઉપાધ્યાયે કબૂલ્યું કે તેને આશા નહોતી કે, હાલના ઓડિયન્સને આ શોમાં કોઈ રસ પડશે તેની પાછળ યોગ્ય તર્ક આપવામાં આવ્યું છે અને તેમના સંબંધોમાં શું પરિવર્તન આવ્યા છે એ પણ દર્શાવાયું છે. હવે મિહિર અને તુલસી વચ્ચેનો પ્રેમ પણ મેચ્યોર થઈ ગયો છે. અમે વ્યક્તિ તરીકે અને કલાકાર તરીકે ઘણા આગળ વધી ગયાં છીએ, એ જ બાબત શોમાં પણ જોવા મળશે."

# રજનીકાંતની 'કૂલી'એ ઓવરસીઝ રાઇટ્સમાં ઇતિહાસ સર્જ્યો

**જો જેલરના આંતરરાષ્ટ્રિય અધિકારોની વાત કરવામાં આવે તો, આ ફિલ્મના અધિકારો માત્ર ૩૫ કરોડમાં વેંચાયા હતા**

રજનીકાંત અને લોકેશ કનગરાજ પહેલી વખત 'કૂલી'માં એક સાથે કામ કરી રહ્યા છે. હાલ આ ફિલ્મ સૌથી વધુ રાહ જોવાતી તમિલ ફિલ્મોમાંની એક છે. આ ફિલ્મ પાછળ ઘણું મોટું રોકાણ થયું છે, સાથે જ રજનીકાંત સહિતના સુપરસ્ટાર અને પ્રોડક્શનનાં મોટાં બજેટ પછી આ ફિલ્મ પાસે અપેક્ષાઓ પણ ઘણી છે. તેથી ફિલ્મ માટે એક માહોલ ઉભો કરવા પણ પ્રયત્ન થઈ રહ્યા છે. છેલ્લાં કેટલાંક દિવસોથી ફિલ્મ આસપાસ તેના ઈન્ટરનેશલ અધિકારોને લઈને પણ ઘણી ચર્ચાઓ ચાલે છે. ત્યારે હવે આ અંગે કેટલાંક અહેવાલો આવી રહ્યા છે. કેટલાક સુત્રો દ્વારા મળતી માહતી અનુસાર, 'કૂલી'ના આંતરરાષ્ટ્રિય હકો આયંગરન ઈન્ટરનેશનલને ૬૮ કરોડ જેટલી તગડી રકમમાં વેંચાયા છે. જો જેલરના આંતરરાષ્ટ્રિય અધિકારોની વાત કરવામાં આવે તો, આ ફિલ્મના અધિકારો માત્ર ૩૫ કરોડમાં વેંચાયા હતા, "તમિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની આ અત્યાર સુધીની બીજી સૌથી મોટી ડીલ હોવાનું માનવામાં આવે છે. હજુ જો વૉર ૨ સાથે આ ફિલ્મની ટક્કર ન હોત તો આ ફિલ્મને આનાથી પણ મોટી ડીલ મળી હોત. જોકે, રજનીકાંતની ફિલ્મને મળેલી આ સૌથી મોટી ડીલ છે. આ પહેલાં જેલર કે તેની સિક્વલને પણ આટલી મોટી ડીલ મળી નથી."જો જેલરના આંતરરાષ્ટ્રિય અધિકારોની વાત કરવામાં આવે તો, આ ફિલ્મના અધિકારો માત્ર ૩૫ કરોડમાં વેંચાયા હતા. તો કૂલીને તેના કરતાં લગભગ ડબલ રકમની ડીલ મળી છે. તે આ ફિલ્મની માગ અને અપેક્ષાઓ પણ દર્શાવે છે. કારણ કે આ ફિલ્મમાં રજનીકાંત સિવાય નાગાર્જૂન, ઉપેન્દ્ર અને આમિર ખાન સહીતની મજબુત કાસ્ટ છે. આ પહેલાં થલાપતિ વિજયની ફિલ્મ ફાઈનલને ૭૫ કરોડની ડીલ મળી હતી, તેના પછી કૂલીને ૬૮ કરોડ, ધ ઠગ લાઈફને ૬૩ કરોડ, લીઓને ૬૦ કરોડ અને ગોટને ૫૩ કરોડની ડીલ મળી હતી. જેમ જેમ કૂલી ફિલ્મની રિલીઝ ડેટ નજીક આવે છે, તેમ પ્રોડ્યુસર્સ ફિલ્મને લઈ બધી જ ડીલ પુરી કરવાની તૈયારી કરી રહ્યા છે, આ ફિલ્મ કમાણીના બધા જ રેકોર્ડ તોડી નાખશે એવી આશા છે. આ ફિલ્મ ૩૭૫ કરોડના બજેટમાં બની છે અને ૨૩૦ થી ૨૪૦ કરોડની આવક માત્ર સેટેલાઈટ રાઈટ્સ, ડિજીટલ રાઈટ્સ અને મ્યુઝિક રાઈટ્સ વેંચીને જ કરી લીધી છે. લોકેશ કનગરાજની આ ફિલ્મે ૬૮ કરોડની ડીલ કરી.



### તમામ ઇજાગ્રસ્તોને સંતરામપુર હોસ્પિટલમાં દાખલ કરાયા

# ઝાલોદ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં મતદાન કરવા આવતી ક્રૂઝર ગાડીને નડ્યો અકસ્માત

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ |

ઝાલોદ ગ્રામ પંચાયતની ચૂંટણી સંદર્ભે મતદાન કરવા અમદાવાદથી ઝાલોદ તરફ ક્રુઝર ગાડી લઈને આવતા તેર વ્યક્તિઓને સંતરામપુર બાયપાસ રોડ પર મુરલીધર સ્કૂલ નજીક તારીખ ૨૨-૦૬-૨૦૨૫ રવિવારના રોજ અંદાજીત સવારના પાંચ વાગે ટાટા ટર્બો સાથે અથડાતાં ગમખ્વાર અકસ્માત થયો હતો. આ અકસ્માત એટલો ગંભીર હતો કે સ્થળ ઉપર જ બે વ્યક્તિઓના મોત થયેલ હતા તેવું સાંભળવા મળેલ હતું. અકસ્માતની જાણ થતાં ૧૦૮ ની કુલ ચાર જેટલી એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી ગયેલ હતી. ૧૦૮ એમ્બ્યુલન્સમા તમામ લોકોને તાત્કાલિક સંતરામ પુર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ હતા.



આ બનાવમાં વિક્રમ ડામોર (ઉ. ૨૦), આહાન બાદલ ડામોર (ઉ. ૩૪), સાહિલ ખડિયા (ઉ. ૧૬), કમલેશ ખલસિંગ ખડિયા (ઉ. ૫૦), શાંતાબેન ડામોર (ઉ. ૨૭), રમીલાબેન ડામોર (ઉ. ૪૮), સવિતાબેન કમલેશ ખડિયા (ઉ. ૩૮), વિધાનસિંહ ખડિયા (ઉ. ૧૨), દશરાજ ભંડોર (ઉ. ૩૫), કવિતાબેન ડામોર (ઉ. ૪૫), બાદલ રહેમાન ડામોર (ઉ. ૨૫), અનિલભાઈ ડામોર (ઉ. ૪૦), મંજુબેન કમલેશભાઈ ડામોર (ઉ. ૨૭) નામના વ્યક્તિઓને સંતરામપુર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાતા તમામને તાત્કાલિક સારવાર આપવામાં આવી હતી. જાણવા મળેલ માહિતી મુજબ ઝાલોદ તાલુકાના દાંતગઢ ગામના ચાર વ્યક્તિઓનુ મૃત્યુ થયેલ છે. સાંભળવા મળેલ મુજબ અમુક વધુ ગંભીર ઘાયલ થયેલ લોકોને વધુ સારવાર માટે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ છે.

ઝાલોદ તાલુકા પંચાયતની ચૂંટણીમાં મતદાન કરવા આવતા અલગ અલગ ગામના આ વ્યક્તિઓના અકસ્માત થતાં ઈજાગ્રસ્તોના પરિવારમાં ચિંતા છવાઈ ગયેલ હતી અને ઈજાગ્રસ્તોના પરિવારજનો તાત્કાલિક સંતરામપુર હોસ્પિટલ ખાતે પહોંચેલ હતા. તેમજ મૃત થયેલ વ્યક્તિના પરિવારજનોમા આઘાત સાથે શોકની લાગણી છવાઈ ગયેલ હતી. આ સમગ્ર ઘટના જે સ્થળે થયેલ હતી ત્યાં સંતરામપુર પોલીસ તાત્કાલિક પહોંચી ગયેલ હતી અને જ્યાં અકસ્માત થયેલ હતો તે ઘટના સ્થળે ઉમટી પડેલ લોકટોળા ને હટાવી ટ્રાફિક વ્યવસ્થા જે અટવાઈ ગયેલ હતી તેને ચાલુ કરેલ હતી. આ સંદર્ભે સંતરામપુર પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરી તપાસ હાથ ધરેલ છે.

### ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ અને સબજેલ ખાતે યોગ દિવસની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ |

ઝાલોદ નગરના સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ અને સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે ડૉ પ્રતિમા મહેતાની આગેવાની હેઠળ ડૉ જુમાના વનવાલા (ફિઝિયોથેરાપકસ્ટ) દ્વારા હોસ્પિટલના તમામ કર્મચારીઓને તેમજ સબજેલના તમામ કેદીઓને યોગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ તમામ લોકોને યોગ થી થતા ફાયદા થી માહિતગાર કરી તમામને યોગ કરાવવામાં આવેલ હતું. તેમજ સબજેલ ખાતે કાઉન્સેલર હેતલબેન, અનિલભાઈ તેમજ પ્રકાશભાઈ દ્વારા H2V અને RRR ના સ્વેચ્છીંક ટેસ્ટિંગ કરાવવામાં આવ્યા હતા.

# ઝાલોદ લાયન્સ કલબના ૫૧માં પ્રમુખ બનતા વિષ્ણુભાઈ અગ્રવાલ

### ૫૦મી મેરેજ એનિવર્સરી નિમિત્તે શુભેચ્છાઓ પાઠવતા મહેમાનો

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ |

ઝાલોદ લાયન્સ કલબમા દર વર્ષે સર્વ સંમતિથી નવા પ્રમુખ, મંત્રી, ખજાનચી નિમવામાં આવતા હોય છે. ઝાલોદ લાયન્સ કલબની સ્થાપના થઇ ત્યારથી વિષ્ણુભાઈ અગ્રવાલ પાયાના પથ્થરની મજબૂતી રૂપે આજ સુધી જોડાયેલ છે.વિષ્ણુભાઈ અગ્રવાલ પોતાની સેવાકીય પ્રવૃત્તિ અને કાયમ સારું કરવાના ઉદ્દેશ્યથી જોડાયેલ હોવાથી ઘણી વાર આ સંસ્થાના અનેક હોદ્દાઓ પર રહી ચૂકેલ છે અને તેઓના અને તેમની સાથે શરૂઆતથી જોડાયેલ અને અલગ અલગ સમયાંતરે જોડાયેલ મેમ્બરો સાથે સહુના સાથ સહકાર અને સારા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

અનુભવ અને માર્ગદર્શન થી આજે લાયન્સ કલબના ૫૦ વર્ષ પૂર્ણ થતાં તેઓ ૫૧માં પ્રમુખ સર્વ સંમતિથી બનેલ હતાં. લાયન્સ કલબ દ્વારા પ્રોગ્રામની શરૂઆત કરતા સ્ટેજ પર મહેમાનોના આગમન સાથે તેઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામની શરૂઆત કરતા કિનાયા અગ્રવાલ દ્વારા સુંદર ગણેશ વંદના અને સ્વાગત ડાંસ હની અગ્રવાલ દ્વારા કરવામાં આવેલ હતી.

ઝાલોદ લાયન્સ કલબના ૫૦મા પ્રમુખ મૂકેશ અગ્રવાલ દ્વારા ઉપસ્થિત સહુ મહેમાનોનુ શાબ્દિક સ્વાગત કર્યું હતું તેમજ ચિંતન અગ્રવાલ દ્વારા રાષ્ટ્રધ્વજ વંદના કરવામાં આવી હતી. પ્રોગ્રામની શરૂઆત ઉપસ્થિત સહુ હોદ્દેદારો દ્વારા દિપ પ્રાગટય કરી કરવામાં આવી હતી.ગત વર્ષે લાયન્સ કલબ દ્વારા કઈ કઈ સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવી તે વિશે મંત્રી જવાહર અગ્રવાલ દ્વારા ટૂંકમાં માહિતી આપવામાં આવી હતી.

આજના પ્રસંગે ૫૧મા પ્રમુખ તરીકે પદગ્રહણ સમારોહ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહેનાર લાયન્સ કલબના રમેશભાઈ પ્રજાપતિ (MJF)નો પરિચય મંત્રી લાયન સોનલ દેસાઈ દ્વારા આપવામાં આવેલ હતી. લાયન રમેશ પ્રજાપતિ દ્વારા અનેક દ્રષ્ટાંતો આપી મજબૂતી અને દ્રઢ સંકલ્પ થી કેવી રીતે આગળ વધી શકાય તે વિશે સહુનુ માર્ગદર્શન કરેલ હતું. રમેશ પ્રજાપતિ દ્વારા લાઈવ દ્રષ્ટાંત આપતા એક મંદિર સ્ટેજ પર પાયા થી શિખર સુધી તેમજ મૂર્તિ સ્થાપના કરી એક અનોખો દ્રષ્ટાંત આપેલ હતો કે સહુ મેમ્બરોની મહેનત, સારા કાર્યો કરવાની પ્રેરણા થકી એક બીજાથી જોડાયેલ હોય તો કોઈ પણ કાર્ય અશક્ય નથી. આ પ્રોગ્રામના ચીફ ગેસ્ટ તરીકે આવેલ લાયન મનોજ પરમાર દ્વારા પણ લાયન્સ કલબના વિવિધ કાર્યો વિશે જણાવ્યું હતું. નવા ૫૧માં લાયન્સ કલબ પ્રમુખ બનેલ વિષ્ણુ અગ્રવાલ દ્વારા ઉપસ્થિત સહુ મહેમાનોનુ સ્વાગત કરી તેઓ પર વિશ્વાસ રાખી પ્રમુખ બનાવ્યો તે મને સહુ લાયન્સ મેમ્બરોનો આભાર માન્યો હતો. પ્રોગ્રામના અંતે આ પ્રોગ્રામની આભારવિધિ લાયન્સ મેમ્બર ડૉ ધર્મેન્દ્ર અગ્રવાલ દ્વારા કરવામાં આવી હતી.

લાયન્સ કલબના મંત્રી ડૉ સોનલ દેસાઈ અને તેઓના ધર્મપત્ની સેજલ દેસાઈ દ્વારા એક સુંદર ગીત રજૂ કરી સહુ લોકોનું દિલ જીતી લીધું હતું. વિષ્ણુભાઈ અગ્રવાલના પરિવારજનો માટે આજે ચાર અલગ અલગ ખુશી લઈને આવતો દિવસ હતો પ્રથમ વિષ્ણુભાઈ તેઓની ૫૦મી એનિવર્સરી પ્રસંગે ૫૧મા પ્રમુખ બન્યા, તેઓનો દીકરાના દીકરાને એમ.બી.બી.એસની ડીગ્રી મળી, તેઓના દીકરાના દીકરાનો આજે જન્મ દિવસ આમ ચાર જેટલી ખુશીના પ્રસંગે કેક કાપી પ્રસંગની ઉજવણી કરવામાં આવી હતી.

### ઝાલોદ પોલીસે ઘાવડીયા ચેક પોસ્ટ પર

# રાજસ્થાન તરફથી આવતી ટ્રકમાંથી ૨૯,૯૭,૩ ૮૪નો વિદેશી દારૂ ઝડપી પાડયો : એક વ્યક્તિ ઝડપાયો, એક ફરાર

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ |

ઝાલોદ તાલુકાના ઘાવડીયા ચેક પોસ્ટ પર દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ રાજદિપ સિંહ ઝાલાની સૂચના તેમજ ઝાલોદ ઝોનના ડી.વાય.એસ.પી ડી.આર.પટેલના સૂચન મુજબ અસામાજિક તત્વો તેમજ ગેરકાયદેસર રીતે ચેક પોસ્ટ પર થી માલસામાનની લઈ જતા વાહનો પર નજર રાખી ઝડપી પાડવા કહેલ હતું તે અન્વયે ઝાલોદ પી.એસ.આઈ સી.કે. સીસોદીયા ઘાવડીયા ચેક પોસ્ટ પર પોલિસ સ્ટાફને સાથે રાખી ૨૨-૦૬-૨૦૨૫ ના અંદાજીત રાત્રીના ૯ કલાકે આવતા જતા વાહનોનુ ચેકિંગ હાથ ધરેલ હતું.

ચેકીંગ દરમ્યાન રાજસ્થાન તરફ થી આવતી એક ટ્રક RJ-19-GF-2436 નંબરની ટ્રક આવતા પોલિસ દ્વારા દૂર થી હાથ કરી ઉભું રાખવાનો ઈસારો કરતા ડ્રાઈવર રાજેન્દ્ર મોતીસિંહ રાવત (ઉ.૩૦, રહે. બાગમલી, પો.રુપપુરા, તા.જી ભીલવાડા, રાજસ્થાન) ટ્રક રોકતા ટ્રકમા સાથે બેસેલ બાબુસિંહ રાવત અંધારાનો લાભ લઈ નાસી છૂટેલ હતો પરંતુ પોલીસે ડ્રાઈવરની અટકાયત કરેલ હતી.



પી.એસ.આઈ સી.કે. સીસોદીયા દ્વારા તાત્કાલિક ટ્રક પોલિસ જાપ્તામા લઈ વધુ તપાસ માટે પોલીસ સ્ટેશન ખાતે લઇ જવામાં આવેલ હતો. પોલિસ દ્વારા ટ્રકની તલાસી લેતા પહેલી નજરમાં કોલસા ભરેલ છે તેવું લાગતું હતું વધુ ઝીણવટ રીતે તપાસ કરતા પોલિસ ચોકી ગઈ હતી કોલસાની નીચે વિદેશી દારૂનો જથ્થો જોવા મળેલ હતો. પોલિસને ચેકીંગ દરમ્યાન ટ્રક માંથી ૫૩૪ નંગ દારૂની પેટીનો મોટો જથ્થો મળી આવેલ હતો. જેમાં કુલ ૧૫૯૬૦ નંગ વિદેશી દારૂની બોટલો જેની અંદાજિત કિંમત ૨૯,૯૭,૩૮૪, મોબાઈલ ૧૫,૦૦૦ ,કોલસા ભરેલ થેલા ૨૫૦ નંગ જેની કિમત ૨૫,૦૦૦ તેમજ દારૂની હેરાફેરીમા વપરાયેલ ટ્રક ૧૦,૦૦,૦૦૦ થઈ કુલ ૪૦,૩૭,૩૮૪ મુદ્દામાલ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

પોલિસ દ્વારા ડ્રાઈવરની વધુ પૂછપરછ કરતાં આ વિદેશી દારૂનો જથ્થો નારાયણ કેશુજી ગુર્જર ( ભીલવાડા ) થી લાવેલ હોવાનું જણાવેલ હતું તેમજ આ દારૂ વડોદરા ખાતે લઈ જવાનો છે તેવું માલુમ પડેલ હતું જેનું નામ કે જગ્યાની ડ્રાઈવરને વડોદરા પહોંચ્યા બાદ મળવાની હોવાથી વડોદરા ક્યાં દારૂ લઈ જવાનો હતો તેવું ડ્રાઈવરને ખબર નથી. પોલિસ દ્વારા કુલ ચાર વ્યક્તિઓ વિરુધ્ધ કાયદેસરનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# અમદાવાદ જિલ્લાને મેલેરિયામુક્ત બનાવવા આરોગ્ય અને મેલેરિયા વિભાગ સજ્જ

| અમદાવાદ, તા.૨૩ |

સામાન્ય રીતે ચોમાસાની ઋતુમાં વાહકજન્ય રોગચાળો ફેલાવાની શક્યતા વધુ રહે છે. આ સમયે તકેદારીના ભાગરૂપે આગોતરાં પગલાંઓ હાથ ધરવામાં આવે અને મચ્છરના ઉત્પતિસ્થાનો પર નિયંત્રણ માટેનાં પગલાંઓ ભરવામાં આવે તો મેલેરિયા અને ડેન્ગ્યુના કેસોમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય છે. અમદાવાદ જિલ્લામાં વાહકજન્ય રોગ સામે તમામ અટકાયતી પગલાં ભરવામાં આવી રહ્યાં છે, જેના પરિણામે અમદાવાદ જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષની પરિસ્થિતિ જોતાં મેલેરિયાના કેસોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. અમદાવાદ જિલ્લા પંચાયત સંલગ્ન જિલ્લા આરોગ્ય વિભાગ અને જિલ્લા મેલેરિયા શાખા દ્વારા મેલેરિયા નાબૂદી અભિયાન અંતર્ગત ખાસ એક્શન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે. આ પ્લાન હેઠળ વિવિધ તાલુકા આરોગ્ય કચેરીઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, પેટા આરોગ્ય કેન્દ્રોના સંયુક્ત પ્રયાસોથી વર્ષ ૨૦૨૭ સુધીમાં અમદાવાદ જિલ્લામાં મેલેરિયાના ૦ (શૂન્ય) કેસનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. આ લક્ષ્યાંકની પૂર્તિ માટે તમામ પ્રકારની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જ્યારે તે પછીના ત્રણ વર્ષ દરમિયાન જિલ્લાને મેલેરિયામુક્તિ તરફ લઈ જવાનો પણ ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો છે. અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૯ દરમિયાન ૫૮ કેસ, ૨૦૨૦માં ૨૦ કેસ, ૨૦૨૧માં ૫ કેસ, ૨૦૨૨માં ૫ કેસ, ૨૦૨૩માં ૨ કેસ અને ૨૦૨૪માં ૬ મેલેરિયા પોઝિટિવ કેસ નોંધાયા હતા. એટલું જ નહીં, ચાલુ વર્ષ ૨૦૨૫માં મેલેરિયાના એક પણ કેસ અત્યાર સુધીમાં નોંધાયો નથી.

# દેવગઢ બારીઆ ભેદરવાજાના ઐતિહાસિક દરવાજાના પતરા કેટલાય સમયથી વાવાઝોડામાં ઉડી ગયા હજી સુધી કોઈ ઠેકાણા નહીં

(પ્રતિનિધી)

| દેવગઢ બારીઆ, તા.૨૩ |

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ મા ભયાનક વાવાઝોડું આવેલું જેમાં દેવગઢ બારીઆ તાલુકા અને નગર પાલિકા વિસ્તાર મા ખૂબ મોટું નુકશાન થયેલું જેમાં લાઈટ ના થાંભલા મોટા મોટા વર્ષો જુના ઝાડ તથા મકાનો ધરાશાહી થયેલા અને મકાન ના પતરા ઓ પણ ઉડી ગયેલા જેના કારણે દેવગઢ બારીઆ ની આન બાન શાન ગણાતો ઐતિહાસિક ભેં દરવાજા ના પતરાં પણ ઉડી ગયેલા જેના કારણે અવર જવર કરતા વાહનો તથા આસપાસ મા રહેતા વાહન નો બચાવ થયો હતો પરંતુ વાવાઝોડા ને આજ લગભગ મહિના ઉપર થઈ ગયો પણ હજી સુધી ભેં દરવાજા ની સાર સંભાળ કે તેના સમારકામ ની કોઈ પણ પ્રકાર ની કામગીરી હાથ ધરવા મા આવી નથી આ દરવાજો રાજા રજવાડા વખત નું પ્રવેશ દ્વાર ગણાય છે પરંતુ સરકારી તંત્ર આ બાબત કેમ કઈ રસ નથી લેતું તે કઈ ખબર નથી પડતી.



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

# કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેની અધ્યક્ષતા હેઠળ ખાતર સપ્લાય સમિક્ષા સમિતિની બેઠક યોજાઈ

| દાહોદ, તા.૨૩ |

દાહોદ : દાહોદ જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેની અધ્યક્ષતા હેઠળ ખાતર સપ્લાય સમિક્ષા સમિતિની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠક દરમ્યાન ખેતીવાડી વિભાગ, દાહોદએ પીપીટી દ્વારા આંકડાકીય માહિતી રજુ કરી હતી. જેમાં તાલુકા વાઈઝ વિતરણ સ્થળ અને ખાતરના જથ્થાની વિગત, યુરિયા, ડીએપી તેમજ એનપીકે ખાતરની વિગત, ખાતર વિતરણ માટે કરવાની થતી કામગીરી તેમજ ખાતર વિક્રેતાની સપ્લાય જથ્થાની મર્યાદા નિર્ધારિત કરવા જેવી મહત્વની બાબતોની સમિક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેએ તમામ તાલુકાઓમાં ખાતર સપ્લાય સમયસર થાય અને ખેડૂતો સુધી ખાતર પહોંચે એ મુજબ તકેદારી રાખી કામગીરી કરવા સુચના આપી હતી.

# ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ધ્રોલ તાલુકાના જાલિયા દેવાણી ખાતે આરોગ્ય કેમ્પ યોજાયો

| જામનગર, તા.૨૩ |

ટીબી મુક્ત ભારત અભિયાનના ભાગરૂપે ધ્રોલ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જાલિયા દેવાણી ખાતે આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગ અને એલર્ટ ઇન્ડિયા એન.જી.ઓ. દ્વારા C-19 એક્સપ્રેસ હેલ્થ કેમ્પ અંતર્ગત યોજાયેલા આ કેમ્પમાં આસ પાસના છ ગામો જાલિયા દેવાણી, માનસર, હમાપર, ખીજડિયા, પીપરટોડા અને ખેંગાર-કાના કુલ ૧૦૨ જેટલા ગ્રામજનોએ લાભ લીધો હતો. આ આરોગ્ય કેમ્પના માધ્યમથી 'વર્નરેબલ પોપ્યુલેશન' ગણાતા જૂથોને ટીબી અને અન્ય રોગો પ્રત્યે જાગૃત કરી તેમનું પ્રાથમિક સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. આ જૂથોમાં ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના વ્યક્તિઓ, છેલ્લા પાંચ વર્ષમાં ટીબી થયેલો હોય તેવા વ્યક્તિઓ, ધૂમ્રપાન કરનાર વ્યક્તિઓ, ટીબીના દર્દીઓના સંપર્કમાં આવનાર વ્યક્તિઓ, ડાયાબિટીસ ધરાવતા દર્દીઓ અને કુપોષિત વ્યક્તિઓનો સમાવેશ થાય છે. કેમ્પમાં આવેલા તમામ ગ્રામજનોની પ્રાથમિક આરોગ્ય તપાસ, વજન, ઊંચાઈ, હાઈપરટેન્શન અને ડાયાબિટીસની તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત, છાતીના એક્સ-રે પણ કરવામાં આવ્યા હતા. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. નુપુર પ્રસાદ, જિલ્લા ક્ષય અધિકારી ડો. પંકજકુમાર સિંઘ અને ધ્રોલ તાલુકા હેલ્થ ઓફિસર એચ.એન. ફોજે ના માર્ગદર્શન હેઠળ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જાલિયા દેવાણીના ડો. વિભા સાપોવડિયા અને ડો. પ્રિયંકા ગોધાણી, તેમજ જિલ્લા એસ.બી.સી.સી. ચિરાગભાઈ પરમાર દ્વારા ગ્રામજનોને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ટીબીના લક્ષણો વિશે ભાર મૂકવામાં આવ્યો હતો, જેમાં બે અઠવાડિયાથી વધુ ઉધરસ, ભૂખ ન લાગવી, વજન ઘટવું, સાંજના સમયે ઝીણો તાવ આવવો કે પરસેવો વગેરેનો સમાવેશ થાય છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે અમુક મુદ્દે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારે ધીરજ રાખવાની જરૂર છે કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. તમારી મદદની જરૂર હોય એવા મિત્રની મુલાકાત લેજો. કોઈકની દખલને કારણે તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધો વણસી શકે છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારે કોઈપણ વાત પર નિરાશ થવયનું નથી. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસ પાસના લોકોને પ્રભાવિત કરશે. અંગત માર્ગદર્શન તમારા સંબંધોને સુધારશે. રચનાત્મક ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે સફળતાભર્યો દિવસ કેમ કે લાંબા સમયથી જેની વાટ જોવાતી હતી તે નામના તથા સ્વીકૃતિ તેમને મળશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે કરવામાં આવેલ વધુ પડતી ચિંતા તથા તાણ તમારા સ્વાસ્થ્યને બરબાદ કરી શકે છે.માનસિક સ્પષ્ટતા જાળવવા માટે તમારે મૂંઝવણ તથા હતાશા ટાળવી જોઈએ. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. સાંજના સમયે સામાજિક પ્રવૃત્તિઓ તમારી ધારા કરતાં અનેકગણી સારી સાબિત થશે. પ્રેમ જીવન ગતિશીલ હશે.



**સિંહ (મ,ટ) :**

આજે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ તમારા જીવનમાં બેચેની લાવી શકે છે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે, બસ તેની અનુભૂતિને માણો. કામના સ્થળે આજે કોઈક વ્યક્તિ તમારી સાથે કંઈક સારૂં વર્તન કરશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારૂં મગજ અને મન સારી બાબતોને જલ્દી સ્વીકારશે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે. પૈસા ની બાબત માં તમારે પરિવાર ના બધા સભ્યો ને સ્પષ્ટ રહેવા ની સલાહ આપવી જોઈએ.



**તુલા (ર,ત) :**

આજના દિવસે ભાગ્ય પર વધુ પડતો આધાર ન રાખો અને મહેનત કરો. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારા જીવનમાં જેમનું સૌથી વધુ મહત્વ છે એવા લોકોને તમારી વાત સમજાવવામાં તમને સૌથી વધુ મુશ્કેલી થશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારે કેટલાક આઘાતનો સામનો કરવાની શક્યતા હોવાથી તમારે તમારી લાગણીઓને અંકુશમાં લેવાની તથા તમારા ભયથી મુક્ત થવાની તાકીદે જરૂર છે. તમારા આશાવાદી અભિગમ દ્વારા તમે આ બંનેનો સામનો કરી શકો છો. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે.



**મકર (ખ,જ) :**

આજે અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો.



**કુંભ (ગ,શ,સ) :**

આજે કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારા શોખ પોષવા તથા તમારા પરિવારના સભ્યોને મદદ કરવા માટે પણ તમે તમારો થોડો સમય ખર્ચી શકો છો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. નાણાકીય દ્દષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે. તમારે તમારો ફાજલ સમય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

## ન્યુઝ બોક્ષ

### ગિલે બ્લેક મોજા પહેરીને ICCના નિયમનો ભંગ કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ઈંગ્લેન્ડ સામે પ્રથમ ક્રિકેટ ટેસ્ટમાં રમી રહેલી ભારતીય ટીમે બેટિંગમાં તો શાનદાર દેખાવ કર્યો હતો અને તેના કેપ્ટન શુભમન ગિલે સદી પણ ફટકારી હતી તેમ છતાં ગિલ આ મેચને અંતે મુશ્કેલીમાં મુકાઈ શકે તેમ છે. હકીકતમાં ગિલે શુક્રવારે રમતનો પ્રારંભ થયો તે સમયે આઈસીસીની યુનિફોર્મ કોડનો ભંગ કર્યો હતો અને તેણે ટેસ્ટ મેચમાં વ્હાઈટ યુનિફોર્મની અવગણના કરીને કાળા મોજા પહેર્યા હતા જેની ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ નોંધ લીધી હતી. આ પ્રકારે સફેદ સિવાયના મોજા પહેરવા આઈસીસીના નિયમની વિરુદ્ધની બાબત છે.ક્લોથિંગ અને ઈક્વિપમેન્ટ અંગે આઈસીસીના નિયમ ૧૯.૪૫ અન્વયે ટેસ્ટ ક્રિકેટમાં કોઈ પણ ખેલાડી ટેસ્ટ મેચ દરમિયાન સફેદ, ક્રીમ અથવા તો લાઈટ ગ્રે કલરના ક્લોથમાં હોવો જોઈએ પરંતુ ગિલે કાલા કલરના મોજા પહેર્યા હતા. આઈસીસીનો આ નિયમ મે ૨૦૨૩થી અમલી છે. હવે શુભમન ગિલે કરેલા નિયમભંગ માટે તેની ઉપર પગલાં ભરવાનો નિર્ણય ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની આ ટેસ્ટના રેફરી અને ભૂતપૂર્વ કેરેબિયન ક્રિકેટર રિચી રિચર્ડસન પર રહેલો છે. જો મેચ રેફરી આ બાબતની ગંભીર નોંધ લે તો ગિલ પર મેચ બાદ પેનલ્ટી થઈ શકે છે. આ માટે રેફરી એ તપાસ કરશે કે શુભમન ગિલે જાણી જોઈને આઈસીસીના નિયમનો ભંગ કર્યો છે કે નહીં. શુભમન ગિલ સામે આ નિયમભંગ બદલ તેની મેચ ફીની દસ ટકાથી ૨૦ ટકા રકમનો દંડ થઈ શકે તેમ છે.

### પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીને ટીમ ઈન્ડિયાના કોચ બનવાની ઈચ્છા



। (એજન્સી) કોલકાતા, તા.૨૩ ।

ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ સ્પષ્ટપણે રાજકારણમાં જવાનો ઈનકાર કર્યો છે. પરંતુ તેણે ક્રિકેટ ટીમનો કોચ બનવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ૨૦૧૮-૧૯થી ૨૦૨૨-૨૪ દરમિયાન ગાંગુલી આઈપીએલની ટીમ દિલ્હી કેપિટલ્સનો ટીમ ડિરેક્ટર હતો. એક મીડિયા ઈન્ટરવ્યૂમાં ટીમ ઈન્ડિયાને કોચિંગ પુરૂ પાડવાના સવાલ પર ગાંગુલીએ જણાવ્યું હતું કે, મેં ક્યારેય વિચાર્યુ ન હતું કે, હું જુદી-જુદી ભૂમિકાઓમાં વ્યસ્ત રહીશ. મેં ૨૦૧૩માં ક્રિકેટ રમવાનું બંધ કર્યુ હતું અને બાદમાં બીસીસીઆઈનો અધ્યક્ષ બન્યો હતો. આગળ શું થાય છે, તે જોવાનું રહેશે. હાલ હું ૫૩ વર્ષનો છું. જોઈએ આગળ શું થાય છે. હું કોચ બનવા માટે તૈયાર છું. ગાંગુલીએ સ્પષ્ટપણે કહ્યું છે કે, રાજકારણમાં આવવાની કોઈ ઈચ્છા નથી.

### દિગ્ગજ ખેલાડી સચિન તેંડુલકરની ભવિષ્યવાણી સાચી સાબિત થઈ



। (એજન્સી) લીડ્સ, તા.૨૩ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે લીડ્સમાં પ્રથમ ટેસ્ટ મેચ રમાઈ રહી છે. પ્રથમ બેટિંગમાં ઉતરેલી ભારતીય ટીમ તરફથી યશસ્વી જયસ્વાલ, શુભમન ગીલ અને ઋષભ પંતે સદી નોંધાવી છે, જેના કારણે ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ વિરુદ્ધ મજબૂત સ્કોર ઉભો કરી શકી છે. ત્રણેય બેટરોએ સદી ફટકાર્યા બાદ સચિન તેંડુલકરની ભવિષ્યવાણી અને ૨૦૦૨માં ઈંગ્લેન્ડ વિરુદ્ધ રમાયેલી મેચની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. જયસ્વાલ, ગીલ અને પંતની સદીની જેમ અગાઉ ૨૦૦૨માં ભારતીય ટીમના ત્રણ દિગ્ગજોએ ઈંગ્લેન્ડ વિરુદ્ધની મેચમાં સદી ફટકારી હતી. લીડ્સમાં રમાઈ રહેલી મેચને લઈને વિશ્વ ક્રિકેટના દિગ્ગજ ખેલાડી સચિન તેંડુલકરની પોસ્ટની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. પંતની સદી પહેલા સચિન તેંડુલકરે ભવિષ્યવાણી કરી હતી, જે મેચના બીજા દિવસે સાચી સાબિત થઈ છે. તેંડુલકરની વાત પર જયસ્વાલ, ગિલ અને પંત ખરા ઉતર્યા છે. યશસ્વી જયસ્વાલની વાત કરીએ તો તેણે ઈંગ્લેન્ડ વિરુદ્ધની પ્રથમ ઈનિંગમાં ૧૫૯ બોલમાં ૧૬ ફોર અને એક સિક્સ સાથે ૧૦૧ રન નોંધાવ્યા છે.

### ભારતમાં ક્રૂડ ઓઈલની કુલ માગમાંથી ૮૦ ટકા હિસ્સો આયાત કરવામાં આવે છે, જેમાંથી ૪૦ ટકા હિસ્સો મિડલ ઇસ્ટના દેશોમાંથી આવે છે

# હોર્મુઝ ખાડી બંધ કરવા ઇરાન સંસદની મંજૂરી મળતાં વૈશ્વિક સ્તરે ખળભળાટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ઈરાનના પરમાણુ મથકો પર અમેરિકાના બોમ્બમારા બાદ ઈરાનની સંસદે એક એવો નિર્ણય લીધો છે જેની વિશ્વભરમાં મોટી અસર થઈ શકે છે. ઈરાનની સંસદે વિશ્વભરને ઓઈલ અને અન્ય ઈંધણ પુરુ પાડવા માટે મહત્વપૂર્ણ એવા એક સ્થળ હોર્મુઝ ખાડી એટલે કે જળડમરૂને બંધ કરી દેવાનો નિર્ણય લીધો છે. ઈરાનની સંસદ દ્વારા આ સ્થળને બંધ કરવાના નિર્ણયને મંજૂરી પણ આપી દીધી છે. ઈરાનના આ નિર્ણયથી વિશ્વભરમાં મોટાભાગના દેશોના ઈંધણ સપ્લાય પુરવઠા પર માઠી અસર થવાની ભીતિ છે. કેમ કે આ



એક એવું સ્થળ છે જ્યાંથી વિશ્વભરમાં સપ્લાય થતા ઈંધણનો ૨૫ ટકા હિસ્સો પસાર થાય છે. ઈરાનની નજીક આવેલા આ સ્થળને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ તરીકે ઓળખવામાં આવે છે, જે ફારસની ખાડી અને ઓમાનની ખાડી બન્નેને જોડતો એક સાંકડો હિસ્સો કે ખાડી છે. ઓઈલ સપ્લાય માટે આ સ્થળ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે કેમ કે ઈરાક, કતર, ઈરાન, યુએઈ, કુવૈત, સાઉદી અરબ જેવા દેશોની ઓઈલની નિકાસ આ સ્થળેથી જ કરવામાં આવે છે. બન્ને સમુદ્રી તટની વચ્ચે માત્ર ૩૯ કિમીનું જ અંતર આવેલું છે જેને પગલે અહીંથી ઓઈલ પુરવઠો સપ્લાય કરવો વધુ સરળ માનવામાં આવે છે. વિશ્વનો ત્રીજા ભાગનો કુદરતી ગેસ અને ૨૫ વટા ક્રૂડ ઓઈલ આ સ્થળેથી પસાર થાય છે. આ સ્થળને ગેસ-ઓઈલ વેપાર માટેનું કેન્દ્રબિંદુ માનવામાં આવે છે. તાજેતરમાં અમેરિકા દ્વારા ઈરાન પર બોમ્બમારો કરવામાં આવતા અચાનક જ ઈરાને આ સ્થળને બંધ કરવાનો નિર્ણય લીધો હોવાના અહેવાલો છે. ઈરાનની સંસદ મજલિસમાં આ સ્થળને બંધ કરવાની તરફેણમાં મતદાન કરવામાં આવ્યું હતું. આ જાણકારી ઈરાનના સરકારી મીડિયા પ્રેસટીવી દ્વારા આપવામાં આવી હતી. ઈરાનના સંસદસભ્ય ઈસ્માઈલ કોસવારીએ મીડિયાને આ સ્થળ બંધ કરવાના નિર્ણયની જાણકારી આપી હતી. જોકે અંતિમ નિર્ણય ઈરાનના સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ દ્વારા લેવામાં આવશે. ભારતમાં ક્રૂડ ઓઈલની કુલ માગમાંથી ૮૦ ટકા હિસ્સો આયાત કરવામાં આવે છે. જેમાંથી ૪૦ ટકા હિસ્સો મિડલ ઈસ્ટ દેશો જેમ કે ઈરાક, સાઉદી અરબ, યુએઈ, કુવૈત વગેરેમાંથી આવે છે. આ તમામ દેશો ઈરાન હાલ જે સ્થળને બંધ કરવા જઈ રહ્યું છે ત્યાંથી સપ્લાય થાય છે. જો ઈરાન આ રસ્તો બંધ કરી દે તો આ દેશોમાંથી ભારત આવતા ક્રૂડ ઓઈલ પુરવઠા પર અસર થઈ શકે છે. જોકે ભારત રશિયા પાસેથી પણ મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ ખરીદી રહ્યું છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ કે જળડમરુ પરથી ભારત આવતી કે ભારતથી જતી અનેક શિપ્સ પસાર થાય છે. તેથી સમુદ્રી વેપાર પર પણ આ નિર્ણયની અસર થઈ શકે છે.

### UNSCમાં ચીન-રશિયાની ચોખ્ખી વાત

# 'અમેરિકા ઈતિહાસથી કંઈ પણ ન શીખ્યું, તાકાતથી શાંતિ ન આવે'

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ ની ઈમરજન્સી બેઠકમાં ઈરાનના પરમાણુ સ્થળો પર અમેરિકાના હુમલા પર ગંભીર ચર્ચા જોવા મળી. રશિયા, ચીન અને પાકિસ્તાને ૧૫ સભ્યોની પરિષદમાં એક ડ્રાફ્ટ પ્રસ્તાવ રજૂ કર્યો, જેમાં પશ્ચિમ એશિયામાં તાત્કાલિક અને બિનશરતી યુદ્ધવિરામની માંગ કરવામાં આવી હતી. યુએનના મહાસચિવ એન્ટોનિયો ગ્યુટેરેસે બેઠકની શરૂઆતમાં કહ્યું કે, "અમેરિકા દ્વારા ઈરાનના પરમાણુ સ્થળો પર બોમ્બમારો એક ખતરનાક વળાંક છે. આપણે તાત્કાલિક અને નિર્ણાયક રીતે કાર્ય કરવું પડશે જેથી લડાઈ બંધ થઈ શકે અને ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર ગંભીર વાટાઘાટો ફરી શરૂ થઈ શકે." આ દરમિયાન અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકાએ ઈરાનના મુખ્ય પરમાણુ સ્થળોને "સંપૂર્ણપણે નાશ" કરી દીધા છે. ૧૯૭૯ની ઈરાની ક્રાંતિ પછી ઈસ્લામિક



રિપબ્લિક પર આ સૌથી મોટો પશ્ચિમી સૈન્ય હુમલો મનાય છે. અમેરિકાના આ પગલા પછી, સમગ્ર વિશ્વ હવે ઈરાનના પ્રતિભાવની રાહ જોઈ રહ્યું છે.યુએનમાં રશિયા અને ચીને આ હુમલાની સખત નિંદા કરી છે. ચીનના યુએન રાજદૂત ફુ કોંગે કહ્યું, "બળના ઉપયોગથી પશ્ચિમ એશિયામાં શાંતિ લાવી નહીં શકાય. હાલમાં, વાતચીત અને વાટાઘાટો એ ઉકેલનો સાચો માર્ગ છે. ઈરાની પરમાણુ મુદ્દા પર રાજદ્વારી વિકલ્પો હજુ સુધી ખતમ થયા નથી અને શાંતિનો માર્ગ હજુ પણ ખુલ્લો છે."કાર્યકારી અમેરિકન રાજદૂત ડોરોથી શીએ કહ્યું કે હવે નિર્ણાયક કાર્યવાહીનો સમય છે. તેમણે સુરક્ષા પરિષદને અપીલ કરી કે તે ઈરાનને ઈઝરાયલને મિટાવવાના તેના પ્રયાસો બંધ કરવા અને પરમાણુ શસ્ત્રો મેળવવાના તેના પ્રયાસો બંધ કરવા કહે. તેમણે કહ્યું, "ઈરાને લાંબા સમયથી તેનો પરમાણુ કાર્યક્રમ છુપાવ્યો છે અને તાજેતરની વાટાઘાટોમાં અમારા સારા વિશ્વાસના પ્રયાસોને નકારી કાઢ્યા છે." રશિયાના યુએન રાજદૂત વેસિલી નેબેન્ઝ્યાએ આ હુમલાની સરખામણી ૨૦૦૩ના ઈરાક યુદ્ધ સાથે કરી હતી રશિયાના યુએન રાજદૂત વેસિલી નેબેન્ઝ્યાએ આ હુમલાની સરખામણી ૨૦૦૩ના ઈરાક યુદ્ધ સાથે કરી હતી. તેમણે કહ્યું, "ફરી એક વાર આપણને અમેરિકાની કાલ્પનિક વાર્તાઓ પર વિશ્વાસ કરવાનું કહેવામાં આવી રહ્યું છે, જેના કારણે પશ્ચિમ એશિયાના લાખો લોકો દુઃખી થશે. આ સાબિત કરે છે કે અમેરિકાએ ઈતિહાસમાંથી કંઈ શીખ્યું નથી."

### પાકિસ્તાને નોબેલ શાંતિ પુરસ્કાર માટે ટ્રમ્પના નામની ભલામણ કરી

# હું ગમે તે કરું પણ નોબેલ પુરસ્કાર નહીં મળેઃ પ્રમુખ ટ્રમ્પે વ્યથા ઠાલવી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની વ્યથા ઠાલવતાં જણાવ્યું હતું કે, હું ગમે તે કરું પણ મને નોબેલ શાંતિ પુરસ્કાર નહીં મળે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર અફસોસ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ભારત અને પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ અટકાવવા બદલ અથવા રશિયા-યુક્રેન અને ઈઝરાયેલ-ઈરાન સંઘર્ષને રોકવાના પ્રયાસો છતાં મને નોબેલ શાંતિ પુરસ્કાર નહીં મળે.ટ્રુથ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરની એક પોસ્ટમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે, મેં અને વિદેશ મંત્રી માર્કો રુબિયોએ છેલ્લાં કેટલાંક સમયથી લોહીયાળ યુદ્ધ કરી રહેલાં કોંગો અને રવાન્ડાને સમજૂતી કરવા મનાવી લીધાં છે. બંને દેશોના પ્રતિનિધિઓ સોમવારે આ સમજૂતી પર હસ્તાક્ષર કરવા વોશિંગ્ટન આવશે. તેમણે આળિકા અને સમગ્ર વિશ્વ માટે આ દિવસને મહાન ગણાવ્યો હતો. જોકે આમ છતાં મને મારા આ પ્રયાસો બદલ નોબેલ શાંતિ પુરસ્કાર નહીં મળે. મને તેના માટે નોબેલ નહીં મળે, ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ અટકાવવા બદલ કે સર્બિયા અને કોસોવો વચ્ચેનું યુદ્ધ અટકાવવા બદલ પણ મને નોબેલ



નહીં મળે તેમ તેમણે બળાપો વ્યક્ત કરતાં જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, પહેલગામમાં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓએ કરેલાં અમાનવીય હુમલાને પગલે ભારતે પાકિસ્તાનના આતંકી ઠેકાણાઓ પર હુમલો કરી તેને નષ્ટ કર્યા હતાં. ભારતના વળતાં જવાબને પગલે બંને દેશો વચ્ચે ત્રણ દિવસ સુધી લડાઈ ચાલી હતી. છેવટે ૧૦ મેના રોજ બંને દેશોના સૈન્ય વડાઓએ પારસ્પારિક વાતચીત બાદ શસ્ત્રવિરામની જાહેરાત કરી હતી. ટ્રમ્પ સતત એવું રટણ કરતાં આવ્યાં છે કે, આ યુદ્ધવિરામ મેં કરાવ્યો છે. જોકે ભારતે શરૂઆતથી જ સ્પષ્ટ કહ્યું છે કે, પાકિસ્તાને યુદ્ધવિરામ માટે કરેલી પહેલને પગલે યુદ્ધવિરામ થયો હતો. તેમાં ત્રીજા કોઈ દેશે મધ્યસ્થી કરી નહોતી.




નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયાના ૧૨મા રાષ્ટ્રીય વિદ્યાર્થી દિક્ષાંત સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ હાજર રહ્યા હતા.

# બિહારમાં ચૂંટણી પૂર્વે મતદાર યાદી સુધારણા, ડોર ટુ ડોર વેરિફેકિશન

। (એજન્સી) પટના, તા.૨૩ ।

બિહાર વિધાનસભા ચૂંટણી અગાઉ મતદાર યાદી સુધારણા હેઠળ ચૂંટણી પંચે ડોર ટુ ડોર વેરિફિકેશનની યોજના ઘડી છે. પ્રાપ્ત વિગતો મુજબ નાગરિક સંગઠનો, રાજકીય પક્ષો તથા અન્ય કેટલાક લોકોએ મતદાર યાદીમાં નામ ઉમેરવા તથા કમી કરાવવા બાબતે સવાલો ઉઠાવ્યા હતા. ચૂંટણી પંચ ભાજપને મદદ કરી રહ્યું હોવાના આક્ષેપો પણ થયા હતા, જેને પગલે હવે બિહાર વિધાનસભા પૂર્વ કેન્દ્રીય ચૂંટણી પંચે મતદાર યાદી સુધારણા અને ચકાસણી માટે મહાઝૂંબેશ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.અધિકારીઓના મતે સંપૂર્ણ પ્રક્રિયાનું પાલન કરાતું હોવા છતાં અને નિયમો મુજબ યાદીમાં નામ ઉમેરાતું કે કમી કરાતું હોવા ઉપરાંત ચૂંટણી પંચ સામે ગંભીર આક્ષેપો કરવામાં આવે છે. કોંગ્રેસ સહિતના પક્ષો ભાજપને મદદ કરવા આંકડાઓની હેરાફેરી કરાતી હોવાનો આરોપ લગાવતા હોય છે. મતદાર યાદીમાં સુધારણા સમયે નિયત પ્રોટોકોલનું પાલન કરવામાં આવે છે અને આ સમગ્ર પ્રક્રિયા પારદર્શકતા સાથે તેમજ રાજકીય પક્ષોની સતત દેખરેખ હેઠળ થતી હોય છે.

### પહેલાં કદી ન જોઈ હોય તેવી તબાહી માટે અમેરિકા તૈયાર રહે : ખામેનેઇ

# ઈરાનનાં પરમાણુ સંસ્થાનો પર એરસ્ટ્રાઇક કર્યા પછી સમગ્ર અમેરિકામાં હાઈ-એલર્ટ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

ઈરાનનાં પરમાણુ સંસ્થાનો પર એર-સ્ટ્રાઈક પછી સમગ્ર અમેરિકામાં હાઈ એલર્ટ જાહેર કરાયો છે. દરમિયાન ઈરાનનાં પરમાણુ સંસ્થાનોના નાશ પછી ધૂંધવાઈ ગયેલા ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ અલિ ખામેનીએ ખુલ્લો પડકાર ફેંકતાં જણાવી દીધું છે કે, પૂર્વે કદી ન જોઈ હોય તેવી તબાહી માટે હવે અમેરિકા તૈયાર રહે. આ સાથે ન્યૂયોર્કનાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર ઓસામા બિન લાદેને કરાવેલા સંહારક એરોપ્લેન-હુમલાની યાદ પણ તાજી થઈ ગઈ છે.સંભવ બહુ સ્પષ્ટ છે કે ટ્રમ્પે આ પ્રચંડ હુમલાઓ પૂર્વે દેશની આંતરિક સલામતી વિષે વિચારી જ લીધું હશે.અમેરિકાનાં દરેક શહેરોમાં વિશેષતઃ મોટાં શહેરોમાં નાગરિકોને કોઈ પણ શંકાસ્પદ વસ્તુથી દૂર રહેવા જણાવી દીધું છે. સાથે તેવી પણ સૂચના આપી છે કે કોઈપણ શંકાસ્પદ હીલ-ચાલ જોવા મળે કે કોઈ શંકાસ્પદ વસ્તુ જોવા મળે તો તુર્ત જ પોલીસને જાણ કરવી. વાત બહુ સીધી છે. મધ્યપૂર્વની સ્થિતિ લગભગ વિસ્ફોટક બની રહેતાં સત્તાવાળાઓએ આ ચેતવણી આપી છે,



સાથે અગ્નિ-શામકો અને આપત્તિ કાલીન સહાયકર્મીઓ તેમજ સ્વયં સેવકોને તૈનાત રહેવા જણાવી દેવાયું છે.ન્યૂયોર્ક સીટી પોલીસે જણાવ્યું હતું કે ઈરાનમાં બની રહેલી ઘટનાઓ ઉપર તેઓ સતત નજર રાખી રહ્યાં છે. ન્યૂયોર્કમાં રહેલાં તમામ ધાર્મિક સંસ્થાનો, સાંસ્કૃતિક કેન્દ્રો, શૈક્ષણિક કેન્દ્રો અને રાજદ્વારી કાર્યાલયોની સલામતી માટે સવિશેષ વ્યવસ્થા ગોઠવાઈ રહી છે. મિત્ર દેશોના દૂતાવાસોનાં રક્ષણ માટે પૂરી તકેદારી રાખવામાં આવી રહી છે. કોઈ પણ પ્રકારની ભીતિ માટે અમે સતત જાગૃત છીએ.આ પછી લગભગ તુર્ત જ પાટનગર વૉશિંગ્ટન (ડીસી)નાં પોલીસ તંત્રે એક નિવેદન દ્વારા જણાવ્યું હતું કે, અમે સ્થાનિક, રાજ્યસ્તરની અને સમવાયતંત્રી લૉ-એન્ફોર્સમેન્ટ એજન્સી સાથે માહિતીની આપ-લે કરતા જ રહીએ છીએ. તેમજ જાસૂસી માહિતી પણ મેળવતા રહીએ છીએ. જેથી શહેરીજનો અને વ્યાપાર સંકુલો તેમજ ધાર્મિક સંસ્થાનોનું રક્ષણ કરવા પૂરી વ્યવસ્થા ગોઠવી રહ્યાં છીએ. અત્યારે કોઈ ભીતિ દેખાતી નથી પરંતુ ક્યારે શું થશે તે કહી શકાય તેમ નથી. લોસએન્જલસનાં મેયર કોરન બાસે ૮ ઉપરના પોસ્ટમાં જણાવ્યું હતું કે ઈરાન પર હવાઈ હુમલા થયા પછી શહેરમાં નાગરિકોની સલામતી માટે અમે સતત સતર્ક રહ્યાં છીએ. ભલે તત્કાળ કોઈ ભીતિ દેખાતી ન હોય છતાં પરિસ્થિતિનો તકાદો જ તેવો છે કે જનતાની સલામતી માટે સતત તૈયાર રહેવું જ પડે તેમ છે.દરમિયાન ખામેનીએ કહી દીધું છે કે પહેલાં કદી ન જોઈ હોય તેવી તબાહી માટે અમેરિકા તૈયાર રહે. ઈરાનનાં સ્ટેટ ટેલિવિઝને પણ ટ્રમ્પને ચેતવણી આપતાં કહ્યું છે કે, અમેરિકાએ અમારી આકાશ સીમા ભેદી છે. હવે પશ્ચિમ એશિયામાં રહેલાં દરેક અમેરિકન સૈનિક કે અમેરિકન નાગરિક અમારાં નિશાન પર છે. મિ. પ્રેસિડેન્ટ યુ સ્ટાર્ટેડ ઈટ એન્ડ વી વિલ એન્ડ ઈટ.તેના વળતા જવાબમાં ટ્રમ્પે કહ્યું હતું કે જો વળતો હુમલો કરાશે.

# અમેરિકાએ સમજી-વિચારીને લીધો નિર્ણય, ઈરાન પાસે હજુ પણ વાતચીતનો મોકો

### ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે કહ્યું કે, અમેરિકાએ ઈરાનના પરમાણુ કાર્યક્રમને ખુબ લાંબા સમય માટે પાછળ ધકેલી દીધો છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં અમેરિકાએ પણ ઝંપલાવ્યું છે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, અમેરિકાએ ઈરાનની ત્રણ મોટી પરમાણુ સાઈટ્સ- ફોર્ડો, નતાંજ અને ઈસ્ફહાન - પર સફળતાપૂર્વક હવાઈ હુમલા કર્યા છે. ટ્રમ્પના અનુસાર, ફાઈટર વિમાનોએ ફોર્ડોને મુખ્ય રીતે નિશાન બનાવીને બોમ્બમારો કર્યો અને તમામ વિમાન સુરક્ષિત પરત ફરી ચૂક્યા છે. તેમણે આને અમેરિકન સૈન્ય શક્તિની મિસાલ ગણાવી અને કહ્યું કે, હવે શાંતિનો સમય છે. આ હુમલો એવા સમયે થયો, જ્યારે ઈરાનનો પરમાણુ કાર્યક્રમ ઈઝરાયલની સામે ચિંતાનો વિષય બનેલો છે. આ અમેરિકન હુમલા બાદ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે પહેલી પ્રતિક્રિયા આપી છે. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે ઈરાન પર અમેરિકન હવાઈ હુમલા બાદ પહેલું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, અમેરિકાએ ઈરાનના પરમાણુ કાર્યક્રમને ખુબ લાંબા સમય માટે પાછળ ધકેલી દીધો છે. અને આ કાર્યવાહી અમેરિકાની ગુપ્તચર એજન્સીઓથી મળેલી મજબૂત સૂચનાઓના આધાર પર કરાઈ. ઉપરાષ્ટ્રપતિ વેન્સે જણાવ્યું કે, ઈરાન પર હવાઈ હુમલો કરવાનો અંતિમ નિર્ણય બિલકુલ અંતિમ ક્ષણોમાં લેવાયો. અમેરિકાની આ કાર્યવાહીએ ઈરાનના પરમાણુ કાર્યક્રમને અનેક વર્ષો પાછળ ધકેલી દીધો છે. ટ્રમ્પ વહીવટીતંત્રનો ઈરાનમાં બૂટ્સ ઓન ધ ગ્રાઉન્ડ એટલે જમીની સેના મોકલવાનો કોઈ ઈરાદો નથી. અમેરિકા ઈરાન સાથે લાંબાગાળાના સમાધાન માટે વાતચીત કરવા ઈચ્છે છે, પરંતુ કોઈ પણ સ્થિતિ માટે તૈયાર પણ છે. અમે ઈરાનમાં સત્તા પરિવર્તન નથી ઈચ્છતા. વેન્સે ભરોસો વ્યક્ત કર્યો કે આ સંઘર્ષ લાંબુ નહીં ચાલે અને તેને આગળ વધતુ રોકવામાં આવશે. રાષ્ટ્રપતિ ટ્રમ્પની કાર્યવાહી તેમની બંધારણીય શક્તિઓ અંતર્ગત હતી અને તેને લઈને કોઈ ભ્રમ ન હોવો જોઈએ. ટ્રમ્પે ઈરાન વિરૂદ્ધ સૈન્ય કાર્યવાહી હળવાશથી નથી લીધી. પરંતુ આ પગલું ભવિષ્યમાં ઈરાન સાથેના સંબંધોને ફરી પાટા પર લાવવા અને વાતચીતનો એક નવો મોકો પણ આપી શકે છે. આ ઓપરેશનમાં અમેરિકાએ ઈરાનના પરમાણુ કાર્યક્રમને સંપૂર્ણ રીતે નષ્ટ કરી દીધો છે.

## અમદાવાદ થયેલ પ્લેન ક્રેશની જવાબદારી લેનારની ધરપકડ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

ગુજરાત અને દેશના ૧૧ રાજ્યોને બોમ્બ બ્લાસ્ટની ધમકીના મેઈલ મોકલીને આતંક મચાવનારી એક રહસ્યમય યુવતીની આખરે ધરપકડ કરાઈ છે. ચેન્નઈની રહેવાસી અને રોબોટિક્સની ડિગ્રી ધરાવતી રેની જોસિલ્ડા નામની આ યુવતીએ અમદાવાદ શહેરને કુલ ૨૧ ધમકીભર્યા મેઈલ મોકલ્યા હતા. જોકે, એક નાનકડી ભૂલ અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ તેમજ સાયબર ક્રાઈમની છ મહિનાની સઘન મહેનત બાદ આ યુવતી પોલીસના હાથે ચેન્નઈમાંથી ઝડપાઈ છે. રેની જોસિલ્ડાએ દેશના વિવિધ ૧૧ રાજ્યોમાં શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, અને પબ્લિક સ્ટેડિયમમાં બોમ્બ બ્લાસ્ટની ધમકીઓ ઈમેઈલથી આપી હતી.

આરોપી રેની જોસિલ્ડાએ છેલ્લે મેઈલ સિવિલ હોસ્પિટલને કર્યો હતો, જેમાં તેણે અમદાવાદમાં થયેલા પ્લેન ક્રેશની જવાબદારી લીધી હતી. આ મેઈલ બાદ પોલીસ વધુ સક્રિય બની અને તપાસનો ધમધમાટ તેજ બન્યો. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને અમદાવાદ સાયબર ક્રાઈમની સંયુક્ત ટીમે છ મહિના સુધી દિવસ-રાત એક કરીને આ યુવતીને શોધી કાઢી. પોલીસ તપાસમાં રેની જોસિલ્ડાના આ કૃત્ય પાછળનું ચોંકાવનારું કારણ સામે આવ્યું છે. રેની એક યુવકના એકતરફી પ્રેમમાં પાગલ હતી. તે યુવકે રેની સાથે લગ્ન કરવાની ના પાડી હતી અને બાદમાં અન્ય યુવતી સાથે લગ્ન કરી લીધા હતા. આ યુવક પ્રત્યેની ધિક્કાર અને બદલો લેવાની ભાવનાથી પ્રેરાઈને રેનીએ આ ભયાવહ કાવતરું રચ્યું હતું.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે રેનીએ તેના પ્રેમીને ફસાવવા માટે પાકિસ્તાનનું વેબ આઈડી બનાવ્યું હતું. આ ઉપરાંત, તેણે દિવિશ પ્રભાકર, અંજની કુમાર જેવા અલગ-અલગ નામોથી જીમેઈલ એકાઉન્ટ પણ બનાવ્યા હતા. આ બનાવટી એકાઉન્ટ્સનો ઉપયોગ કરીને તે ધમકીભર્યા મેઈલ મોકલતી હતી. રેનીનો ગુનાહિત ઈતિહાસ આશ્ચર્યજનક છે. વર્ષ ૨૦૨૧-૨૨માં પણ તેણે મિત્રોના વર્ચ્યુઅલ નંબર મેળવીને ફેક ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ એકાઉન્ટ બનાવ્યા હતા. આ એકાઉન્ટ્સ દ્વારા તે મિત્રોને મજાક કરીને પરેશાન કરતી હતી. એટલું જ નહીં, વર્ષ ૨૦૧૯માં પણ તેની સામે ફેક એકાઉન્ટથી લોકોને હેરાન કરવા બદલ અરજી થઈ હતી. રેની જોસિલ્ડાએ માત્ર ગુજરાત જ નહીં, પરંતુ ભારતના ૧૧ જુદા જુદા રાજ્યોમાં પણ ધમકીભર્યા મેઈલ કર્યા હતા. પોતાની ઓળખ છુપાવવા માટે તેણે ડાર્ક વેબ, પ્રોટોન મેઈલ અને ટોર બ્રાઉઝર જેવા અત્યાધુનિક પ્લેટફોર્મનો ઉપયોગ કર્યો હતો. ૧૧ રાજ્યોની પોલીસ તેની પાછળ હતી, પરંતુ આખરે ગુજરાત પોલીસને તેને ઝડપી પાડવામાં સફળતા મળી. રેની એક ટેકનોક્રેટ હોવા છતાં અને પુરાવાઓ ડિલીટ કરવાનો પ્રયાસ કર્યો હોવા છતાં, ગુજરાત પોલીસે તેની સામે ઘણા ઠોસ પુરાવા એકઠા કર્યા છે. ચેન્નઈથી તેની ધરપકડ કરાયા બાદ પોલીસે તેના રિમાન્ડ મેળવ્યા છે.

# વિધાનસભા પેટાચૂંટણી ૨૦૨૫: કડીમાં ભાજપની ઐતિહાસિક જીત, વિસાવદરમાં AAPનો ચમત્કાર!

। (એજન્સી) વિસાવદર, તા.૨૩ ।

વિસાવદરની પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલિયાની જીત થઈ છે.તેમની જીત ભાજપ માટે મોટો ફટકો અને ગુજરાતના રાજકારણમાં મોટી હલચલ મચાવનારી માનવામાં આવી રહી છે. વિસાવદરમાં ગોપાલ ઈટાલિયા, ભાજપના કિરીટ પટેલ અને કોંગ્રેસના નીતિન રાણપરિયા વચ્ચે કાંટાની ટક્કર હતી. મતગણતરીના ૨૧ રાઉન્ડ પછી ગોપાલ ઈટાલિયાએ ભાજપના કિરીટ પટેલને ૧૭,૫૫૪ મતથી પરાજય આપ્યો છે. ઈટાલિયાને ૭૫,૯૪૨ મત મળ્યા હતા, જ્યારે કિરીટ પટેલને ૫૮,૩૮૮ મત મળ્યા હતા. કોંગ્રેસના નીતિન રાણપરિયાને ૫૫૦૧ મત સાથે ત્રીજા નંબરે રહ્યા હતા. જ્યારે કડી બેઠકની પેટાચૂંટણીમાં ફરી ભાજપની જીત થઈ છે. કડીમાં ભાજપના રાજેન્દ્ર ચાવડાનો ભવ્ય વિજય થયો છે. આમ, વિસાવદર અને કડી બંને બેઠકો પર કોંગ્રેસના સૂપડાં સાફ થઈ ગયા છે.

જીત બાદ ગોપાલ ઈટાલિયાએ જનતાનો આભાર માનાત કહ્યું હતું કે, ધારાસભ્ય થવા બાદ કેટલાક નેતાઓ ગુમ થઈ જતા હોય છે, પરંતુ તેઓ રાત્રે ૧૨ વાગ્યે પણ ફોન પર હાજર રહેશે અને સદેહે પણ હાજર રહેશે. તેમણે જણાવ્યું હતું કે, વિસાવદરથી ગુજરાતમાં પરિવર્તનની શરૂઆત થશે.

ગોપાલ ઈટાલિયા તેમના આક્રમક વલણને લઈને હંમેશા ચર્ચામાં રહ્યા છે. તેમના નિવેદનો ઘણી વખત વિવાદ ઊભો કરી ચૂક્યા છે. તેઓ પાટીદાર અનામત આંદોલનના નેતા પણ હતા. ડિસેમ્બર ૨૦૨૦થી જાન્યુઆરી ૨૦૨૩ સુધી તેઓ ગુજરાતમાં આમ આદમી પાર્ટીના કન્વીનર પણ રહી ચૂક્યા છે. ઈટાલિયાના પ્રમુખ તરીકેના કાર્યકાળ દરમિયાન ગુજરાતમાં આમ આદમી પાર્ટીએ ફેબ્રુઆરી ૨૦૨૧માં રાજ્યની સ્થાનિક ચૂંટણીઓમાં ઝંપલાવ્યું હતું અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૨૭ તેમજ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એક બેઠક જીતી હતી. વર્ષ ૨૦૨૨માં તેમને ફરી આપના ગુજરાત પ્રમુખ બનાવાયા હતા.

ગોપાલ ઈટાલિયા ગુજરાત પોલીસમાં કોન્ટેબલ તરીકે નોકરી કરતા હતા. પરંતુ પાટીદાર અનામત આંદોલનમાં સક્રિય થયા બાદ તેમણે નોકરી છોડી દીધી હતી. જુલાઈ ૨૦૨૦માં તેઓ આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. વર્ષ ૨૦૧૭માં ગોપાલ ઈટાલિયા જ્યારે રાજકારણમાં સક્રિયા નહોંતા ત્યારે તેમણે તત્કાલીન ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા પર કથિત ભ્રષ્ટાચારના આરોપ માટે જૂતું ફેંક્યું હતું, જેને લઈને ઘણો વિવાદ થયો હતો. તેમણે ચૂંટણી પંચમાં કરેલી એફિડેવિટ મુજબ, તેમના પર હાલમાં ૨૧ મામલામાં ફ્રૈંઈ થયેલી છે. જેમાં બદનક્ષી, ધાર્મિક લાગણી દુભાવવી, જાહેરનામોનો ભંગ, ફરજમા રુકાવટ, પોલીસ બંદોબસ્ત માટે ઉશ્કેરણી જેવા ઘણા આરોપો લગાવાયા છે. કડીમાં ૨૧ રાઉન્ડના અંતે ભાજપના રાજેન્દ્ર ચાવડા ૩૯,૦૪૭ મતથી આગળ હતા. કડીમાં રાજેન્દ્ર ચાવડાએ એકલા જ ૬૩ ટકા મત ખેંચી ગયા છે. વર્ષ ૨૦૧૫ની શરૂઆતમાં સિટિંગ ધારાસભ્ય કરનસ સોલંકીનું નિધન થતા આ બેઠક ખાલી પડી હતી.

### વર્ષ ૨૦૨૭માં આમ આદમી પાર્ટી ગુજરાતમાં રાજકીય તોફાન લાવશે

દેશમાં વિધાનસભાની પેટાચૂંટણીના પરિણામો આવ્યા છે. આમ આદમી પાર્ટી આમાંથી ૨ બેઠકો પર વિજયથી ખૂબ જ ખુશ છે. આમ આદમી પાર્ટીએ પંજાબમાં લુધિયાણા પશ્ચિમ અને ગુજરાતમાં વિસાવદર બેઠક જીતી છે. આ અંગે, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું કે, પંજાબના લોકોએ AAPના કામ મહોર મારી છે. કેજરીવાલે કહ્યું કે, ગુજરાતમાં શાસક પક્ષ ભાજપ છે. ભાજપ જે રીતે સામ-દામ-દંડ-ભેગનો ઉપયોગ કરીને ચૂંટણી લડે છે, તે ગુજરાતમાં તેમની પાસેથી જીતવું મુશ્કેલ છે. જો લોકોએ તેમને વિસાવદરમાં બમણા માર્જિનથી જીતાડ્યા છે, તો તે દર્શાવે છે કે, લોકોએ કેટલું દુઃખ સહન કર્યું છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે, AAP ગુજરાતમાં લોકો માટે આશાનું કિરણ છે. ૨૦૨૨માં ગુજરાતમાં કોંગ્રેસને ૧૭ અને આપને ૫ બેઠકો મળી હતી. કોંગ્રેસના પાંચ ધારાસભ્યો ભાજપમાં ગયા છે. કોંગ્રેસ આ પાંચેય બેઠકો પર હારી ગઈ હતી, પરંતુ અમારા એક ધારાસભ્ય ભાજપમાં ગયા, પરંતુ અમે ફરીથી ભાજપ પાસેથી તે બેઠક છીનવી લીધી છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે, કોંગ્રેસ હવે ભાજપની કઠપૂતળી બની ગઈ છે. દિલ્હીમાં, અમે જોયું કે, કોંગ્રેસે ભાજપને કેવી રીતે મદદ કરી હતી. કોંગ્રેસે વિસાવદરમાં પણ ભાજપને ટેકો આપ્યો હતો.

# પેટા ચૂંટણીમાં કારમી હાર બાદ શક્તિસિંહ ગોહિલે પ્રદેશ પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું

। એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિમાં આજે એક મોટો રાજકીય ભૂકંપ આવ્યો છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે પોતાના પદેથી રાજીનામું આપી દીધું છે. તેમણે પત્રકાર પરિષદ યોજીને આ જાહેરાત કરી અને જણાવ્યું કે, "પ્રદેશ પ્રમુખ તરીકે મારી આ છેલ્લી પ્રેસ કોન્ફરન્સ છે." તેમણે કડી અને વિસાવદર પેટાચૂંટણીના પરિણામોને "આઘાતજનક" ગણાવ્યા હતા અને પોતાના નેતૃત્વ હેઠળ અપેક્ષિત પરિણામો ન આવતા હોવાની જવાબદારી સ્વીકારીને આ પગલું ભર્યું છે. શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે કોંગ્રેસમાં સંગઠન સુધારણા કાર્યક્રમની શરૂઆત ગુજરાતથી થઈ છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, જિલ્લા કક્ષાએ કાર્યકરોનો અવાજ સાંભળીને જિલ્લા પ્રમુખની નિમણૂક કરવામાં આવી રહી છે, અને જિલ્લા તથા શહેર પ્રમુખની નવી નિમણૂકથી કોંગ્રેસને નવું બળ મળ્યું છે. તેમણે ભાવનગર શહેર અને જિલ્લામાં પણ યોગ્ય અને સક્ષમ ઉમેદવારો હોવાનું જણાવ્યું.

ગોહિલે પોતાના રાજીનામા પાછળનું કારણ સ્પષ્ટ કરતા કહ્યું કે, "મારા નેતૃત્વમાં પરિણામ ન આવી શક્યું, તેથી હું રાજીનામું આપું છું." તેમણે કોંગ્રેસના કાર્યકરોની પ્રશંસા કરતા કહ્યું કે, "અમારા કાર્યકરો ૩૦ વર્ષ સુધી સત્તામાં ન હોવા છતાં લડ્યા છે." આ દર્શાવે છે કે તેઓ સંગઠનની નિષ્ઠાને સન્માન આપે છે, પરંતુ વ્યક્તિગત રીતે નૈતિક જવાબદારી સ્વીકારી રહ્યા છે.

શક્તિસિંહ ગોહિલે રાષ્ટ્રીય અધ્યક્ષને પોતાનું રાજીનામું મોકલી આપ્યું છે. જ્યાં સુધી નવા પ્રદેશ પ્રમુખની નિમણૂક ન થાય ત્યાં સુધી તેમણે આ જવાબદારી શૈલેષ પરમારને સોંપવાની જાહેરાત કરી છે. કોંગ્રેસમાં સંગઠન બદલાવની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, અને આ રાજીનામું તે દિશામાં એક મોટું પગલું છે. હવે કોંગ્રેસ હાઈકમાન્ડ કોને ગુજરાતની કમાન સોંપે છે, તે જોવું રસપ્રદ રહેશે. આ નિર્ણય ગુજરાત કોંગ્રેસ માટે એક નવા અધ્યાયની શરૂઆત સમાન છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ પદેથી રાજીનામું આપ્યા બાદ, શક્તિસિંહ ગોહિલે આજે સ્પષ્ટતા કરી કે તેમનું આ પગલું વ્યક્તિગત જવાબદારી સ્વીકારવાનું પરિણામ છે, અને તેઓ કોઈને મનાવવામાં આવે તેવી પરિસ્થિતિ ઊભી કરવા માંગતા નહોતા. તેમણે જણાવ્યું કે, "હું નહોતો ઈચ્છતો કે રાજીનામું આપું અને મને મનાવવામાં આવે. મેં મારી જવાબદારી સ્વીકારી રાજીનામું આપ્યું છે. કોંગ્રેસમાં મોરલ રિસ્પોન્સિબિલિટી (નૈતિક જવાબદારી) ની પરંપરા રહી છે."

ગોહિલે જિલ્લા અને શહેર પ્રમુખોની નિયુક્તિ અંગે વાત કરતા કહ્યું કે, જિલ્લા કક્ષાએ તમામ કાર્યકરોની વાત સાંભળવામાં આવી હતી. AICC (ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી) એ તમામ સારા ઉમેદવારોને સાંભળ્યા, જે બાદ જિલ્લા પ્રમુખોના નામ પર મહોર મારવામાં આવી હતી. તેમણે દાવો કર્યો કે, "ગુજરાતના કાર્યકરોને નવું બળ અને જોશ મળ્યા છે." તેમણે સ્વીકાર્યું કે, "પક્ષ કે પરિવારમાં નિર્ણયો સમયે અમુક લોકોને સમસ્યા હોઈ શકે છે," પરંતુ ભારપૂર્વક કહ્યું કે, "શક્તિસિંહ ગોહિલને અનુરૂપ હોય એવા જિલ્લા પ્રમુખો નહીં પણ પાર્ટીને અનુરૂપ હોય એવા પ્રમુખો આવ્યા છે."

ભાવનગરમાં પણ જે નામો આવ્યા તે કાર્યકરોની સર્વસંમતિથી જ આવ્યા હોવાનું તેમણે જણાવ્યું. ગોહિલે કડી અને વિસાવદર પેટાચૂંટણીના પરિણામોને "આઘાતજનક" ગણાવ્યા હતા. તેમણે ઉમેર્યું કે, "બેમાંથી એક સીટ પણ મળી હોત તો પણ સારું લાગત." આ પરિણામોની નિષ્ફળતાની જવાબદારી સ્વીકારીને તેમણે રાજીનામું આપ્યું. તેમણે પૂર્વ અને નવા નિમાયેલા જિલ્લા પ્રમુખોને શુભેચ્છાઓ પાઠવી હતી. ભવિષ્યની રણનીતિ અંગે તેમણે જણાવ્યું કે, "ત્રણ મહિને જિલ્લા પ્રમુખોની કામગીરીની સમીક્ષા કરવામાં આવશે. જે બાદ કાર્યકરોને ફરી પૂછવામાં આવશે." શક્તિસિંહ ગોહિલે સ્પષ્ટ કર્યું કે તેઓ કોંગ્રેસના એક સામાન્ય સિપાહી તરીકે હંમેશા કામ કરતા રહેશે.

# વડાલીમાં ૨૪ કલાકમાં ૧૨ ઈંચ વરસાદથી જળબંબાકાર

## ઉત્તર ગુજરાતમાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી હતી

। (એજન્સી) સાબરકાંઠા, તા.૨૩ ।

ગુજરાતમાં છેલ્લાં ઘણાં દિવસથી મેઘરાજાની બેટિંગ શરૂ છે. એવામાં શનિવારે (૨૧ જૂન) રાજ્યના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદ જોવા મળ્યો હતો. જેમાં ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો. હવામાંન વિભાગના આંકડા અનુસાર, શનિવારે ૨૪ કલાકની અંદર સાબરકાંઠામાં સાડા બાર ઈંચ વરસાદ નોંધાયો હતો. જેના કારણે જિલ્લામાં વિવિધ જગ્યાએ જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી.

હવામાન વિભાગે છેલ્લાં ૨૪ કલાકના વરસાદના ડેટા જાહેર કર્યા છે. જે અનુસાર, ઉત્તર ગુજરાતમાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી હતી. ઉત્તર ગુજરાતના સાબરકાંઠાના વડાલી તાલુકામાં ૨૪ કલાકમાં ૧૨.૨ ઈંચ વરસાદ નોંધાયો હતો.

આ સિવાય સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકામાં પણ ૧૦.૩ ઈંચ વરસાદ નોંધાયો હતો. ઈડરમાં ૪.૯ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ સાબરકાંઠાના અન્ય વિસ્તારોમાં લગભગ ૧ ઈંચની આસપાસ વરસાદ નોંધાયો હતો.

નોંધનીય છે કે, ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૨૦ ટકા તેમજ પૂર્વ મધ્યમાં ૧૬ ટકા જેટલો વરસાદ નોંધાયો હતો. હવામાનના આંકડા અનુસાર, ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ ખાબક્યો હોત તે વિસ્તારમાં ઉત્તર ગુજરાત જ મોખરે છે. જેમાં સાબરકાંઠામાં ૧૨.૨ ઈંચ, બનાસકાંઠામાં ૧૦.૩ ઈંચ, અરવલ્લીમાં ૪.૬ ઈંચ વરસાદ નોંધાયો હતો.

આ સિવાય દક્ષિણ ગુજરાતના સુરતમાં પણ ૩.૩ ઈંચ વરસાદ નોંધાયો હતો. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પણ ૧.૩ ઈંચ વરસાદ નોંધાયો હતો. અમદાવાદમાં પણ ૧ ઈંચની આસપાસ વરસાદ નોંધાયો હતો. વડોદરામાં પણ ૧.૧ ઈંચ વરસાદ નોંધાયો હતો.

# પ્લેન ક્રેશમાં મૃત્યુ પામેલા દંપતીની અંતિમ યાત્રામાં હજારો લોકો જોડાયા

## અમદાવાદ પ્લેન ક્રેશમાં બનાસકાંઠાના ધાનેરા તાલુકાના થાવર ગામના દંપતીનું પણ મોત નીપજ્યું હતું

। (એજન્સી) ધાનેરા, તા.૨૩ ।

અમદાવાદથી લંડન જઈ રહેલ એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થતા ધાનેરા તાલુકાના થાવર ગામના દંપતીનું મૃત્યુ નીપજ્યું હતું. જેમાંથી કમલેશભાઈ ચૌધરીનો ડીએનએ મેચ થયા બાદ ગઈકાલે તેમના ધર્મપત્ની ધાપુબેનનો ડીએનએ મેચ થયો અને દંપતીના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

આજે સવારે થાવર ગામે બંને પતિ-પત્નીના મૃતદેહને પરિવાર અને ગ્રામજનો દ્વારા અંતિમ દર્શન કરીને અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા હતા. સવારથી જ વરસતા વરસાદમાં ગ્રામજનો દ્વારા બંને પતિ-પત્નીના પાર્થિવ દેહને થાવર ખાતે અગ્નિ સંસ્કાર કરવામાં આવતા સમગ્ર ગામમાં ભારે શોક પ્રસર્યો હતો. દંપતીની અંતિમયાત્રામાં ધાનેરાના ધારાસભ્ય માવજીભાઈ દેસાઈ સહિતના રાજકીય આગેવાનો સાથે વહીવટી તંત્રના પ્રાંત અધિકારી સહિત ગ્રામજનો જોડાયા હતા અને બંને પતિ-પત્નીને અંતિમ વિદાય આપવામાં આવી હતી.

કમલેશભાઈ ચૌધરી લંડન ખાતે અભ્યાસ સાથે કાપડનો વ્યવસાય કરતા હોઈ પોતાના લગ્ન બાદ હવે પ્રથમ વખત તેમના પત્ની ધાપુબેન ચૌધરીને સાથે લઈ ધાનેરાથી લંડન જઈ રહ્યા હતા ત્યારે અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ અમદાવાદ ખાતે ક્રેશ થતા બંને પતિ-પત્નીના મૃત્યુ નીપજ્યા હતા.

ઉલ્લેખનીય છે કે દંપતીના ડીએનએ મેચ તથા તેમના મૃતદેહને અમદાવાદથી થાવર ગામ ખાતે વહીવટી તંત્રની ગાડીઓના સ્કોટ સાથે લાવવામાં આવ્યા હતા. જ્યાં તેમના પરિવારજનોએ કમલેશભાઈ અને તેમના પત્ની ધાપુબેનના મૃતદેહના અંતિમ દર્શન કર્યા હતા.

## કેટલીક ટ્રેનોના સ્ટોપેજ અમદાવાદને બદલે સાબરમતી સ્ટેશન પર થશે

# અમદાવાદ રેલવે સ્ટેશનથી ચાલનારી કેટલીક ટ્રેનોના ટર્મિનલ સ્ટેશનમાં ફેરફાર

। અમદાવાદ, તા.૨૩ ।

અમદાવાદ સ્ટેશનનો કાયાકલ્પ કરવામાં આવી રહ્યો છે અને તેને વિશ્વકક્ષાના સ્ટેશન રૂપે પુનઃવિકસિત કરવામાં આવી રહ્યું છે. રિડેવલપમેન્ટ કામ હેઠળ અમદાવાદ સ્ટેશન પર RLDA દ્વારા પ્લેટફોર્મ નં. ૮-૯ પર રેલવે ઓવર બ્રિજ અને કોનકોર્સના બાંધકામના સંબંધમાં પાઈલિંગ કામ માટે ૦૫ જુલાઈ થી ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૫ (૭૦ દિવસ) સુધી બ્લોક લેવામાં આવશે. તે અનુસાર અમદાવાદ રેલવે સ્ટેશનથી ઉપડનારી/આવનારી કેટલીક ટ્રેનોના ટર્મિનલને અસારવા, મણીનગર અને વટવા માં હંગામી ધોરણે સ્થળાંતરિત (Shift) કરવામાં આવી રહ્યા છે.

ટર્મિનલો માં આ ફેરફાર સંચાલનમાં ફ્લેક્સિબિલિટીની જોગવાઈ કરાવશે, અમદાવાદ સ્ટેશન પર યાત્રીઓની ભીડને ઓછી કરશે, યાત્રી સેવાઓને વધારવા અને અપગ્રેડ કરવામાં મદદ કરશે અને અમદાવાદ શહેર વિસ્તારમાં માળખાગત પરિયોજનાઓના ઝડપી અમલીકરણને સક્ષમ બનાવશે.

અમદાવાદ-એમજીઆર ચેન્નાઈ સેન્ટ્રલ નવજીવન એક્સપ્રેસના ટર્મિનલને અસારવામાં સ્થળાંતરિત કરવામાં આવ્યું છે. જ્યારે ૨ જોડી ટ્રેનોના ટર્મિનલને મણીનગર/વટવામાં સ્થળાંતરિત કરવામાં આવ્યા છે તથા કેટલીક ટ્રેનોના સ્ટોપેજ અમદાવાદ (કાલુપુર) સ્ટેશનને બદલે સાબરમતી સ્ટેશન પર આપવામાં આવ્યા છે. તે મુજબ આ ટ્રેનોના સમયમાં પણ ફેરફાર કરવામાં આવશે.

પ્રભાવિત ટ્રેનો અને બદલાયેલા સમયની વિગતો આ મુજબ છે :

અમદાવાદથી અસારવા સ્થળાંતરિત કરવામાં આવેલી ટ્રેન

● ટ્રેન નંબર ૧૨૬૫૫ અમદાવાદ-એમજીઆર ચેન્નાઈ સેન્ટ્રલ નવજીવન એક્સપ્રેસને ૦૫ જુલાઈ, ૨૦૨૫ થી અમદાવાદથી અસારવા સ્થાળાંતરિત કરવામાં આવશે અને આ ટ્રેન અસારવા સ્ટેશનથી ૨૧.૦૫ કલાકે ઉપડશે. આ રીતે, ટ્રેન નંબર ૧૨૬૫૬ એમજીઆર ચેન્નાઈ સેન્ટ્રલ-અમદાવાદ નવજીવન એક્સપ્રેસ અમદાવાદને બદલે અસારવા સ્ટેશન પર ૧૮.૨૦ કલાકે પહોંચશે.

અમદાવાદથી મણીનગર/વટવા સ્થળાંતરિત કરવામાં આવેલી ટ્રેનો

● ટ્રેન નંબર ૧૨૯૩૨ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ એસી ડબલ ડેકર એક્સપ્રેસને ૦૭ જુલાઈ, ૨૦૨૫ થી મણીનગર સ્થળાંતરિત કરવામાં આવશે અને આ ટ્રેન મણીનગર સ્ટેશનથી સવારે ૦૫.૫૦ કલાકે ઉપડશે. આ જ રીતે, ટ્રેન નંબર ૧૨૯૩૧ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ એસી ડબલ ડેકર એક્સપ્રેસ ૦૫ જુલાઈ, ૨૦૨૫ થી વટવા સ્ટેશન પર ૨૧.૨૦ કલાકે પહોંચશે તથા અમદાવાદ સ્ટેશન પર નહીં જાય.

● ટ્રેન નંબર ૧૯૦૩૪ અમદાવાદ-વલસાડ ગુજરાત ક્વીન એક્સપ્રેસનું ટર્મિનલ ૦૫ જુલાઈ, ૨૦૨૫ થી મણીનગર સ્થળાંતરિત કરવામાં આવશે અને આ ટ્રેન મણીનગર સ્ટેશનથી ૧૮.૨૦ કલાકે ઉપડશે.

● ટ્રેન નંબર ૨૨૯૫૩ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસ ૦૫ જુલાઈ, ૨૦૨૫ થી વટવા સ્ટેશન પર ૧૪.૨૦ કલાકે પહોંચશે તથા અમદાવાદ સ્ટેશન પર નહીં જાય.

નીચે જણાવેલી ટ્રેનોનું સ્ટોપેજ અમદાવાદ સ્ટેશન પર નહીં થાય તથા સાબરમતી સ્ટેશનના આગમન-પ્રસ્થાનના સમયમાં આંશિક ફેરફાર કરવામાં આવ્યા છે :

બદલાયેલા સમય સાથે સાબરમતી સ્ટેશન પર સ્ટોપેજ લેનારી ટ્રેનો

● ટ્રેન નંબર ૨૦૪૯૫ જોધપુર-હડપસર એક્સપ્રેસનું ૫ જુલાઈ ૨૦૨૫ થી સાબરમતી સ્ટેશન પર ૦૫.૨૦ કલાકે આગમન થશે તથા ૦૫.૩૦ કલાકે પ્રસ્થાન કરશે. આ જ રીતે ટ્રેન નંબર ૨૦૪૯૬ હડપસર-જોધપુર એક્સપ્રેસનું ૫ જુલાઈ ૨૦૨૫ થી સાબરમતી સ્ટેશન પર ૦૭.૨૦ કલાકે આગમન થશે તથા ૦૭.૩૦ કલાકે પ્રસ્થાન કરશે.

● ટ્રેન નંબર ૧૪૭૦૧ શ્રી ગંગાનગર-બાન્દ્રા ટર્મિનલ અરાવલી એક્સપ્રેસનું ૪ જુલાઈ ૨૦૨૫ થી સાબરમતી સ્ટેશન પર ૨૦.૪૯ કલાકે આગમન થશે તથા ૨૦.૫૯ કલાકે પ્રસ્થાન કરશે. આ જ રીતે ટ્રેન નંબર ૧૪૭૦૨ બાન્દ્રા ટર્મિનસ-શ્રી ગંગાનગર અરાવલી એક્સપ્રેસનું ૫ જુલાઈ ૨૦૨૫ થી સાબરમતી સ્ટેશન પર ૦૪.૪૭ કલાકે આગમન થશે તથા ૦૪.૫૭ કલાકે પ્રસ્થાન કરશે.

● ટ્રેન નંબર ૧૨૪૭૯ જોધપુર-બાન્દ્રા ટર્મિનસ સૂર્યનગરી એક્સપ્રેસનું ૫ જુલાઈ ૨૦૨૫ થી સાબરમતી સ્ટેશન પર ૦૩.૦૦ કલાકે આગમન થશે તથા ૦૩.૧૦ કલાકે પ્રસ્થાન કરશે.

● ટ્રેન નંબર ૨૨૪૫૨ ચંદીગઢ-બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસનું ૬ જુલાઈ ૨૦૨૫ થી સાબરમતી સ્ટેશન પર ૦૦.૦૧ કલાકે આગમન થશે તથા ૦૦.૧૦ કલાકે પ્રસ્થાન કરશે.

● ટ્રેન નંબર ૨૨૭૩૮ હિસાર-સિકંદરાબાદ એક્સપ્રેસનું ૬ જુલાઈ ૨૦૨૫ થી સાબરમતી સ્ટેશન પર ૦૭.૧૦ કલાકે આગમન થશે તથા ૦૭.૨૦ કલાકે પ્રસ્થાન કરશે.

● ટ્રેન નંબર ૨૨૬૬૪ જોધપુર-ચેન્નાઈ એગ્મોર એક્સપ્રેસનું ૮ જુલાઈ ૨૦૨૫ થી સાબરમતી સ્ટેશન પર ૦૭.૧૦ કલાકે આગમન થશે તથા ૦૭.૨૦ કલાકે પ્રસ્થાન કરશે.

● ટ્રેન નંબર ૨૨૯૧૬ હિસાર-બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસનું ૮ જુલાઈ ૨૦૨૫ થી સાબરમતી સ્ટેશન પર ૦૭.૧૦ કલાકે આગમન થશે તથા ૦૭.૨૦ કલાકે પ્રસ્થાન કરશે.

● ટ્રેન નંબર ૧૨૯૯૮ બાડમેર-બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસનું ૧૦ જુલાઈ ૨૦૨૫ થી સાબરમતી સ્ટેશન પર ૦૭.૧૦ કલાકે આગમન થશે તથા ૦૭.૨૦ કલાકે પ્રસ્થાન કરશે.

● ટ્રેન નંબર ૨૨૭૨૪ શ્રી ગંગાનગર-હુજુર સાહેબ નાંદેડ એક્સપ્રેસનું ૫ જુલાઈ ૨૦૨૫ થી સાબરમતી સ્ટેશન પર ૦૭.૧૦ કલાકે આગમન થશે તથા ૦૭.૨૦ કલાકે પ્રસ્થાન કરશે.

● ટ્રેન નંબર ૧૪૭૦૭ લાલગઢ-દાદર એક્સપ્રેસનું ૫ જુલાઈ ૨૦૨૫ થી સાબરમતી સ્ટેશન પર ૨૧.૫૦ કલાકે આગમન થશે તથા ૨૨.૦૦ કલાકે પ્રસ્થાન કરશે.

● ટ્રેન નંબર ૧૨૯૬૬ ભુજ-બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસનું ૧૧ જુલાઈ ૨૦૨૫ થી સાબરમતી સ્ટેશન પર ૦૨.૧૦ કલાકે આગમન થશે તથા ૦૨.૨૦ કલાકે પ્રસ્થાન કરશે.

● ટ્રેન નંબર ૧૨૯૬૦ ભુજ-બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસનું ૭ જુલાઈ ૨૦૨૫ થી સાબરમતી સ્ટેશન પર ૦૨.૧૦ કલાકે આગમન થશે તથા ૦૨.૨૦ કલાકે પ્રસ્થાન કરશે.

● ટ્રેન નંબર ૨૨૯૬૬ ભગત કી કોઠી-બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસનું ૫ જુલાઈ ૨૦૨૫ થી સાબરમતી સ્ટેશન પર ૦૨.૧૦ કલાકે આગમન થશે તથા ૦૨.૨૦ કલાકે પ્રસ્થાન કરશે.

● ટ્રેન નંબર ૨૦૮૨૪ અજમેર-પુરી એક્સપ્રેસનું ૮ જુલાઈ ૨૦૨૫ થી સાબરમતી સ્ટેશન પર ૦૨.૧૦ કલાકે આગમન થશે તથા ૦૨.૨૦ કલાકે પ્રસ્થાન કરશે.

● ટ્રેન નંબર ૨૨૯૯૨ ભગત કી કોઠી-વલસાડ એક્સપ્રેસનું ૯ જુલાઈ ૨૦૨૫ થી સાબરમતી સ્ટેશન પર ૦૨.૧૦ કલાકે આગમન થશે તથા ૦૨.૨૦ કલાકે પ્રસ્થાન કરશે.

● ટ્રેન નંબર ૨૦૯૪૩ બાન્દ્રા ટર્મિનસ-ભગત કી કોઠી એક્સપ્રેસનું ૧૦ જુલાઈ ૨૦૨૫ થી સાબરમતી સ્ટેશન પર ૦૫.૨૫ કલાકે આગમન થશે તથા ૦૫.૩૫ કલાકે પ્રસ્થાન કરશે.

● ટ્રેન નંબર ૧૯૦૧૬ પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસનું ૫ જુલાઈ ૨૦૨૫ થી સાબરમતી (જેલ સાઈડ) સ્ટેશન પર ૦૬.૪૮ કલાકે આગમન થશે તથા ૦૬.૫૮ કલાકે પ્રસ્થાન કરશે.

યાત્રીઓને જણાવવામાં આવે છે કે ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.